Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૬૦
તા.૦૬-૦૪-૨૦૧૮, શુક્રવાર
સંવત ૨૦૭૪ ચૈત્ર વદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૯ સૂર્યાસ્ત : ૦૬:૫૬

તાપમાન: ડીસા ૩૭.૯, અમદાવાદ ૩૮.૬, ગાંધીનગર ૩૬.૫, વડોદરા ૩૯.૨, સુરત ૩૭.૮, નલિયા ૩૪.૧

ચાંદી : ૩૯,૪૦૦ સોનું : ૩૧,૪૫૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# કાળિયાર કેસ : સલમાન દોષીત, ૫ વર્ષની જેલ

## ૧૯૯૮ના શિકાર કેસમાં બોલિવુડના સુપરસ્ટારને સજા : કેસમાં સેફ અલી ખાન, તબ્બુ, સોનાલી બેન્દ્રે, નીલમે નિર્દોષ જાહેર કરવામાં આવ્યા : સલમાનને સીધા જ જેલ લઇ જવાયો : આજે જામીન ઉપર સુનાવણી



જોધપુર

ભારે સનસનાટીપૂર્ણ અને ચર્ચા જગાવી ચુકેલા વર્ષ ૧૯૯૮ના કાળિયાર શિકાર કેસમાં જોધપુરની કોર્ટે આજે તેનો ચુકાદો આપી દીધો હતો. કોર્ટે આ કેસમાં બોલીવુડના દબંગ સ્ટાર સલમાન ખાનને દોષિત જાહેર કર્યો હતો અને પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. આ ઉપરાંત તેના ઉપર ૧૦૦૦૦ રૂપિયાનો દંડ પણ લાગૂ કર્યો હતો. સજાની અવધિ ત્રણ વર્ષથી વધુ હોવાથી સલમાનને માત્ર સેશન કોર્ટ પાસેથી જ જામીન મળી શકે છે અને સેશન કોર્ટમાં સલમાનના જામીન ઉપર આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવશે. આવી સ્થિતિમાં સલમાન ખાનને આજે એટલે ગુરુવારના દિવસે રાત્રિ જોધપુરની જેલમાં જ ગાળવી પડશે. સજા વધારે હોવાથી ચુકાદો આવ્યા બાદ સલમાનને તરત જ કસ્ટડીમાં લઈને જેલમાં લઇ જવામાં આવ્યો હતો. સીઆરપીસીમાં નિયમ છે કે, સજાની અવધિ ત્રણ વર્ષથી વધારે હોવાની સ્થિતિમાં સેશન કોર્ટમાં જ જામીન મળી શકે છે. વકીલોએ તરત જ સેશન કોર્ટમાં રજૂઆત કરી દીધી હતી. આમા તેમને અરજીમાં ચુકાદાની નકલ પણ લગાવવાની જરૂર રહેશે. કારણ કે, જામીનની અરજીમાં ચુકાદાની કોપી મુકવાની બાબત ફરજિયાત હોય છે. કોર્ટનો ચુકાદો સવારે સવા અગિયાર વાગે આવ્યો હતો પરંતુ સજાની જાહેરાત આશરે ત્રણ કલાક બાદ એટલે કે બપોરે અઢી વાગે કરવામાં આવી હતી. જો સલમાનને સજા ઓછી થઇ હોત તો આ કોર્ટમાંથી જ જામીન મળી ચુક્યા હોત.

પ્રભારી મંત્રી...એક નજર ઈધર ભી

## વિવાદોની પર્યાય બનેલી ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા

### શાસક પક્ષના નગરસેવકોમાં જ નારાજગી : પાલિકાની ઘુમિલ છબિ પક્ષ માટે નુકસાનકર્તા

પાલનપુર

વિવાદોના પર્યાય બનેલી ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના ગેરરિતીયુક્ત અને અણઘડ વહીવટને પગલે ભાજપની છબિ ઘુમિલ થઇ રહી હોવાની રાવ ઉઠી છે. ત્યારે આજે બનાસકાંઠાની મુલાકાતે આવનારા પ્રભારી મંત્રી પાલિકાના શાસકોનો કાન આમળી પાલિકાના વહીવટને લોકાભિમુખ બનાવે તેવી લોક લાગણી પ્રવર્તી રહી છે. ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના રાજમાં કૌભાંડોની હારમાળા સર્જાઈ રહી છે. વિકાસના નામે માત્ર રોડ બનાવી કટકી કમિશનમાં અટવાયેલા પાલિકાના શાસકો આત્મસંતોષ માની રહ્યા છે.

અનુસંધાન પાના નં.૬

### સંગઠને પણ હાથ કર્યા અધ્ધર

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા સામે ખુદ ભાજપી નગર સેવકોમાં જ છૂપો અસંતોષ પ્રવર્તી રહ્યો છે. સમયાંતરે ખુદ શાસક પક્ષના નગરસેવકોએ જ બાંયો ચડાવી વિકાસના કામો સહિત લોકોના કામો માટે ઉપવાસ પર બેસવાની ધમકી આપવી પડી છે. કારોબારી ચેરમેન, સ્ટ્રીટ લાઈટ ચેરમેન સહિતના નગરસેવકો લેખિત રજુઆત કરી પાલિકાના વહીવટ સામે અસંતોષ વ્યકત કરી ચુક્યા છે. તો વળી ખુદ ભાજપનું શહેર સંગઠન પણ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવા છતાં પરિણામ ન મળતા પાલિકાના વહીવટ થી કંટાળી હાથ અધ્ધર કરી દીધા હોઈ હાલમાં નિરકુંશ રીતે ચાલતા વહીવટને પગલે લોકસભાની ચૂંટણીમાં ભાજપને ભારે નુકસાન થાય તેવી દહેશત ખુદ ભાજપ સંગઠન સહિત કાર્યકરો વ્યકત કરી રહ્યા છે.

### વિચાર વૈભવ...

**સફળતા માટે દોડો- ઉડો**

સંસ્કૃતમાં આપણે સંભાળ્યું છે કે સૂતેલા સિંહના મુખમાં તેના ખોરાકરૂપી પ્રાણીઓ સામે ચાલીને પ્રવેશ કરતા નથી. સિંહનું શરીર વજનદાર હોય છે. અને હરણ તો સાવ હળવું હોય છે, છતાં સિંહ જ્યારે ફાળ ભરવાનું શરૂ કરે છે ત્યારે હરણ જેટલી જ ઝડપ હાંસલ કરી લે છે અને જોતજોતામાં એ જાદુઈ ગતિવાળા અને છલાંગો ભરતા હરણને પોતાના પંજામાં, સકંજામાં લઈ સફળતા પ્રાપ્ત કરે છે. આવી સફળતા માટે સિંહના શરીરમાં યોગ્યતા નથી. હરણના ચરણમાં તો કુદરતે જાદુ મુકયો છે. એની સામે સિંહના પગ દોડવા માટે બન્યા જ નથી, છતાં સિંહ જાણે કે હમણાં જ ઉડશે એવી છટાથી પોતાની સર્વશક્તિથી શિકારનો પીછો કરે છે. જિંદગીમાં સફળતા માટે આવી જ તાલાવેલી, આવી જ ધૂન, ઝનૂન અને તીવ્ર ખ્વાહિશ હોય તો લક્ષ્ય ભલે ને સતત આગળ સરકતું હોય, સફળતા તમારા પંજામાં આવ્યે જ છૂટકો. સિંહ જેવી દોટ અને લગન અશકય લાગતી સફળતા પણ ઝડપથી લાવી આપે છે.

- ગિજુભાઈ ભરાડ

### સાર સમાચાર...

**પાલનપુર, ડીસા, છાપી માં ફૂડ એન્ડ ડ્રગ વિભાગ ના દરોડા**

પ્રતિનિધિ છાપી,પાલનપુર

પાલનપુર ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા ગુરુવારે પાલનપુર, ડીસા તેમજ છાપી ખાતે આવેલી પાંચ ખાનગી ડેરી ઓ ઉપર ઓચિંતા દરોડા પાડી દૂધ ના નમૂના લઈ પરીક્ષણ માટે મોકલી આપવા તજવીજ હાથ ધરતા ડેરી ઉદ્યોગ સાથે સનકળાયેલ વ્યવસાય કરો માં ખળભળાટ મચી ગયો હતો.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ પાલનપુર ફૂડ એન્ડ દ્રગ વિભાગ ના ફૂડ ઈન્સ્પેકટર પી.એચ.પટેલ અને ડી બી .પ્રજાપતિ એ ગુરુવારે પાલનપુર ના બેચરપૂરા માં આવેલી ઉમતીયા ડેરી ફાર્મ ,વિકાસ તબેલો તેમજ સ્ત્યમ મિલ્ક પેલેસ ડીસા, આશાપુરા ડેરી ડીસા અને અરવા ડેરી છાપી ઉપર ઓચિંતા દરોડા પાડી ભેંસ ના દૂધ ના નમૂના લઈ પરીક્ષણ માટે મોકલી આપવા ની તજવીજ હાથ ધરી હતી ઉનાળા ની શરૂઆત માજ જિલ્લા નું ફૂડ વિભાગ એક્સન માં આવી કાર્યવાહી કરતા ભેળસેલિયા તત્વો માં ફફડાટ વ્યાપી ગયો હતો ફૂડ વિભાગ ની કાર્યવાહી ને લઈ અનેક વેપારી ઓ પોતાના ધન્ધા ના એકમો બન્ધ કરી રફુચક્કર થઈ ગયા હતા.

**હોબાળાના પરિણામે બજેટ સત્રમાં ખુબ ઓછુ કામ થયુ**

નવી દિલ્હી

વર્ષ ૨૦૧૮નુ બજેટ સત્ર સંપૂર્ણ પણે ધાંધલ ધમાલના કારણે કામ વગર પૂર્ણ થયુ છે. બજેટ સત્રના બીજા તબક્કામાં પણ કોઈ વધારે કામ થયુ ન હતુ. બીજો તબક્કો શુક્રવારના દિવસે પૂર્ણ થઈ રહ્યો છે. આવી સ્થિતીમાં આ બજેટ સત્ર વર્ષ ૨૦૦૦ બાદથી સૌથી ઓછુ બજેટ સત્ર તરીકે રહેશે. વર્ષ ૨૦૦૦ બાદથી સૌથી ઓછુ કામ આ સત્ર દરમિયાન થયુ છે.

ફૂડ એન્ડ ડ્રગ્સના દરોડા

## બનાસકાંઠામાં ખાનગી દૂધની ડેરીઓમાંથી સેમ્પલ લેવાયા

### દૂધમાં મિલાવટ થતી હોવાની વ્યાપક ફરિયાદો બાદ તંત્ર જાગ્યુ

પાલનપુર

રાજ્યભરમાં ખાનગી દૂધ ડેરીઓ દ્વારા વેચાણ થતા દૂધમાં મિલાવટ કરવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. ત્યારે કુંભકર્ણ ની ગાઢ નિદ્રામાં પોઢેલા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગએ સફાળા જાગી રાજ્ય વ્યાપી દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ પાલનપુર સહિત ના સ્થળોએ ઓચિંતી તપાસ હાથ ધરી દૂધના સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ કાર્યવાહીના પગલે વેપારીઓમાં ભારે ફફડાટ પ્રસરી ગયો હતો.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ખાનગી દૂધની ડેરીઓ કાર્યરત છે. જેઓ પશુપાલકો પાસેથી ઉંચા ભાવે દૂધની ખરીદી કરી તેમાં પાણી સહિતની મિલાવટ કરી વેચાણ કરતા હોવાની બુમરાડ ઉઠવા પામી હતી. દરમિયાન ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ગુરૂવારે રાજ્યવ્યાપી દરોડાની કાર્યવાહી અંતર્ગત બનાસ કાંઠામાં પણ આવી ખાનગી દૂધ ડેરીઓમાં ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ અંગે બનાસકાંઠા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી ડી. બી. પ્રજાપતિ અને પી. એસ. પટેલે જણાવ્યું હતુ કે,

અનુસંધાન પાના નં.૬

## ડીસા કોર્ટમાં ધારાસભ્ય અલ્પેશ ઠાકોરને હાજર રહેવા સમન્સ..

### ડીસાના આસેડા ગામે ચૂંટણી સભામાં બેફામ આક્ષેપો કરતા ડીસા કોર્ટમાં જિલ્લા પોલીસ વડાએ ફરિયાદ કરી હતી



ડીસા

હાલમાં જ બનાસકાંઠા જિલ્લામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ડીસા તાલુકાના આસેડા ગામમાં પ્રચાર કરવા આવેલા રાધનપુરના ધારાસભ્ય અને ઠાકોર નેતા અલ્પેશ ઠાકોરે બનાસકાંઠા જીલ્લાના પોલીસ વડા સામે કેટલાક ગંભીર આક્ષેપો કર્યા હતા. અલ્પેશ ઠાકોર દ્વારા જીલ્લા પોલીસ વડા નીરજ બડગુજર સામે દારૂબંદીને લઇ કરવામાં આવેલા આક્ષેપો તેમજ બેફામ વાણી વિલાસ બાદ ૧૪ માર્ચ એ જીલ્લા પોલીસ વડાએ ડીસાની બીજી એડિશનલ સિવિલ અને જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ (ફ.ક.) કોર્ટમાં આઈ.પી.સી. કલમ ૫૦૦ મુજબ ફરિયાદ નોંધાવી છે.

બનાસકાંઠા જિલ્લા પંચાયત અનુસંધાન પાના નં.૬

### શું હતા અલ્પેશ ઠાકોરના આક્ષેપ ?

જાહેર સભા માં અલ્પેશ ઠાકોરે દારૂબંધીની વિષે બોલતાં જણાવ્યું હતું કે, હું દારૂબંધી કરાવવા તમારી વચ્ચે આવ્યો છુ. સાંભળ્યું છે કે તમારો ડી.એસ.પી.બહુ હપ્તા લે છે.એને એમ કહો કે બાપ બીજા નહી આવે પણ સવાયો બાપ આવ્યો છે.હું તેના પણ છોતરા કાઢીશ. મને એમ હતું કે આ બહુ ઈમાનદાર છે પણ મારો બેટો ભોળો ચહેરો કરી મહિને ૪૨ લાખનો હપ્તો લે છે બુટલેગરો જોડે. હું બડગુજરના નામજોગ કહું છું બડગુજરના નામજોગ કહું છું કે ડી.એસ.પી ને કહેજો કે પપ્પા આવ્યા હતા અને ધંધો બંધ કરાવવાનું કહીને ગયા છે. નહિતર પપ્પા છોડશે નહી ને સોટી લઈને આવશે.ઈમાનદારીથી નોકરી કરો.

## ડીસામાં ગુણોત્સવ કાર્યક્રમમાં શિક્ષક સંઘના હોદ્દેદારોની નિમણુંક આખરે રદ કરાઈ

ડીસા

ડીસા તાલુકામાં પ્રા.શાળાઓમાં વાર્ષિક કામગીરીના મૂલ્યાંકન માટે ગુણોત્સવ કાર્યક્રમ શિક્ષક સંઘોના હોદ્દેદારોને નિરીક્ષક તરીકે મુકાતા અન્ય શિક્ષકોમાં રોષ ફેલાતા તેનો અહેવાલ નવ ગુજરાત સમયમાં છપાતા હોબાળો થતા જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી એ તમામ ની નિમણુંક રદ કરવાની ફરજ પડી હતી. રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષકોની વાર્ષિક મૂલ્યાંકનની કામગીરી માટે ગુણોત્સવ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૬ અને ૭ એપ્રિલના રોજ ગુણોત્સવ કાર્યક્રમ યોજાનાર છે. જેમાં ડીસા ડીસા તાલુકાના કુલ ૬૬ ફૂટમાંથી ૧૬ રૂટ પર જુદાજુદા શિક્ષક સંઘોના હોદ્દેદારો ને મૂલ્યાંકન કામગીરીના નિરીક્ષક

અનુસંધાન પાના નં.૬

### શિક્ષકોને નેતા થવાનો શોખ જાગ્યો છે

રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ અને બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના શિક્ષકો હોદ્દેદારોની જિલ્લામાં સંખ્યા વધી રહી છે.હોદ્દેદારો માત્ર નેતાગીરી અને બદલીઓનો જ વહીવટ કરે છે.તેઓ શૈક્ષણિક કાર્ય કરવામાં રસ નથી.જેથી શિક્ષકોમાં પણ હવે નેતાગીરી કરવાની હોડ લાગી છે.અને ગુણોત્સવ માં શિક્ષકો ને સ્ટેજ પર બેસાવનો મોહ હોવાથી શિક્ષણ અધિકારી પાસે આવા ઓર્ડર કરાવતા હોય છે.

## ડીસામાં ધો.૧૧ સામાન્ય પ્રવાહનું અંગ્રેજીનું પેપર ફુટ્યું : પરીક્ષા રદ

### ડીસાના વરણ ગામની શાળાના ઈ.આચાર્ય એ લીક કર્યું હોવાનું ખુલ્યું

**આચાર્યને સસ્પેન્ડ કરાયા : હવે તા.૧૯ એપ્રિલે પરીક્ષા**

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક શિક્ષણ વિભાગ દ્વારા લેવાઈ રહેલી ધો.૧૧ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ગુરુવારે ડીસામાં અંગ્રેજી વિષયનું પ્રશ્નપત્ર લીક થવાની ઘટના પ્રકાશમાં આવતા શિક્ષણ વિભાગમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તાત્કાલિક તપાસ કરી પેપર લીક કરવામાં ડીસા તાલુકાના વરણ ગામની શાળાનાં ઈન્ચાર્જ આચાર્યની સંડોવણી જણાતા તેમના વિરુદ્ધ પગલાં લઈ તાત્કાલિક અસર થઈ પરીક્ષા રદ કરી નવેસરથી તા.૧૯ એપ્રિલે પેપર લેવાની જાહેરાત કરી હતી.



ભરત સુંદેશા

બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક શિક્ષણ વિભાગ દ્વારા હાલમાં સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ ચાલી છે.જેમાં ગુરુવારે ધો.

૧૧ સામાન્ય પ્રવાહમાં અંગ્રેજી વિષયની પરિક્ષા યોજાવાની હતી

અનુસંધાન પાના નં.૬

## રૂપાણીના પ્રધાનમંડળનું ટૂંકમાં વિસ્તરણ કરાય તેવી સંભાવના

અમદાવાદ

ગુજરાતમાં ભાજપ સરકારના મંત્રીમંડળમાં આગામી દિવસોમાં મહત્વના ફેરફાર સાથે વિસ્તરણ કરવામાં આવે તેવી શકયતાઓ પ્રવર્તી રહી છે, જેને લઈને ભાજપના વર્તુળમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. તાજેતરમાં આઈ.એ. એસ.ની બદલી ઓના મહત્વના આદેશ કરાયા બાદ હવે રૂપાણી સરકારના મંત્રીમંડળના વિસ્તરણ ની કવાયત હાથ ધરાઈ રહી છે. ગુજરાત સરકારમાં પણ પરિવર્તન જોવા મળે એવી શક્યતા છે. રૂપાણી સરકાર આગામી દસ તારીખની આસપાસ મંત્રીમંડળનું વિસ્તરણ કરે એવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## બેસણું



અમારા ભાઈશ્રી ગોરધનજી રઘાજી કચ્છવાનું તા.૫/૪/૨૦૧૮ના રોજ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં, સદ્‌ગતનું બેસણું તા.૭/૪/૨૦૧૮ ને શનિવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ગોગાઢાણી, ફાર્મ હાઉસ ઉપર, ભીલડી રોડ, ડીસા, જિ.બ.કાં.

સમય : સવારે ૯.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી

સ્વ.ગોરધનજી રઘાજી કચ્છવા
સ્વ.તા.૦૫/૦૪/૨૦૧૮, ગુરૂવાર

લિ.
દેવચંદજી રઘાજી કચ્છવા
રમેશકુમાર રઘાજી કચ્છવા
ફૂલચંદભાઈ દેવચંદજી કચ્છવા
સુરેશકુમાર દેવચંદજી કચ્છવા
જગદીશકુમાર દેવચંદજી કચ્છવા
કનૈયાલાલ ગોરધનજી કચ્છવા
મુકેશકુમાર ગોરધનજી કચ્છવા
દલપતકુમાર ગોરધનજી કચ્છવા
ભેરવકુમાર રમેશકુમાર કચ્છવા
મિતેષકુમાર રમેશભાઈ કચ્છવા
તથા સમસ્ત કચ્છવા પરિવાર



સૂર્યોદય - ૬.૨૯ સૂર્યાસ્ત - ૬.૫૬

## તિથિદર્શન

ચૈત્ર વદ ૬ શુક્રવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર વદ :છઠ્ઠ શુક્રવાર નક્ષત્ર:જયેષ્ઠા બપોરે ૧૧.૪૩ પછી મુળ યોગ : વરીયાન કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) બપોરે ૧૧.૪૩ પછી ધન (ભ.ફ.ધ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**પરીવાદસ્તથ્યો ભવતિ વિતથો વાપિ મહતા**
**તથાપ્યુ ચૈ ર્ધામ્નો હરતિ મહિમાનં જનરવઃ**
**તુલોત્તીર્ણ સ્થાપિ પ્રકટિત હતા શેષ તમસો**
**ખેસ્તાદ કતેજો નહિ ભવતિ કન્યાં તવવતઃ**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય ‘સામાન્ય નીતિ’નો આ શ્લોક છેઃ પરિવાર - વિવાદ અથવા કલંક-બાળ તથ્યવાળું હોય કે ખોટું પણ હોય, તોપણ, તે વિશેનો લોકાપવાદ- હોબાળો- ચર્ચા- મહાન- તેજસ્વી માણસના મહિમાને થોડીઘણી પણ ઝાંખપ તો પહોંચાડે જ છે, મહત્વને અસર કરે જ છે. આ વાતના સમર્થનમાં શ્લોકના બીજા અર્ધભાગમાં જયોતિષ વિષયક આધારિત દૃષ્ટાંત આપી સમજાવતાં કહ્યું છે કે સૂર્ય જયારે કન્યા રાશિમાં રહ્યો હોય ત્યારે - વાદળિયા વાતાવરણને કારણે એટલો પ્રકાશિત થઈ શકતો નથી (અથવા સૂર્યના કન્યાગામીપણાને કારણે લોકાપવાદનું ખોટું કલંક તેના પર આવવાથી લાગેલ ઝાંખપ).તે જયારે તુલા રાશિનો થાય ત્યારે નિરભ્ર આકાશમાં ફરી પ્રકાશિત થાય છે. ત્યારે બધાં કલંકનાં વાદળો દૂર થઈ જાય છે. જેમ અમિતાભ બચ્ચન બોફોર્સમાં, શ્રી મનમોહનસિંઘ કોલસામાં, શ્રી સંજીવ જોષી સીડીકાંડમાં પ્રથમ તો કલંકિત થાય જ પણ જયારે અસત્યનાં વાદળ વીખરાય ત્યારે ફરી પોતાનો મહિમા- મહત્વને ધારણ કરી લે છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ખટપટમાં ન પડવું હિતાવહ. મનમાં અશાંતિ રહે.**
**વૃષભ : (બ.વ.ઉ.) અણધાર્યો લાભ મળે. કાર્યમાં સફળતા મળે.**
**મિથુન : (ક.છ.ઘ.) મનમાં મૂંઝવણ રહે. વ્યર્થ દોડા-દોડી રહે.**
**કર્ક : (ડ.હ.) આર્થિક લાભના યોગ છે. ધીરજ અને ખંતથી કાર્ય કરવું.**
**સિંહ : (મ.ટ.)આરોગ્ય અંગે સાવચેતી રાખવી. નાણાંકીય પરિસ્થિતિ સુધરે.**
**કન્યા : (પ.ઠ.ણ.) માનસિક ચિંતા હળવી બને. ખર્ચ ઉપર કાબુ રાખવો.**
**તુલા : (ર.ત.)વેપાર-વાણિજયને લગતા કાર્યોમાં સફળતા મળે**
**વૃશ્ચિક : (ન.ય.)પ્રવાસ-પર્યટનમાં સફળતા મળે. મનમાં આનંદ-ઉત્સાહ રહે.**
**ધન : (ભ.ફ.ધ.) ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ સર્જાય.**
**મકર : (ખ.જ.) કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્વજનથી મિલન-મુલાકાત થાય.**
**કુંભ : (ગ.શ.સ.)રચનાત્મક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાય. સંતાનને લગતી સમસ્યા હળવી બને**
**મીન : (દ.ચ.જ.થ.)પ્રગત્તિ થતી અટકે, માનસિક ઉચ્ચાટ અનુભવાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

આધુનિક અમેરિકન કવિતાના અગ્રણી કવિ એડવિન, આર્બિટન રોબિન્સનની પુણ્યતિથિ છે.

એમનો જન્મ તા. ૨૨-૧૨-૧૮૬૯ના રોજ મેઈન પરગણામાં આવેલા દેડહટાઈમાં થયો હતો.

૧૯૦૨માં પ્રગટ થયેલ તેમના કાવ્યસંગ્રહ કેપ્ટન ક્રેઈન’ પર તે સમયના અમેરિકાના પ્રમુખ થિયોડોર રૂઝવેલ્ટનું પણ ધ્યાન દોરાયું હતું. તેમણે અનેક વ્યવસાયની સાથે સાથે કાવ્યો. નિબંધો, રેખાચિત્રો વગેરેનું સર્જન કર્યું હતું. અમેરિકાનો અત્યંત પ્રતિષ્ઠત પુરસ્કાર‘પુલિત્ઝાર પારિતોષિક’ તેમની કવિતા માટે ત્રણ વાર અર્પણ થયો હતો.

આ મહાન કવિનું તા. ૬-૪-૧૯૩૫ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ..... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૦૬.૦૪.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૪૦૦ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૦૫.૦૪.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૩૫૭ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૩૦૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૨૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૩૭૩ પોઈન્ટ થી ૧૦૩૯૦ પોઈન્ટ, ૧૦૪૦૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૪૦૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૫.૦૪.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ @ ૨૪૮૪૨ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૯૭૩ પોઈન્ટના પ્રથમ અને ૨૫૦૨૫ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૪૭૮૭ પોઈન્ટ થી ૨૪૭૩૦ પોઈન્ટ, ૨૪૬૯૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૦૨૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૨૦૯) :- સિમેન્ટ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૧૮૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૧૭૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૨૨૨ થી રૂ.૧૨૩૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૨૩૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**રેમન્ડ લિમિટેડ (૯૭૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૯૫૭ આસપાસ પોઝીટ-ીવ બ્રેકઆઉટ..!!! રૂ.૯૪૪ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૯૮૩ થી રૂ.૯૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**બાટા ઈન્ડિયા (૭૬૭) :- રૂ.૭૫૩ નો પ્રથમ તેમજ રૂ.૭૪૪ ના બીજા સપોટ-’થી ફૂટવેર સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૭૭૮ થી રૂ.૭૮૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ટેક મહિન્દ્રા (૬૧૮) :- ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૬૨૭ થી રૂ.૬૩૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૬૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**એક્સિસ બેન્ક (૫૦૫) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૮૪ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક બેન્ક સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૧૭ થી રૂ.૫૨૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**HDFC બેન્ક (૧૯૧૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૯૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૮૯૬ થી રૂ.૧૮૮૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૯૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૯૧૦) :- રૂ.૯૨૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૩૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૮૯૬ થી રૂ.૮૯૦ નો ભાવ દશાવિ તેવી સંભાવના છે....!! રૂ.૯૪૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**તાતા સ્ટીલ (૫૮૩) :- સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૫૯૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૭૦ થી રૂ.૫૬૪ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**ગ્લેનમાર્ક ફાર્મા (૫૫૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૭૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૪૪ થી રૂ.૫૩૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૮૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**યસ બેન્ક (૩૧૬) :- રૂ.૩૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૩૭ ના સ્ટોપલોસે વેચવાલાયક બેન્ક સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૩૦૩ થી રૂ.૨૯૬ નો ભાવ દશાવિ તેવી સંભાવના છે....!!! રૂ.૩૪૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

## ડીસા ગાયત્રી પરિવારના વરિષ્ઠ કાર્યકર હરીશભાઈ જોષીની ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ પ્રાર્થાના સભા યોજાઈ



પ્રતિનિધિ વડાવળ

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના આદ્યસ્થાપક યુગઋષિ શ્રી રામ શર્મા આચાર્યજીએ ગાયત્રી મંત્ર અને સદ્દ્ચારોના માધ્યમથી કરોડો લોકોના જીવનનું પરિવર્તન કરી દીધુ વિચારક્રાંતી અભિયાન દ્વારા જન - જન સુધી સદ્દ્ચારોનું વહન કર્યુ અને એક મિશન સતત ચાલતુ થયું જેમાં અનેક નાના - મોટા સાધકો ઉપરાંત વિભૂતિઓએ યોગદાન સતત આપતા રહ્યા હરીશભાઈ જોષી પણ આવી જ એક મહાન વિભૂતિ હતા. કે જેઓ ગાયત્રી મંત્રની સાથે વિચારક્રાંતિ અભિયાનને વેગવંતુ બનાવ્યું હતું. પૂ.ગુરૂદેવના વિચારો જન - જન સુધી પહોંચ્યા ક્યાં તેઓએ ગાયત્રી પરિવાર મિશનને માત્ર ડીસા અને બનાસકાંઠામાં જ નહિ પરંતુ સમગ્ર ગુ- જરાતમાં ફેલવીને અનેક કાર્યકરોને તૈયાર કર્યા હરીશભાઈ શારિરીક તકલીફો વેઠીને પણ આ કાર્ય સતત આગળ વધતા રહ્યા.

સ્વ.હરીશભાઈ જોષીએ આજથી ચાર વર્ષ અગાઉ ચૈત્ર નવરાત્રિના છઠ્ઠા નવરાત્માં તા.૫/૪/૨૦૧૪ ના રોજ સ્થુળ દેહનો ત્યાગ કરી પૂ.ગુરૂદેવની સુક્ષ્મ સત્તા વિલિન થઈ ગયા હતા. ત્યારે તેઓને શ્રધ્ધાંજલી આપવા ડીસા ગાયત્રી શક્તિપીઠ ખાતે ગત તા.૫ એપ્રિલ ૨૦૧૮ ગુરૂવારને સાંજે ૪.૩૦ કલાકે એક પ્રાર્થના સભાનું આયોજન કર્યુ હતું. જેમાં બહોળી સંખ્યામાં ગાયત્રી પરિવારના ભાઈ - બહેનો તેમજ શ્રધ્ધાળુ સાધકો હાજર રહ્યા હતા. ગાયત્રી મંત્ર, મહામૃત્યુંજય મંત્રી, ઓમકાર ધ્વની, સામૂહિક સાધના કરવામાં આવી વડીલ પરિજન વસંતભાઈ ઠક્કર, નાથાભાઈ પટેલ, ઈશ્વરભાઈ ત્રિવેદી અને રસીકભાઈ ચાંપાનેરી પોતાના અનુભવો વ્યક્ત કરીને હરીશભાઈને શ્રધ્ધાંજલી આપી હતી.

## થરા પ્રા.શાળા નં-૨ માં ધોરણ ૮ ના વિધાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

થરા પ્રાથમિકશાળા નં.૨ના ધોરણ ૮માં અભ્યાસ કરતાં વિધાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો. કાર્યક્રમની શરુઆત વિદાયગીતથી જયશ્રીબેન ગોહીલે કરી હતી. વિદાય લેતા વિધાર્થીઓએ સરસ્વતીમાતાનુ પ્રાર્થના માટે નિયમિત વાપરી શકાય તેવુ સ્ટેન્ડ આપી લાગણીઓ વ્યકત કરી હતી.જેમાં ધોરણ ૮ ના વર્ગ શિક્ષકશ્રી પ્રકાશભાઇ ચૌધરી,સંજયભાઇ પટેલ, રક્ષાબેન જોષી તેમજ વસંતભાઇ પટેલે ભાવસભર વિદાય અંગેની વાતો કરી હતી. ધોરણ ૮ની કિંજલ અને હની એ વિદાયની પળો તેમજ તેમની આ શાળાની સ્મુર્તિઓ વર્ણવી. શાળાના આચાર્ય વિશાલભાઇ ઠકકર અને અમરતભાઇ પરમારે આશિર્વચન પાઠવ્યા હતા.પોપટલાલ પંચાલ, સુંડાભાઈ ઘોંઘોળ, વિર્ભણભાઈ જોષીએ વિદાય લેતા વિધાર્થીઓને આગળ જઈ શું કરવું તેનુ માર્ગદર્શન આપેલ. કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક પ્રહલાદભાઈ એલ. આચાર્યે કરેલ.

## ડેડુડી પ્રા.શાળામાં ધોરણ-૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

તા. ૩/૪/૧૮ ડેડુડી પ્રા. શાળાના ધો-૮ ના બાળકોનો વિદાય યોજાયો હતો. ગુરૂજી દ્વારા દરેક બાળકની આગળ પ્રગતિ થાય તેવા આશીર્વાદ આપ્યા હતા. તેમજ બાળકોએ પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા. ઈશ્વરભાઈ ચૌધરીએ દરેક બાળકને પાણીની બોટલ અને બોલપેનની ભેટ આપી હતી.

## ડીસા તાલુકાના વડાવળ પ્રાથમિક શાળામાં ધોરણ-૮ ના બાળકોનો વિદાય સમારંભ યોજાયો



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાની વડાવળ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૮ ના બાળકોનો વિદાય સત્કાર સમારંભ ગતરોજ તા. ૪/૪/૨૦૧૮ ને બુધવારના રોજ યોજાયો હતો. વિદાય લેતા વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં સ્મૃતિ ચિન્હરૂપે સરસ્વતી માતાજીની મૂર્તિ ભેટ સ્વરૂપે શાળાના આચાર્યને આપવામાં આવી હતી. ત્યારે શાળા પરિવારે પણ વિદાય લઈ રહેલ બાળકોને બોલપેનની ભેટ આપી હતી. શાળાના આચાર્ય પ્રભાતસિંહ ચાવડા તથા શાળા પરિવારના ગુરુજીજનો રાજેશ કોઈટીયા, ગોવિંદ પરમાર, અનિલ તુરી, રણવીર રાણા, અલ્પેશ ત્રિવેદી, જગદીશભાઈ ઠક્કર, કપિલભાઈ તથા શિક્ષિકા બહેનોએ બાળકોને શુભેચ્છા પાઠવી ઉજ્જવલ ભવિષ્યની શુભકામનાઓ કરી હતી. આ પ્રસંગે વિદાય લઈ રહેલ બાળકોને પોતાના યાદગીરી માટે સુંદર ફોટોગ્રાફી શિક્ષક જગદીશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવી હતી.

## વડગામના અગ્રણીનું સન્માન કરાયું



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

છાપી નાગરિક સ.બેન્ક ના ચેરમેન સુરેશ ભાઈ એમ.પૃજાપતિ,વાઈસ ચેરમેન માંઘજીભાઈ ગલબાભાઈ પટેલ, ઝઈ.રતુભાઈ એસ.પટેલ વગેરે અગૃણીઓએ ગતરોજ ગુરુવારે બી.ઓ.બી.વડગામ શાખા ની શુભેચ્છા મુલાકાત લીધી હતી, દરમિયાન બેન્ક ના સિનિયર મેનેજર તરીકે બઢતી મળતાં કાનજી ભાઈ એલ.પટેલ ને સાલ ઓઢાડી વિશિષ્ટ સન્માન કયું હતું.

## કાનજીનગર પ્રા.શાળા ધો- ૫ નો શુભેચ્છા વિદાય સમારંભ યોજાયો

પ્રતિ માંડલા

કાંકરેજ તાલુકાના કાનજીનગર પ્રા.શાળા કુદરતના રમણીય વાતાવરણને ઉજાગર કરતી સુંદર શાળા છે. ધો-૧ થી ૫ સુધીનો અભ્યાસ ચાલે છે. બાળકોને શિક્ષણની સાથે સાથે પ્રકૃતિને માણવાનો અનેરો લ્હાવો મળે તેવા દિવ્ય વાતાવરણમાં ધો- ૫ માં અભ્યાસ પૂર્ણ કરી જતાં બાળકોના શુભેચ્છા- વિદાય સમારંભનું શાળાના કેમ્પસ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય રમેશભાઈ નાયી તથા શિક્ષક રમેશભાઈ કે.નાયીની અથાગ મહેનત વડે આ સમારંભનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રકૃતિને માણતા- માણતા અભ્યાસ કરતા બાળકોમાં અનેરો આનંદ જોવા મળે છે.

## રામપુરા જાગનાથ મહાદેવ મંદિરના સેવક દેવલોક પામ્યા

પ્રતિનિધિ રામપુર, માલગઢ



રામપુરા હાઈસ્કુલના પ્રેરણામૂર્તિ અને જાગનાથ મહાદેવ મંદિરના પૂજારી - સેવક સ્વામીશ્રી ઉદયગિરીજી ગુરૂ કપિલમુનિ, ચૈત્ર વદ- ત્રીજ (અંગારકી ચોથ- સંકટચોથ) ને મંગળવારના મંગલ દિવસે દેવલોક પામ્યા હતા. સાધુ- સમાજના રીત- રિવાજ પ્રમાણે, પેપળુના મહંતશ્રી બાબુપુરીજી ગુરૂ જાલમપુરીજી અને રામપુરાના ગ્રામજનો, ભાવિક ભક્તોની હાજરીમાં સ્વામી શ્રી ઉદયગિરિજીને રામપુરાના જાગનાથ મહાદેવ મંદિરની અપાઈ હતી. સમાધિના દર્શન કરવા રામપુરા અને આજુબાજુના ગામમાંથી ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. સ્વામી શ્રી ઉદયગિરિજીનો શંભુરોટ(બોસાણુ) શનિવારે રાખેલ છે. તો સૌ કોઈ ભાવિક ભક્તો અને રામપુરાના ગ્રામજનોને પધારવા અનુરોધ કરાયો છે. સ્વ. સિધ્ધ સંત જીવદયાપ્રેમી અને શિક્ષણના પ્રખર હીમાયતી હતા. તેમના નિધનથી તેમના શિષ્યોમાં શોકની લાગણી છવાઈ છે.

## ઝાલમોર શાળાના ધો.૮ નો દિક્ષાંત સમારોહ યોજાયો



મહાદેવ પરમાર

કાંકરેજ તાલુકાની ઝાલમોર પ્રા.શાળામાં ધો.૮ માં અભ્યાસ કરતા બાળકોનો દિક્ષાંત સમારોહ ગતરોજ શાળાના પ્રાંગણમાં શાળાના આચાર્ય પ્રકાશભાઈ રાવલ તેમજ ધો.૮ ના વર્ગશિક્ષક તેમજ શાળા પરિવારની હાજરીમાં યોજાયેલ. આ પ્રસંગે શાળાના આચાર્ય તથા શાળા પરિવાર દ્વારા બાળકોને પ્રેરક ઉદબોધન કરવામાં આવ્યું અને ઉચ્ચ અભ્યાસ કરી શાળા તથા ઝાલમોર ગામનું નામ રોશન કરો તેવા આશીર્વચન આપેલ. આ પ્રસંગે મ.ભો.યો.સંચાલક ડાભાણી શંકરભાઈ તથા અભુજી ઠાકોર તથા શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમને અનુરૂપ સુંદર સાથ સહકાર આપવામાં આવેલ.

## રોજીંદા શિક્ષણ અને જીવનમાં ઉપયોગી પુરક જ્ઞાન સંપદાની અદ્દ્ભુત તક

### એએમએ દ્વારા ટૂંકાગાળાના ૭૦ જેટલા સમર કાર્યશિબિરો-૨૦૧૮ નું ૧૨ મી એપ્રિલથી આયોજન

અમદાવાદ

ડૉ.વિક્રમ સારાભાઈ સ્થાપિત અમદાવાદ મેનેજમેન્ટ એશોસીએશને ૬૦ વર્ષથી વધુ સમયગાળામાં ઝડપથી મીની યુનિવર્સિટીનું સ્થાન મેળવી લીધું છે. માત્ર મેનેજમેન્ટ સંબંધી વિષયોના અભ્યાસક્રમો જ નહીં પરંતુ શાળા- કોલેજના વિદ્યાર્થીઓને માહિતી ટેકનોલોજીથી માંડીને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો દ્વારા તેમના અભ્યાસ અને અંગત જીવનમાં પણ ઉપયોગી થાય એવા જ્ઞાન સંપાદનની તકો પૂરી પાડતા ખાસ કરીને ટું- કાગાળાના અભ્યાસક્રમો કાર્યશિબિરો છેલ્લા કેટલાક સમયથી આકર્ષણરૂપ બન્યા છે.

આવો એક પ્રોજેક્ટ છે ઉનાળુ વેકેશનના ફાજલ સમયનો ઉચિત ઉપયોગની તક આપતો સમર વર્કશોપનો. પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગુરૂવાર તા. ૧૨ મી એપ્રિલથી જુદા જુદા કોર્સીઝના બુધવાર તા. ૩૦ મી મે સુધીના કાર્યક્રમોના ૬૯ જેટલા સમર વર્કશોપ યોજવાની જાહેરાત કરવામાં આવી છે. એએમએની એક યાદી અનુસાર કોર્પોરેટ કે અન્ય કારકિર્દીમાં અનિવાર્ય એમાં ગુણો- ખાસિયતો- જેવા કે રોજીંદા જીવનમાં વિવેકસભર વર્તાવ- એટીકેટ, આગવા વ્યક્તિત્વનું ઘડતર, સર્જનાત્મકતાની ખિલવણી, સપના સાકાર કરવાનું કૌશલ્ય વગેરેના લગતા વિષયોનો સમાવેશ થઈ જાય છે.

આ અભ્યાસક્રમો માટે પારંગત ફેકલ્ટી પૂરી પાડતી સંસ્થાઓ પણ નોંધપાત્ર છે. તેમાં પ્રાર્થના એએમએ ફોર કેરીઅર કાઉન્સેલિંગ અને વોકેશનલ ગાઈડન્સ, મુકેશ એમ.પટેલ- એએમએ એકેડેમી ઓફ પબ્લિક સ્પિકિંગ એન્ડ પર્સનાલીટી ડેવલપમેન્ટ, રમણભાઈ પટેલ- એએમએ સેન્ટર ફોર એક્સલન્સ ઈન એજ્યુકેશન અને સ્પેક ઈન્ડિયા યુથ એમ્પાવરમેન્ટ ચેરનો સમાવેશ થાય છે.

રજીસ્ટ્રેશન તથા વધુ માહિતી માટે એએમએ કાર્યાલયનો સંપર્ક (૦૭૯-૨૬૩૦૮૬૦૨-૦૫ઃ મોઃ ૯૫૩૭૪ ૦૭૧૮૭) સાધવા જણાવાયું છે.

## સૌથી સામાન્ય લક્ષણ, જે દર્શાવી દે છે કે તમારું સ્વાસ્થ્ય ઠીક નથી

અમદાવાદ

ભારતમાં તમામ સામાજિક-આર્થિક તથા સાંસ્કૃતિક કારણોના ચાલતા અનેક લોકો સમય પર ડૉક્ટર પાસે નથી જવા ચાહતા. અનેક વાર એવું પણ થાય છે કે લોકોને પોતાને જ જાણ નથી થતી કે તેમનું સ્વાસ્થ્ય યોગ્ય નથી. અનેક કારણોથી જયારે સમય પર તપાસ નથી થઇ શકતી ત્યારે ડૉક્ટરને આ નક્કી કરવામાં પણ સમસ્યા થાય છે કે કયો દર્દી ગંભીર રીતે બીમાર છે અને કોની સમસ્યા એડવાન્સ સ્ટેજ પર પહોંચી ચૂકી છે. જો કે કોઇપણ દર્દીને જોઇને એ જાણવું સરળ હોય છે કે તે સંપૂર્ણ સ્વસ્થ છે કે નહી, કેમકે એના અનેક લક્ષણ હોય છે જે આપણને આપણા સ્વાસ્થ્યની સ્થિતિને લઇને આપણને એલર્ટ કરી દે છે. ખરેખર આપણું શરીર પોતાનામાં એક જટિલ ટેકનિક છે અને આ તમામ લક્ષણો દ્વારા આપણને આપણા સ્વાસ્થ્યની સ્થિતિને લઇને સંદેશ આપતા રહે છે, જેનાથી આ જાણ થાય છે કે આપણી સિસ્ટમ યોગ્ય ઢંગથી કામ નથી કરી રહી. જો કે અનેક એવી સહજ સમસ્યાઓ હોય છે જેની તપાસ અથવા ઓળખ કરવી ખરેખર મુશ્કેલ હોય છે, પરંતુ મોટાભાગની સમસ્યાઓમાં સ્પષ્ટ લક્ષણ સામે આવે છે. આમાંથી કેટલાક લક્ષણ હોય છે, ખરાબ સ્વાસ્થ્ય અને ઊંઘથી જોડાયેલી સમસ્યા, શરીરમાં શક્તિ ઓછી થવી અને જલ્દી થાકી જવાનો અહેસાસ થવો, પેશાબનું ઘટ્ટ પીળું થવું, શરીરના વજનમાં અચાનક બદલાવ આવવો, નિરંતર ખાંસી અને ફ્લૂ અથવા વારંવાર કોલ્ડ થવું કે લાંબા સમય સુધી ચાલતા બાઉલ અને બ્લેડરથી જોડાયેલી સમસ્યા. આ શરીરની પોતાની રીત હોય છે જે દ્વારા આ બતાવે છે કે હવે કંઇ ઠીક નથી ચાલી રહ્યું અને તમને ઇલાજની જરૂરિયાત છે. એવામાં વ્યક્તિને વગર કોઇ મોડુ કરે ડૉક્ટર પાસે જવું જોઇએ.ખરાબ ઊંઘના અનેક કારણો હોઇ શકો છો, અને આનું એક સામાન્ય લક્ષણ હોઇ શકે છે ખૂબ જ તણાવ. સ્ટ્રેસ હાર્મોન કૉર્ટિસોલ આઇડિયલી રાત્રિના સમયે ઓછો થઇ જવો જોઇએ જેથી વ્યક્તિ રાત્રે સરળતાથી સૂઇ શકે અને શરીરને આરામ મળે, પરંતુ રાત્રે કૉર્ટિસોલ હાર્મોન સ્તર સામાન્યથી વધુ હોવા પર ઇંસોમનિયા થઇ જાય છે, જેજ્ઞા કરાણે શરીરની પોતાની રિપેર સિસ્ટમ ઑફ થઇ જાય છે. ઊંઘના પૈટર્નમાં બદલાવ અને સવારના સમયે ઊંઘ ખૂલવા પર તાજગી મહેસૂસ ન થાય તો પણ સમસ્યા થાય છે. સડો, તણાવ, ડિપ્રેશન, શ્વાસ લેવામાં સમસ્યા, ડાયબીટીઝ અને અહીં સુધી કે કિડનીની સમસ્યાઓ થવા પર પણ તમારી રાત્રિની ઊંઘને અસર થઇ શકે છે. અન્ય લક્ષણોમાંથી એક પેશાબનું ઘટ હોવું આ વાતની ઓળખ છે કે તમારા શરીરમાં પાણીની ઉણપ થઇ ગઇ છે અથવા કોઇ અન્ય સમસ્યા છે. આ કમળો, હેપેટાઇટિસ અને લિવર કે કિડનીથી જોડાયેલી તમામ બીમારીઓનું લક્ષણ પણ હોઇ શકે છે. થાક અને ચક્કર આવવું અનેક બીમારીઓ જેમકે એનીમિયા, ડાયબીટિસ, ડિપ્રેશન, થાયરૉઇડ, સ્લીપ એપ્નિયા વગેરેના લક્ષણ હોઇ શકે છે. અકારણ વજન વધવાનું કારણ જ્યાં હાર્મોનલ બદલાવ અથવા ખેટલીક ખાસ દવાઓ જેમ કે કૉર્ટિકોસ્ટેરૉઇડ વગેરેનો વપરાશ, ત્યાં અચાનક વજન ઘટવાનો કારણે કેન્સર, સીઓપીડી, ડિપ્રેશન, એચઆઇવી/એડ્સ, ટીબી અને અન્ય અનેક બીમારીઓના કારણ હોઇ શકે છે.

## ડીસા સહિત જિલ્લાના વાતાવરણમાં ફરી પલટો

# ગરમીનું પ્રમાણ ઘટ્યુ : તાપમાનનો પારો ૩૭.૯ ડિગ્રીએ


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ઉનાળાની શરૂઆત થતાં જ ગરમીએ અસલી મિજાજ બતાવતા ગરમીનો પારો દિવસે દિવસે વધતો જતો હતો. તેથી શહેરીજનો સહિત ગ્રામ પ્રદેશોના લોકો પરેશાન થઈ ઉઠ્યા હતા. બપોરના સમયે તો લોકો ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરતા હતા. અંગ દઝાડતી ગરમીથી બચવા અવનવા નુસખા અપનાવી રહ્યા હતા. ત્યારે વાતાવરણમાં ફરી એકવાર પલટો આવતા અને વાદળછાયુ વાતાવરણ સર્જાતા ગરમીથી ત્રસ્ત લોકોને કેટલાક અંશે રાહત મળી છે. હવામાન વિભાગના સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે આગામી ૧૦ એપ્રિલ સુધી વાદળછાયુ વાતાવરણ રહેવાની શક્યતા છે. વાદળછાયા વાતાવરણના પગલે બફારાનું પ્રમાણ વધશે જેથી દિવસે ગરમીનું પ્રમાણ જળવાઈ રહેવાની સંભાવના રહેલી છે. ડીસા સહિત જિલ્લામાં વાદળછાયા હવામાનથી ગરમીનું જોર ઘટ્યુ છે. મહત્તમ તાપમાનનો પારો ૩૭.૯ ડિગ્રી નોંધાયો છે. જ્યારે લઘુતમ તાપમાનનો પારો ૨૩.૮ ડિગ્રી નોંધાયો છે. ત્યારે અગાઉના દિવસો કરતાં ગરમીનો પારો થોડોક નીચો આવતા રાત્રિ દરમિયાન હુંફાળુ વાતાવરણ જોવા મળી રહ્યું છે. જ્યારે વાતાવરણના પલટાના કારણે વરસાદની શક્યતાઓ ઓછી જણાઈ રહી છે.

# થરાદ શહેરમાં ભુગર્ભ ગટરલાઈનના ગંદા પાણીની દુગંધ શહેરીજનોને અકળાવે છે


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરના સમગ્ર વિસ્તારોમાં તાજેતરમાં જ કરોડો રુપીયાના ખર્ચથી ભુગર્ભ ગટરલાઈન બનાવવામાં આવી ત્યારથી જ તેમાં ગેરરીતીઓની બદબુ આવતી હતી,પણ હવે ઠેર ઠેર છાસવારે ઉભરાતા ગંદા પાણી સ્વરૂપે ઉભરાઈને બહાર આવી રહી છે.શહેરના વિવિધ વિસ્તારમાં જ સતત ઉભરાતી ગટરના કારણે તેમાંથી માથું ફાડી નાખે તેવી તીવ્ર વાસ આવેછે.બુધવારે શહેરના સાંચોર રોડ પરની શ્રી રાજેશ્વર વિધાલયની આગળ તળાવ સ્વરૂપે પાણી બહાર આવીને ભરાવા પામતાં અસંખ્ય બાળકો અને રાહદારી તથા વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા.

નગરની શિવશક્તિ સોસાયટી સહિત અનેક વિસ્તારોમાં છાસવારે ઉભરાતી આવી રીતે ગટરના કારણે મચ્છરની ઉત્પતિ ખુબજ વધી જવા પામી છે.જેના ડંખથી નગરજનોની નિંદ અને ચેન પણ હરામ થઇ જવા પામીછે.વળી ભરાઈને પડ્યા રહેતા આવા ગંદા પાણીથી રોગચાળો ફેલાવવાની પણ પુરી દહેશત ઉઠવા પામીછે. આ અંગે તંત્રનું અવારનવાર ધ્યાન દોરવા છતાં પણ નક્કર કામગીરી નહી કરાતાં હવે બદબુ સહન નહી થતાં અકળાઇ ઉઠેલા નગરજનોમાં ભારોભાર રોષ સાથે ઉગ્ર જનઆંદોલન છેડવાની મુડ પણ જોવા મળી રહ્યો છે.

## ધાનેરામાં જાહેરમાં મેડીકલ વેસ્ટ ફેકાયાની ફરીયાદ નોંધાઈ તપાસ હાથ ધરાઈ



તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં કચરા પેટીમાં તથા જાહેરમાં મેડીકલ વેસ્ટ નંખાય છે તે બાબતની ફરીયાદ મળતાં તંત્ર દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં કચરાપેટીઓમાં તથા ખુલ્લામાં મેડીકલ વેસ્ટ નાખવાની ફરીયાદ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પાલનપુરને મળતાં તંત્રના અધિકારીઓ ધાનેરા દોડી આવ્યા હતા. અને આ બાબતે તપાસ હાથ ધરી હતી. જેમાં કચરા પેટીમાંથી બી.ટી.બેગ મળી હતી આ કચરો ગાયો પણ ખાતી હોય છે. ધાનેરામાં બ્લડ બેંક નથી તો બી.ટી.બેગ ક્યાંથી આવી તે અધિકારીઓ તપાસ કરી રહ્યા છે ખાનગી ડોક્ટરો દ્વારા નાખવામાં આવેલ છે કે કેમ તેની તપાસ હાથ ધરી હતી.

# શિહોરીમાં તમાકુની ૪૧ બોરીની ચોરી

પ્રતિનિધિ શિહોરી

ગત તા. ૪/૪/૧૮ ની રાત્રે શિહોરી દિયોદર નાળા પાસે બ્રાહ્મણ દાનસુંગભાઈ બાવાભાઈના કુવાવાળા ખેતરમાં ચાલુ વર્ષે તમાકુનુ વાવેતર કરેલ. જે તમાકુનો પાક લઈ ખેતરમાં બોરીઓની થપ્પી કરી રાખેલ હતી. જયાંથી કોઈ અજાણ્યા લોકો ૪૧ બોરી તમાકુની ચોરી કરી લઈ ગયેલ આ બાબતે દાનસુંગભાઈ બાવાભાઈ બ્રાહ્મણે શિહોરી પો.સ્ટે.ગુના નં. ૧/૧૯/૨૦૧૮ આઈ.પી.સી. કલમ ૩૭૯ મુજબ ગુનો નોંધી આગળની તપાસ પોલીસ ચલાવી રહી છે.

# પાલનપુરના માનસરોવર તળાવમાં મહિલાએ ઝંપલાવ્યું

### તરવૈયાઓની જહેમતથી જીવ બચ્યો

પાલનપુર

પાલનપુરના માનસરોવર તળાવમાં એક ૨૩ વર્ષીય મહિલાએ અગમ્ય કારણોસર ઝમપલાવ્યું હતું. જોકે, સ્થાનિક તરવૈયાઓની જહેમત થકી મહિલાનો આપઘાત નો પ્રયાસ નાકામ રહ્યો હતો.

પાલનપુરના હરિપુરા વિસ્તારની ૨૩ વર્ષીય મહિલા પિંકીબેન સોનજીભાઈ પટણીએ કોઈ અગમ્ય કારણોસર જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. આ મહિલાએ પાસેના માનસરોવર તળાવમાં પડતું મુક્યું હતું. જોકે, સ્થાનિક તરવૈયાની મદદથી મહિલાને હેમખેમ બહાર કઢાતા તેનો જીવ બચી ગયો હતો. દરમિયાન, તળાવમાંથી બહાર કઢાયેલી મહિલાને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જોકે, આ અંગેનું રહસ્ય અકબંધ રહ્યું છે.

# વાવના જોરડીયાળી ગામે વિકાસના કામોની વણઝાર


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવ તાલુકાની જોરડીયાળી ગૃપ ગ્રા.પંચાયતમાં ૨૦૧૬ માં નવીન ચૂંટાયલા સરપંચ ચૌહાણ સરદારસિંહ ભગવાનજીની રાહબરી હેઠળ ટૂંકાગાળામાં એટલે કે દોઢ વર્ષમાં વિકાસના કામોની વણઝાર સર્જાઈ છે. અમારા વાવ ખાતેના પત્રકારે જોરડીયાળી ગૃપ ગ્રામ પંચાયતના નેજા હેઠળના જોરડીયાળી, તખતપુરા ગામની જાત મુલાકાત લેતાં જોરડીયાળી-તખતપુરા ગામે શેરીએ શેરીએ આર.સી.સી. રોડ, પ્રા.શાળામાં બ્લોક, વિવિધ વિસ્તારોમાં દિવાલકામ, કોમ્યુનીટી હોલ પાણીની પાઈપલાઈન તેમજ ગરીબ લાભાર્થીઓ માટે આવાસ યોજનાનો લાભ મળ્યો છે. દોઢ વર્ષના ટૂંકાગાળામાં લાખો રૂપિયાના કામો થઈ ગયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ કાર્યરત સરપંચના પિતા ભગવાનસિંહ જોરજી ૨૫ વર્ષ સુધી જોરડીયાળી પંચાયતમાં સમરસ સરપંચ પદે બીનહરીફ ચૂંટાયા છે, તેમણે પણ આ વિસ્તારમાં વિકાસના કામોને પ્રાધાન્ય આપ્યું છે. પિતાના ગુણો વારસામાં પુત્રને મળ્યા છે. જેથી તેમના પુત્રે પણ સરપંચ પદે સરાહનીય સેવા બજાવી છે. સરપંચ સરદારસિંહ ડે.સરપંચ રામસેંગભાઈ કુંભાભાઈ રબારી, તા.પં.ડેલીગેટ જગશીભાઈ ચૌહાણ તેમજ પંચાયતની તમામ બોડીના સદસ્ય મિત્રો- ગ્રામજનોના સહીયારા પ્રયાસથી વિકાસની દષ્ટિએ જોરડીયાળી ગામે હરણફાળ ભરી છે.

# ધાનેરા જૂની હીંગળાજ નગરમાંથી બાઈકની ઉઠાંતરી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા ખાતે જુની હિંગળાજ નગરમાં રહેતા ભૂરાભાઈ ખત્રી પોતાનું બાઈક ઘર આગળ હતું તે કોઈ તસ્કરો ઉઠાવી ગયા જ્યારે નાનજીભાઈના ત્યાંથી બાઈક ચોરી કરી જુનુ બાઈક તેમના ઘર આગળ મુકી તેમનુ બાઈક લઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ગયો છે આ બાબતે ભૂરાભાઈએ પોલીસને જાણ કરતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

## આજે પાલનપુર ખાતે પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાશે

પાલનપુર

આજે તા.૬ એપ્રિલના રોજ સવારે-૧૦.૩૦ વાગે પાલનપુર કલેકટર કચેરી ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાશે. ત્યારબાદ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણી અંગેની સમીક્ષા બેઠક અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિકારીઓ સાથે રિવ્યું મીટીંગ યોજાશે.

# ઈકબાલગઢમાં બાઈક રેલી સાથે પરશુરામ યાત્રા નિકળી


વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ તાલુકાના ઈકબાલગઢમાં ભારત ભ્રમણ કરતી ભગવાન પરશુરામ યાત્રાનું બાઈક રેલી યોજી અમીરગઢ તાલુકાના ભૂદેવોએ શાનદાર સ્વાગત કર્યુ હતું. ઈકબાલગઢમાં રામજીમંદિર આગળ પરશુરામ યાત્રાના રથનું સ્વાગત કરી ભગવાન પરશુરામની આરતી કર્યા બાદ રથયાત્રાની સાથે આવેલ પરશુરામ અખાડા જયપુરના અધ્યક્ષ રાજેશ્વરજી મહારાજે પરશુરામની જીવનગાથાની ભૂદેવોને સમજણ આપી હતી. અધ્યક્ષના જણાવ્યા અનુસાર આ પરશુરામ યાત્રા ભારતભરમાં જવાની હોઈ ત્રણ વર્ષમાં બાર હજાર ગામોમાં કુલ એક લાખ અગિયાર હજાર કિલોમીટરની યાત્રા થશે. જે તેર માસમાં સતરસો ગામડાઓમાં ભ્રમણ કરી ઈકબાલગઢ ખાતે આવેલ છે. રાજસ્થાન ઝુંઝનુથી નિકળેલ આ યાત્રા ભારત ભ્રમણ બાદ વિદેશમાં પણ જવાની છે.

# ભાભર માર્કેટયાર્ડ દ્વારા મૃતક ખેડુતોના વારસદારોને ચેકનું વિતરણ


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર માર્કેટયાર્ડ દ્વારા અકસ્માતે મૃતક ૮ ખેડુત ખાતેદારોના વારસદારોને ૮ લાખ રૂપિયાના વીમા ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. માર્કેટયાર્ડ દ્વારા ખેડુતો અને તેમના વારસદારોને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લઈ તેનું પ્રિમીયમ ભરે છે. કોઈ ખેડુત કે તેનો વારસદાર અકસ્માતે મૃત્યુ પામે ત્યારે તેને એક લાખની વીમાની રકમ વારસદારને મળે છે. તાજેતરમાં ભાભર પંથકમાં જુદા-જુદા માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલ આઠ ખેડુત ખાતેદારોના વારસદારોને ચેકોનું વિતરણ ભાભર માર્કેટયાર્ડના સભાખંડમાં કરવામાં આવ્યુ હતુ. યાર્ડના ચેરમેન લાલજીભાઈ પટેલ અને સેક્રેટરી બિપીનકુમાર ઠક્કરના હસ્તે મૃતકના વારસદારોને એક-એક લાખના કુલ આઠ ચેક આપવામાં આવ્યા હતા.

# કાંકરેજ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ તરીકે વરણી



પ્રતિનિધિ શિહોરી

ગત તા. ૪/૪/૨૦૧૮ ના રોજ તાલુકા પંચાયતના સભાખંડમાં તાલુકા પંચાયતના ચુંટાયેલ સભ્યોની તાલુકા પંચાયતના પ્રમુખ વરધીલાલ મકવાણાના અધ્યક્ષ સ્થાને મીટીંગ મળેલ. જેમાં બુકોલી સીટના કંચનબેન દિનેશભાઈ ઠક્કરની તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવેલ. જેઓ કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિનેશભાઈ એન. ઠક્કરના ધર્મપત્ની છે. જેમની વરણીથી તેમના સમર્થકોમાં ખુશી છવાઈ હતી.

## આજથી બનાસકાંઠા જિલ્લામાં હર્ષ અને ઉત્સાહભર્યા માહોલમાં ગુણોત્સવ કાર્યક્રમનો પ્રારંભ

**પ્રભારી મંત્રી ઈશ્વરભાઈ પરમાર સહિત મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓ જિલ્લાભમાં શૈક્ષણિક મૂલ્યોકન કરશે**

પાલનપુર

શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થાય તેમજ વિધાર્થીઓને ગુણવત્તાસભર સરસ શિક્ષણ મળે તે માટે સરકારશ્રી દ્વારા વ્યાણપક પ્રયાસો કરવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં અભિવૃધ્ધિ માટે રાજ્ય સરકારશ્રી તમામ વિભાગોના સહયોગથી શિક્ષણ વિભાગ દ્વારા અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. સરકારશ્રીનાં શિક્ષણ માટેનાં વિવિધ સફળ અભિયાનો અન્વાયે આજે તા. ૬ એપ્રિલથી બે દિવસીય ગુણોત્સાવ કાર્યક્રમનો પ્રારંભ થાય છે. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર સહિત મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીશ્રીઓ બનાસકાંઠા જિલ્લામાં વિવિધ પ્રાથમિક શાળાઓની મુલાકાત લઈ વિધાર્થીઓ સાથે સંપર્ક કરી શૈક્ષણિક મૂલ્યાંકન કરશે.

ઉલ્લેખનીય છે કે ગુણોત્સથવ-૮ કાર્યક્રમ અંતર્ગત મહાનુભાવો પ્રાથમિક શાળાઓમાં વિધાર્થીઓની હાજરી અને વર્ગ વ્યઉવસ્થા, ધો. ૨ થી ૫ ના વિધાર્થીઓના શ્રુત લેખન, ગણન કૌશલ્યઓની ચકાસણી કરી ગુણાંકન કરવામાં આવશે. ધો. ૬ થી ૮ ના તમામ વિધાર્થીઓના શ્રુતલેખન, ગણન

અનુસંધાન પાના નં.૬

## ફિલ્ડ રિપોર્ટર્સ પાલનપુર સંગઠન દ્વારા જિલ્લા કલેકટરને શાલ ઓઢાડી વિદાય સન્માન કરાયું


સંજય જોષી

પાલનપુર

સામાજિક દાયિત્વ સાથે પત્રકારત્વ ક્ષેત્રે પાછલા દસ વર્ષથી કાર્યરત ફિલ્ડ રિપોર્ટર્સ સંગઠન દ્વારા વિદાઇ લઈ રહેલા જિલ્લા કલેકટર દિલીપ રાણાનું સન્માન કરાયું હતું.

જિલ્લા કલેકટર કચેરી ખાતે ફિલ્ડ રિપોર્ટર્સ હોદ્દેદારોએ જિલ્લા કલેકટર દિલીપ રાણા સાથે બેઠક યોજી જિલ્લાના વિકાસમાં પત્રકારોનું યોગદાન અને જિલ્લાના પ્રાણ પ્રશ્નો અંગેની ચર્ચા વિચારણા કરાઈ હતી. જિલ્લા કલેક્ટરનું સમગ્ર ફિલ્ડ રિપોર્ટરની ટીમે તેમનું બહુમાન કરી ઉત્તરોતર શ્રેષ્ટ કાર્ય કરવા અંગેની શુભેચ્છાઓ પાઠવી હતી. જિલ્લા કલેકટર દિલીપ રાણાએ જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લામાં પત્રકારોનું હમેશા હૂંફાળો સાથ સહકાર મળ્યો છે તે બદલ તેમણે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# પાલનપુર ખાતે શ્રી પરશુરામ યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું


સંજય જોષી

પાલનપુર

બ્રહ્મ પરશુરામ અખાડા જયપુર આયોજીત ભગવાન શ્રી પરશુરામ યાત્રાનું જીલ્લા મથક પાલનપુર ખાતે ઉમળકાભેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભારત વર્ષના તમામ ભુદેવોને એક સુત્રથી બાંધવાના મહાન સંપર્ક અભિયાનના ભાગરૂપે સંપુર્ણ ભારતમાં એક લાખ અગિયાર હજાર કિલોમીટર પ્રવાસ કરીને ભુદેવોનો સંપર્ક કરવાના સંકલ્પ સાથે નિકળેલી પરશુરામ યાત્રા આજરોજ જીલ્લા મથક પાલનપુર ખાતે આવી પહોંચી હતી. જે યાત્રામાં યુગલ પિઠાધિશ્વર આચાર્ય રાજેશ્વરજી મહારાજ (અધ્યક્ષ) બ્રહ્મ પરશુરામ અખાડા જયપુરનું પાલનપુર ધનિયાણા ચોકડી ખાતે સમસ્ત ભુદેવ પરિવાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.બાદમાં યુવાનોની આગેવાનીમાં નીકળેલી બાઇક રેલી સાથે યાત્રાનું જી.ડી. મોદી કોલેજ નજીક બ્રહ્મ સમાજની બહેનો દ્વારા પુજન કરી યાત્રાનું સામૈયું કરવામાં આવ્યું હતું ત્યારબાદ આ યાત્રા શ્રી પાંત્રીસી બ્રહ્મ સમાજની વાડીમાં સભાના રૂપમાં ફેરવાઇ હતી. જ્યાં યુગલ પિઠાધિશ્વર આચાર્ય રાજેશ્વરજી મહારાજએ સમાજને એક સુત્રથી બાંધવાના મહાન સંપર્ક અભિયાનને સફળ બનાવવા અનુરોધ કર્યો હતો. બાદમાં ભગવાન પરશુરામની આરતી કરી યાત્રાએ આગળ જવા પ્રસ્થાન કર્યું હતું. આ યાત્રામાં સમસ્ત ભુદેવ પરિવારના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# રાંટીલા ગામે સાત દિવસીય ભાગવત કથા યોજાશે

પ્રતિનિધિ લવાણા

દિયોદર તાલુકાના રાંટીલા ગામે આવેલ વૃંદાવન ગૌ શાળા ના લાભાર્થે ગ્રામજનો દ્વારા વીર દાદા ના સાનિધ્યમાં સાત દિવસીય શ્રીમદ્ ભાગવત કથા નું આયોજન કરવામાં આવ્યું છે જે કથાનો શનિવાર ના રોજ વાજતે ગાજતે પ્રારંભ થશે.

બનાસકાંઠા ના દિયોદર તાલુકાના રાંટીલા ગામે વૃંદાવન ગૌ શાળા આવેલ છે જે ગૌ સાળા માં ગ્રામજનો દ્વારા તન મન અને ધનથી ગાયો ની સેવા કરવામાં આવી રહી છે જે ગૌ શાળા ના લાભાર્થે ગ્રામજનો દ્વારા વીરદાદા ના સાનિધ્યમાં તારીખ ૭/૪/૨૦૧૮ થી તારીખ ૧૩/૪/૨૦૧૮ સુધી સાત દિવસીય શ્રીમદ્ ભાગવત કથા નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં દુધરેજ વડવાળા ના સાધુ પ્રેમદાસજી મહારાજ વ્યાસપીઠ ઉપર બિરાજમાન થઇ પોતાના મધુર કંઠ થી શ્રીમદ્ ભાગવત કથા નું રસપાન કરાવશે જેમાં પ્રથમ દિવસે પોથીયાત્રા તેમજ માહાત્મ્ય ની કથા જયારે દ્રિતિય દિવસે કપિલ ભગવાનની કથા તૃતીય દિવસે વામનભગવાન અવતાર કથા ચતુર્થ દિવસે શ્રી કૃષ્ણ જન્મોત્સહવ પંચમ દિવસે શ્રી કૃષ્ણ લીલા ગોવર્ધન લીલા સાસ્ટમાં દિવસે શ્રી કૃષ્ણ રૂક્ષમણી વિવાહ જયારે કથા ની પૂર્ણાહૂતી ના સપ્તમા દિવસે પરીક્ષિત મોક્ષ કથા યોજાશે જોકે શ્રીમદ્ ભાગવત કથા ને લઈ રાંટીલા ગામ ના ગ્રામજનો દ્વારા તડામાર તૈયારી આરંભી દીધી છે.

## લાખણી પે.કે.શાળા-૧ માં તાલુકાના આચાર્યો અને સી.આ.સી.ઓનું સન્માન કરાયું

પ્રતિ. લાખણી

લાખણી પગારકેન્દ્ર શાળા-૧ ખાતે લાખણી તાલુકા માં નિમણૂંક પામેલા H-TAT આચાર્યો અને સી.આર.સી. ઓનો સન્માન સમારોહ પ્રાંત અધિકારી ના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવ્યો હતો.

લાખણી ખાતે આવેલી લાખણી પગારકેન્દ્ર શાળા -૧ ખાતે મંગળવાર ના રોજ શાળા સમય બાદ તાલુકા માં નવીન નિમણૂંક લઈ ને આવેલા ૨૦ H-TAT આચાર્યો અને ૧૮ સી.આર.સી.ઓનો શાળા ના આચાર્ય જોધસિંહ વાઘેલા દ્વારા સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો. દિયોદર પ્રાંત અધિકારી એ.ડી.ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સન્માન સમારોહ માં તમામ આચાર્યો અને સી.આર.સી. ઓનું ધર્મ ના પ્રતીક સમું ભગવદ્ ગીતા નું પુસ્તક અને સ્વછતા ના પ્રતીક સમાન હાથ રૂમાલ આપી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રાંતઅધિકારીએ આચાર્યો નું મહત્વ સમજાવી સાહિત્યની દિલચસ્પ માહિતી આપી હતી.

આ પ્રસંગે લાખણી મામલતદાર ડી.સી.પરમાર, તાલુકાપંચાયત પ્રમુખ મહેશભાઈ દવે, ઉપપ્રમુખ સુરેશભાઈ પટેલ, તાલુકા કેળવણી નિરીક્ષક અશ્વિન ભાઈ પટેલ, મૂળજીભાઈ ગોહિલ, ડૉ. ઉદયસિંહ રાજપૂત, શાંતિભાઈ દેસાઈ વગેરે હાજર રહ્યા હતા.

## પાલનપુર એસ.બી.આઈ તથા રીજીયોનલ ઓફિસ દ્વારા સર્વોદય આશ્રમ સણાલીને રૂા. ૧૦ લાખ નું દાન

પાલનપુર

સર્વોદય આશ્રમ સણાલી તથા દલપુરા પરિસર જે દાંતા તાલુકામાં આદિવાસી અંતરિયાળ વિસ્તારમાં આવેલ છે. અત્યારે પરિસરમાં ૧૫૦૦ કુમાર તથા કન્યા ભણે છે. જેનું સંચાલન આ સંસ્થા ૧૯૪૮ થી કરી રહી છે. પૂ.ગાંધીજીના અંતેવાસી અકબરભાઈ ચાવડાના સ્વપ્નના સિંચન માટે સતત સંન્નિષ્ઠ પ્રયાસો આર.આર.મહેતા ફાઉન્ડેશન- મુંબઈના હર્ષદભાઈ મહેતા તથા ભણસાલી ટ્રસ્ટ-ડીસાના મહેશભાઈ ભણસાલી અને સંચાલક મંડળ દ્વારા આજ પર્યંત થઈ રહેલ છે.

અનુસંધાન પાના નં.૬

# વડગામ આઈસીડીએસ દ્વારા તાલીમ વર્ગ યોજાયો

તા પ્રતિ. વડગામ

સંકલિત બાળ વિકાસ યોજના (આઈ.સી.ડી.એસ) અંતર્ગત વડગામ-૭ કેન્દ્રમાં સીડીપીઓ જ્યોત્સનાબેન નાયીની અધ્યક્ષતામાં ગતરોજ વડગામ છનિયાણા કેન્દ્રોમાં સખી સહેલી કિશોરીઓની તાલીમ યોજાઈ હતી. સુપર વાઈઝર શાંન્તાબેન દેસાઈએ આરોગ્ય પોષણ, શિક્ષણ વિશે માહિતી આપી હતી ઉપરાંત મહેંદીહરિફાઈ રંગોલી હરિફાઈમાં ભાગ લેનાર કિશોરીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું હતું કુલ ૮૦ કિશોરીઓને તાલીમ આપવામાં આવી. હોવાનું સુપર વાઈઝર શાંન્તાબેને જણાવ્યું હતું. વડગામ-છનિયાણા આંગણવાડી કેન્દ્રોના કાર્યકર બહેનોએ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.


**ટેન્ડર નોટીસ**

આથી જણાવવાનું કે, કલેકટરશ્રી બનાસકાંઠાની તેમજ અત્રેના તાબાની મહેસુલી કચેરીઓની સફાઇ / પીવાનું પાણી ભરવાની તેમજ સ્વીપર અંગેની કામગીરી આઉટ સોર્સીંગના ધોરણે કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ કામગીરી કરવા ઈચ્છતી સંસ્થા/ ટ્રસ્ટો / એજન્સીઓ / સ્વસહાય જુથો/ સખી મંડળોએ નીચેની વિગતે ટેન્ડર ભરી મોકલી આપવા આથી વિનંતી કરવામાં આવે છે. ટેન્ડર ઉપર ''સફાઇ / પાણી તેમજ સ્વીપર અંગેની કામગીરી માટેનું ટેન્ડર'' લખવાનું રહેશે.

(૧) કોરા ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ:- ૨૧/૪/૨૦૧૮

(૨)ટેન્ડર ફી :- રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) સદરહુ રકમ કલેકટરશ્રી બનાસકાંઠાના ૦૦૭૦, અન્ય વહીવટી સેવાઓના સદરે ચલણથી જમા કરી તે અંગેના ચલણની નકલ રજુ કરવી. (પરત નહી મળવા પાત્ર)

(૩) ટેન્ડર ભરીને પોસ્ટ દ્વારા બાય આર.પી.એ.ડી.થી પરત લેવાની છેલ્લી તારીખ:- ૨૭/૨૦૧૮ ના ૧૭:૦૦ કલાક સુધી

(૪) ટેન્ડર અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ રૂા.૧૦,૦૦૦/- (ટેન્ડર સાથે જોડવાની) ડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેંકનો કલેકટરશ્રી બનાસકાંઠાના નામનો.

(૫) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:- નિવાસી અધિક કલેકટરશ્રી બનાસકાંઠાની ચેમ્બર, કલેકટર કચેરી બનાસકાંઠા, પાલનપુર તારીખ:- ૦૫/૦૫/૨૦૧૮, સમય:- બપોરે ૧૫:૦૦ કલાકે

(૬) ટેન્ડર મંજુર થયે સિક્યુરીટી ડીપોઝીટની રકમ રૂા.૫૦,૦૦૦/- (પચાસ હજાર) રહેશે.

આ ટેન્ડર કલેકટર કચેરીની હિસાબી શાખામાંથી કચેરીના કામકાજના કલાકો દરમ્યાન બપોરના ૧૨:૦૦ થી ૧૭:૦૦ કલાક દરમ્યાન મળી રહેશે. ઉપરની વિગતો સિવાયનું તેમજ નિયત સમય બાદ અને અધુરી વિગતે તેમજ બાય આર.પી.એ.ડી. સિવાય મળેલ ટેન્ડરો રદ ગણવામાં આવશે. ટેન્ડરની શરતો/સુચનાઓ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપરથી જોઈ શકાશે.

સહી
નિવાસી અધિક કલેકટર
બનાસકાંઠા, પાલનપુર

ક્રમાંક: નામાનિ/પાલન/૯/૨૦૧૮-૧૯

# તંત્રી સ્થાનેથી ...

**રાજપુરોહિતોને રાજાના કરેલા પાપના ફળ ભોગવવા પડે છે.**

## ચાદર બાળે કે મૂર્તિ તોડે કોઈ ધર્મનો નાશ ન થાય, માત્ર વૈમનસ્ય ઉભું થાય

માણસ એક ઝગડાપ્રિય પ્રાણી છે. વખતોવખત તેને કોઈ ઝગડનારૂં જોઈએ. બહાર ઝગડવા કોઈ ન મળે તો ઘરનાઓને કનડે. કચ્છીમાં કહેવત છે કે 'વિડ કાં વિડેવારી દે.' અર્થાત 'યા તો મારી સાથે ઝગડ નહીં તો ઝગડે એવું કોઈ લાવી દે.' માણસ નામનું ઝગડાપ્રિય પ્રાણી વ્યક્તિગત ઝગડા શોધે છે એવું જ નથી. સામુહિક ઝગડા પણ તેને પસંદ હોય છે. જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચે અને કોમ કોમ વચ્ચે ઝગડા થતા રહે છે. અભણ લોકો જ ધર્માંધ થઈને લડતા હોય છે તેવું નથી ભણેલા ગણેલા પણ ઝગડામાં સતત ખાબકતા રહે છે.

આઈએસઆઈએસનો અબુબકર બગદાદી હોય કે ઉત્તર કોરિયાનો કિમ જોન કે પછી અમેરિકાનો રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોઈ અભણ નથી પણ સતત એક બીજા સામે ઘુરકિયા કરતા રહે છે. પણ આજે આપણે એવડે છેટે નથી જવું. ભારતમાં જ આ વિકટ સમસ્યાની ચર્ચા કરવી છે.

ભારત પંચરંગી પ્રજાનો દેશ છે. અહીં વિવિધ જાતિઓ અને વિવિધ ધર્મો પોષાય છે. આમ તો મોટાભાગે તેઓ સંપીને રહે છે. પરસ્પર વેપાર વ્યવહાર કરે છે. એક બીજાના પ્રસંગોમાં સાથે ઉભા રહે છે પણ માણસ તરીકેની ઝગડાપ્રિયતા પણ વખતોવખત દેખાડતા રહે છે. ઝગડાનું મન થાય ત્યારે બે બે હાથ કરી લે છે. દેશમાં ઈસાઈઓની વસ્તી માંડ દોઢ બે ટકા છે પણ જ્યાં છે ત્યાં તેઓ ક્યાંક હિન્દુઓ સાથે તો ક્યાંક મુસ્લિમો સાથે આથડી લે છે. હિન્દુઓ અને મુસ્લિમો પણ લાગ આવે ઈસાઈઓ સાથે જામી પડે છે. હિન્દુ અને મુસ્લિમ પરસ્પર આથડવા માટે વધુ પ્રસિદ્ધ છે. આપસમાં ધોલધપાટ કરીને જ માત્ર બેસી નથી રહેતા. એક બીજાના ભગવાન કે અલ્હાને પણ છોડતા નથી. ક્યારેક ક્યાંક કોઈ દરગાહની ચાદર બાળી આવે છે તો ક્યાંક કોઈક મૂર્તિ કે દરગાહ તોડી આવે છે. કેમ જાણે એમના એ 'કૃત્ય'થી એક આખા ધર્મનો નાશ થઈ શકવાનો હોય ?! ક્યારેક રમખાણો કરીને નાની મોટી સંખ્યામાં એક બીજાના ઢીમ ઢાળતાં પણ આ ઝગડાપ્રિય પ્રાણીઓ અચકાતા નથી. આપણે માનીએ છીએ કે મુસલમાને હિન્દુને વેતરી નાખ્યા કે હિન્દુઓ મુસલમાનને કાપી નાખ્યો. પણ હકીકતમાં તો માણસ માણસ કાપે છે. માણસ માણસાઈને હણે છે. ૨૦૦-૫૦૦ કે તેથી પાંચ પચીસ ગણા મુસલમાનોની હિન્દુઓ દ્વારા હત્યા થઈ જાય તેથી ઈસ્લામ દુનિયામાંથી સાફ થઈ જતો નથી. એવી જ રીતે મુસ્લિમો હિન્દુઓને નાની મોટી સંખ્યામાં પૂરા કરી નાખે તેથી હિન્દુ ધર્મ પૃથ્વી પરથી લુપ્ત થઈ જવાનો નથી. પણ કાપાકાપી ખૂન્નસથી આવી હરક્ત કરે છે ત્યારે તેને એમ જ છે કે તે દિગ્વિજય કરી રહ્યો છે સામાનો ધર્મ હવે ગયો જ સમજો. વાત હિન્દુ-મુસ્લિમની જ નથી, વાત ઈસાઈની જ પણ નથી. શીખો કે બૌદ્ધોની જ નથી. જાતિ જાતિ વચ્ચે પણ એવો જ સંઘર્ષ છે. ક્યાંક કોઈ બેસવા ઘોડી ખરીદે તો તેને વાઢી નખાય છે. આ બધું શું છે ? માણસ જાતની ઝગડાપ્રિયતા જ છે.

દુનિયાની દરેક સંસ્કૃતિ પોતાને મહાન કહેવડાવે છે પણ તેની મહાનતા ઝગડાથી શરૂ થાય છે અને ઝગડાથી પુરી થાય છે. ઈસ્લામના નામે પાકિસ્તાન રચાયું, ભારત માતાને ચીરીને વચ્ચે સરહદ કંડારીને મુસલમાનોને તેમનો અલગ દેશ અપાયો તો પણ સરહદની બન્ને બાજુ ધર્મના નામે કજિયા બંધ નથી થયા. ઈસ્લામ અને અલગ દેશ તો બહાનુ હતું મૂળ તો ઝગડાપ્રિય પ્રાણીની ઝગડો કરવાની ખ્વાહિસ હતી. વ્યક્તિગત અને સામુહિક ઝગડાઓ થાય છે તેમ ધાર્મિક અને રાજકીય ઝગડાઓ થાય છે. વખતોવખત ઉભા થતા આંદોલનો ઝગડા સંસ્કૃતિનું જ પરિણામ છે. ઝગડાપ્રિય આંદોલનકારીઓ અન્યોના જાનમાલને નુકશાન પહોંચાડે અને તેના પગલે તેમની સામે કાર્યવાહી થાય તો તેઓ સરકાર સાથે ઝગડે છે.

પ્રાણી જન્મે છે તે મરવા માટે જ. પણ પ્રાણીઓમાં માણસ નામનું પ્રાણી માત્ર મરવા માટે જ નથીજન્મતું. ઝગડવામાં પણ તેના જન્મની એટલી જ 'સાર્થક્તા' છે. શેરીમાં નાના છોકરા લડે છે, ત્યાં સુધી ઠીક છે પણ ઘરમાં બે ભાઈઓઝગડતા ઝગડતા કોર્ટમાં પહોંચે છે. તો પાડોશીઓ શા માટે ઓછા ઉતરે ? પાડોશમાં કોઈ મકાન બાંધે તો કોઈ ને કોઈ પાડોશી પ્લોટની હદ નહીં તો છેવટે 'આ બારી અહીં નાખવાથી મારી પ્રાયવસી જોખમાશે' એવો વાંધો ઉભો કરી પોતાની ઝગડાપ્રિયતા સિદ્ધ કરે છે.

## જૈન ધર્મનું ભારતીય વિચારધારામાં પ્રદાન વિષય પર વડોદરામા ૭મીએ વાર્તાલાપ

વડોદરા

"જૈન ધર્મનું ભારતીય વિચારધારામાં પ્રદાન" વિષય પર તજજ્ઞ વક્તા પરાગભાઈ શાહ તા.૭ ને શનિવાર સાંજે ૭ કલાકેવડોદરાના માંજલપુરના વિશ્વામિત્રી વિસ્તારનાસદગુરુ કબીર જ્ઞાનાશ્રમ ખાતે વકતવ્ય આપશે.તેઓના વકતવ્યમાધર્મ અને દર્શનઃ ભેદ અને સંબંધ,જૈન ધર્મની રૂપરેખા,જૈન દર્શન અને તેની વિશેષતાઓ, ભારતીય વિચારધારાની ઝલક,વિચારધારા અને જીવન શૈલીની છણાવટ કરશે. વક્તા પરાગ ભાઈ, વિજ્ઞાન શાખાના સ્નાતક છે, વંચિત અને પછાત બાળકો માટે, કશુંક કરવાની ઈચ્છાથી પ્રેરાઈ, વ્યવસાય આટોપી, હાલમાં સંપૂર્ણ રીતે સમાજ સેવાના કામો માં, નિવૃત જીવનનો સદુપયોગ કરે છે.ગાંધીજીવનથી પ્રેરિત થઈ, ખાદીને વર્યા છે, અને ગાંધી વિચારધારાથી સંલગ્ન સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.ધાર્મિક અને આધ્યાત્મિક વાંચનમાં રુચિ છે અને જૈન દર્શનના અભ્યાસુ છે, એટલું જ નહીં, પરંતુ, જીવનને પણ આદર્શ અનુરુપ બનાવવાના પ્રયત્નોમાં લાગેલા રહ્યા છે.

<u>આત્મચિંતન</u>

## બુધ્ધિ અને ચિંતન

બુધ્ધિનો સંસ્કાર કરવો યોગ્ય છે પરંતુ હ્રદયને સંસ્કારીત કરવું તે નિતાંત આવશ્યકતા છે.. બુધ્ધિમાન અને વિદ્વાન બનવાથી મનુષ્ય પોતાના માટે ધન અને માન પ્રાપ્ત કરે છે પણ નૈતીક દ્રષ્ટીથી તે પહેલી કક્ષામાં પતીત પણ થઈ શકે છે. આત્માને ઉંચે ઉઠાવવી અને માનવતાને આદર્શો પર ચલાવવા માટે પ્રકાશ પ્રાપ્ત કરવો હ્રદયના વિકાસ પર જ નિર્ભર છે. બુધ્ધિ આપણને તર્ક કરતાં શીખવે છે અને આવશ્યકતાઓની પૂર્તિનું સાધન શોધે છે. જેવી આકાંક્ષાઓ અને માન્યતાઓ હોય છે તેને અનુરૂપ દલીલ શોધી નીકાળવું જ તેનું કામ છે પરંતુ ધર્મ કર્તવ્યો તરફ ચાલવાની પ્રેરણા હ્રદયથી જ પ્રાપ્ત થાય છે.

જ્યારે કયારેય પણ બુધ્ધિ અને હ્રદયમાં મતભેદ થાય, બંને અલગ અલગ માર્ગ બતાવતા હોય તો આપણે હંમેશા હ્રદયનું સન્માન અને બુધ્ધિનો તિરસ્કાર કરવો જોઈએ.બુધ્ધિ દગો આપી શકે છે પરંતુ હ્રદયનું હોકાયંત્રની સોય હંમેશા સાચી દિશાનું જ માર્ગદર્શન કરશે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## સ્કેફલર ઈન્ડિયા વિકલાંગ યુવતીઓને વડોદરામાં હોપ અંતર્ગત વોકેશનલ ટ્રેનીંગ આપી સશક્ત બનાવે છે




વડોદરા

સ્કેફલર ઈન્ડિયા લિમિટેડ (અગાઉ એફએજી બેરિંગ્સ ઈન્ડિયા લિ.)એ તેની ૨૩ ગરીબ, વિકલાંગ અને મૂકબધિર મહિલાઓની પ્રથમ બેચનું સમાપન કર્યાની ઘોષણા કરી હતી, જેનું આયોજન તેના સશક્તિકરણ પ્રોજેક્ટ નિટારા દ્વારા હોપ અંતર્ગત કરવામાં આવ્યું હતું. સીએસઆર પ્રોગ્રામ 'હોપ' અંતર્ગત સ્કેફલર ઈન્ડિયાએ બ્યુટી અને વેલનેસ સર્વિસીઝમાં તાલીમ આપવા માટે વિકલાંગ (મૂકબધિર) યુવતીઓ માટે તકોના દ્વારા ખુલ્લા મૂક્યા છે. આ પ્રોગ્રામ સોશિયલ એન્ટરપ્રાઈઝ લેબરનેટની મદદ સાથે ચલાવવામાં આવે છે જે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં પુરૂષો, મહિલાઓ અને યુવાનોને ગુજરાન ચલાવવા માટે સક્ષમ રાખે છે. હોપની એક મહત્ત્વપૂર્ણ ફિલોસોફીનો હેતુ રોજગારી માટે કૌશલ્ય પ્રદાન કરવા અને વધુ એમ્પ્લોયેબલ ઈન્ડિયન વર્કફોર્સ સર્જવા માટેનો છે. નિટારા મહિલાઓને સાંકેતિક ભાષામાં મેકઅપ અને હેર ડ્રેસિંગ ટ્રેનીંગની કલા શીખવીને તેમને રોજગારી કમાવવાની સાતત્યપૂર્ણ તકો આપે છે. આ પ્રોગ્રામનું લક્ષ સ્કીલ બિલ્ડીંગ, સ્વરોજગારને સમર્થન આપીને તથા જોબ પ્લેસમેન્ટ દ્વારા મહિલાઓ માટે કમાણીની તકો આપવા પર રહે છે. નિટારાનો વિચાર જુલાઈ ૨૦૧૬ાં સ્કેફલર ઈન્ડિયાએ વિકલાંગ લોકોને સ્વાયત્ત બનાવવા માટે અને તેમની રોજગારીની તકો વધારવા માટે ડેમોન્સ્ટ્રેટિવ મોડેલ્સ સ્થાપવાના હેતુથી કરાયો હતો.પોતાના ઈમ્પ્લીમેન્ટેશન પાર્ટનર લેબરનેટની મદદથી નિટારા ૬ મહિનાના ડિપ્લોમા કોર્સ દ્વારા કે જેમાં ૩ મહિનાનો એનએસડીસી સર્ટિફિકેશન કોર્સ બ્યુટી થેરાપિસ્ટ અને હેર સ્ટાઈલિસ્ટ માટેનો છે તેના દ્વારા ઓન જોબ થિયેટ્રીકલ ટ્રેનીંગ આપવામાં આવે છે.

## ભારતમાં ત્રણ નવા નોકિયા સ્માર્ટફોન લોન્ચ કરવામાં આવ્યા



હોમ ઑફ નોકિયા ફોન્સ, એચએમડી ગ્લોબલે આજે ભારતમાં નોકિયા ૮ સિરોકો, નોકિયા ૭ પ્લસ અને નવો નોકિયા ૬ ઉપલબ્ધ હોવાની ઘોષણા કરી. આ એવોર્ડ વિનિંગ નવા એન્ડ્રોયડ વન નોકિયા સ્માર્ટફોન આ વર્ષે ફેબ્રુઆરીમાં મોબાઈલ વર્લ્ડ કૉંગ્રેસમાં રજૂ કરવામાં આવ્યા હતા. "૨૦૧૭નું વર્ષ અમારા માટે મહત્વપૂર્ણ રહ્યું દેશમાં અમે બિઝનેસ ઑપરેશન્સ સ્થાપિત કર્યા અને ડિવાઈસેઝનો પોર્ટફોલિયો લોન્ચ કર્યો, જેને ગ્રાહકોનો શાનદાર પ્રતિસાદ મળ્યો. અમે ઑફલાઈન તથા ઑનલાઈન ચેનલોમાં અમારી પહોંચનો વિસ્તાર કરવા માટે ભારતમાં અમારી પ્રતિબદ્ધતાને આગળ વધારીશું. નોકિયા ફોનના નવા ઘરમાં અમારી યાત્રાને આગળ વધારતા અમારો હેતુ અમારા સ્માર્ટફોન પોર્ટફોલિયોનો વિસ્તાર કરીને શાનદાર હાર્ડવેર ક્વૉલિટી અને લેટેસ્ટ એન્ડ્રોયડ અનુભવની સાથે પ્રીમિયમ સ્માર્ટફોન અનુભવ પસંદ કરનારા ગ્રાહકોને સેવાઓ આપવાનો છે."

## હિમાલયા સન પ્રોટેક્ટ ઓરેન્જ લિપ કેર સાથે આ સમરમાં તમારા હોઠોનું રક્ષણ કરો




હિમાલયા દ્વારા સન પ્રોટેક્ટ ઓરેન્જ લિપ કેર લોન્ચ કરાયું છે, જે સૂર્યના હાનિકારક યુવી કિરણો સામે અસરકારક રક્ષણ માટે ઉત્તમ લિપ બામ છે. ઓરેન્જના મજેદાર સ્વાદ અને નૈસર્ગિક વિટામિન ઈ સારપ સાથે આ લિપ બામ હોઠોનું રક્ષણ કરવા સાથે તેને હાઈડ્રેટ કરે છે અને નમી પણ આપે છે. હોઠ તુલનાત્મક રીતે ચહેરા કરતાં પાતળા હોય છે અને ઉનાળામાં સૂર્યને એકધારી સન્મુખતા થવાથી કાળા પડી શકે છે. આથી હોઠોને વધારાની સંભાળ આપવાનું મહત્ત્વપૂર્ણ છે.હિમાલયા સન પ્રોટેક્ટ ઓરેન્જ લિપ કેર ઓરેન્જની સારપથી સમૃદ્ધ છે, જે તેના ફોટો- રક્ષણ અને ત્વચાનું કંડિશનિંગ કરતા ગુણો માટે માટે ઉત્તમ જ્ઞાત છે. તે ઉનાળામાં હોઠોને અત્યંત જરૂરી રક્ષણ આપવા માટે SPF 30 and PA+++દ્વારા પાવર્ડ છે. હિમાલયા સન પ્રોટેક્ટ ઓરેન્જ લિપ કેર યુનિટ દીઠ રૂ. ૧૭૫ની એફોર્ડેબલ કિંમતે મળશે

## અંકિત રાજનો 'શાયરાના' અંદાજ



સોની ટીવીના 'યે પ્યાર નહીં તો ક્યા હૈ' શોના આકર્ષક કલાકાર અંકિત રાજ, સ્ક્રીન પર પોતાની હાજરીથી દર્શકોનું ધ્યાન ખેંચી રહ્યા છે. કાર્તિક રેડ્ડીના પાત્રમાં તેના પરફોર્મન્સની ઘણી પ્રશંસા થઈ રહી છે. આ શો અનુષ્કા અને સિદ્ધાંતની પ્રણય કહાની પર આધારીત છે, જેઓ વર્તમાન પેઢી સાથે સંકળાયેલા છે. તેની વાસ્તવિક બાબતને ધ્યાનમાં રાખીને ક્રિએટીવ ટીમ અને કન્ટેન્ટ ટીમે વાસ્તવિક દિલ્હીને પડદા પર જીવંત કરવા માટે ઘણી મહેનત કરી છે. તેઓ મૂળભૂત બાબતો સાથે વળી રહ્યા છે અને શક્ય હોય ત્યાં સુધી કહાનીના પ્રવાહને વાસ્તવિક રાખવાનો પ્રયાસ કરે છે.આ શોમાં ડાઈલોગબાઝી ઘણી વધારે છે અને તેના વાક્યો ખૂબ પ્રભાવશાળી છે તેમજ દરેક વ્યક્તિ નિવેદન આપવામાં માને છે. અન્ય ઘણા શો કરતા અલગ, યે પ્યાર નહીં તો ક્યા હૈ ખૂબ જ તાજગી લાવી દેનારો છો અને. અંકિત રાજ પોતાના નિયમિત ડાયલોગ્સ ખૂબ જ સરળતાથી બોલે છે પરંતુ એવું ધ્યાનમાં આવ્યું છે કે તેનો 'શાયરાના' અંદાજ પણ ઘણો નિરાળો છે અને તેની વાત કરવાની શૈલીથી દરેક વ્યક્તિ પ્રભાવિત થઈ જાય છે.

યે પ્યાર નહીં તો ક્યા હૈ જુઓ સોમવારથી શુક્રવાર રાત્રે ૧૧ વાગે માત્ર સોની એન્ટરટેઈન્મેન્ટ ટેલિવિઝન પર!

## આકાંક્ષા જુનેજા કલર્સના ઈશ્ક મે મરજાવાંમાં વેદિકા તરીકે પ્રવેશ કરે છે



કલર્સની લોકપ્રિય પ્રેમ કહાણી, 'ઈશ્ક મે મરજાવાં' વૈમનસ્ય અને દુષ્ટતાના પોતાના વિવિધ શેડસ સાથે પોતાના અગાઉથી જ રોમાંચક એવા પ્લોટમાં એક વધુ રસપ્રદ ઉમેરો કરે છે. વેદિકા નામના પાત્રનો થઈ રહેલ પ્રવેશ, ચુલબુલી આકાંક્ષા જુનેજા દ્વારા ભજવવામાં આવશે, તે દીપ (અર્જુન બિજલાની) અને આરોહી (આલિશા પંવાર) વચ્ચેના વર્તમાન સમીકરણોમાં ભારે પરિવર્તન આણનાર મોટા વળાંકની ખાતરી છે.

અનયો માંહે મેરી આશિકી તુમ સે હી, સાથ નિભાના સાથિયા અને સૌભાગ્યવતી ભવ જેવા ઘણાં બધાં ટીવી શોનો ભાગ રહી ચૂકેલ, આકાંક્ષા જુનેજાએ પોતાની નકારાત્મક ભૂમિકાઓ મારફત દર્શકોની કરોડરજજુ પર ચાબખા માર્યા છે. એક વખત ફરીથી, તેણીનું નવું પાત્ર વેદિકા એટલું કહી શકાય કે રોમાંચક હશે.

દર સોમવારથી શુક્રવાર સાંજે ૭.૩૦ કલાકે પકડી પાડો ઈશ્ક મેં મરજાવાં, ફક્ત કલર્સ પર

## મિસ ફેબ, મિસ્ટર ફેબ અને મિસીસ ફેબનું માટેના ઓડિશન ૮ એપ્રિલે અમદાવાદમાં




શું તમે તમારા શહેરમાં સૌથી મોટી ફેશન ઈવેન્ટ માટે તૈયાર છો? અતિ મોહક અને કલ્પિત ફેશન શો મિસ ફેબ, મિસ્ટર ફેબ અને મિસીસ ફેબનું માટેના ઓડિશન ૮ એપ્રિલ, ૨૦૧૮ ના રોજ અમદાવાદ શહેરમાં ૧૨ વાગ્યાથી યોજાશે. આ ઈવેન્ટ યશ ભુપતાની અને કયુનોક્સ એડવર્ટાઈઝના વૈશાલી વર્માના દ્વારા આયોજન કર્યું છે. તેથી તમારા કેલેન્ડર્સને ચિહ્નિત કરો, તમારી રીમાઈન્ડર્સ સેટ કરો અને મોહક અને કલ્પિત ફેશન શો આવવાનું ભૂલશો નહીં. મિસ ફેબ ને મુંબઈ, પૂણે, સુરત અને અન્ય ઘણા શહેરોમાં સફળ રન થયા છે. કેયુનોક્સ એડવર્ટાઈઝ તેમના વર્ગ અગ્રણી ઉત્પાદન અને સંપૂર્ણતા માટે જાણીતા છે, કયુનોક્સ શહેરો પછી સુપર હિટ શો શહેરો પહોંચાડવા માટે ખબર મિસ ફેબ, મિસ્ટર ફેબ અને મિસીસ ફેબનું અમદાવાદની ઓડિશન નીચે જણાવેલા કાર્યક્રમમાં યોજાશે :સરનામું:આર્મ સ્ટ્રોંગ જિમ,૩ જી માળ,ગુલમોર પાર્ક મોલ,ઈસ્કોન ચાર રસ્તા,અમદાવાદ સ્પોટ રજિસ્ટ્રેશન માટે રસ ધરાવનાર સહભાગીઓ ૮ મી એપ્રિલે ૧૨ વાગ્યે તેમની નોંધણી માટે પહોંચી શકે છે. મિસ એન્ડ મિસ્ટર કેટેગરીના ઉંમર જૂથ ૧૬ વર્ષથી ૩૦ વર્ષ (અનવિવાહિત જ) અને શ્રીમતી કેટેગરી ૧૮ વર્ષથી ૪૫ વર્ષની છે.આ ઓડિશનને જાણીતા જ્યુરી મેમ્બર દ્વારા અવગણવામાં આવશે અને તેનો નિર્ણય કરવામાં આવશે - શ્રી ક્રાંતિ શાનબાગ (મુવી નિર્માતા), શ્રીમતી પ્રીતી અગ્રવાલ (શ્રીમતી ઈંડિયા રાણી ઓફ સબસ્ટન્સ ૨૦૧૭) અને ઈવેન્ટના આયોજકો. ઓડિશનમાં ૨ રાઉન્ડનો સમાવેશ થશે, જેમાંથી એક સ્ટેજ હાજરી, સંતુલન અને અભિગમનું મૂલ્યાંકન કરશે. બીજા રાઉન્ડ પરિચય રાઉન્ડ હશે, જેમાં પ્રતિસ્પર્ધીઓએ પોતાની ટૂંકી પરિચય આપવો પડશે અને ભૂલશો નહીં પ્રથમ છાપ સૌથી વધુ ટકી રહેશે. આ જૂરી તમામ સ્પર્ધકોએ સારા દેખાવ અને પ્રતિભા સંપૂર્ણ સંયોજન માટે ચોકી પર હશે. આશા છે કે તમે બધા તમારા શ્રેષ્ઠ ફેશનેબલ મિસ ફેબ, મિસ્ટર ફેબ અને મિસીસ ફેબનું માટેના ઓડિશનને ભૂલશો નહીં. ઑડિશન ૮ એપ્રિલ, ૨૦૧૮ ૧૨ વાગ્યાથી ચાલુ છે. આ મોહક અને ફેશનની દુનિયામાં તમારી સીડી બની શકે છે.

## ઝી ટીવીના ડીઆઈડી લી'લ માસ્ટર્સ પર પ્રભુદેવાનો ૪૫મો જન્મદિવસ ઉજવાયો



આ સપ્તાહને અંતે, શનિવાર ૭મી એપ્રિલ, ૨૦૧૧૮ ના રોજ રાત્રે ૯ વાગ્યે, અદ્દભુત મનોરંજનની તૈયારી થઈ રહી છે, કારણ-કે, ઝી ટીવીના પ્રસિદ્ધ ડાન્સ રિયાલિટી શો ડીઆઈડી લી'લ માસ્ટરના બ્લોકબસ્ટર બચ્ચે રેડ કાર્પેટ પર ડાન્સ ગુરુ પ્રભુદેવા માટે હોટ પર્ફોર્મન્સ આપશે. તેની આગામી ફિલ્મ મર્ક્યુરીના પ્રમોશન માટે સેટની મુલાકાત લેતા ડાન્સ માઈસ્ટ્રોએ દરેક સ્પર્ધકોને તેમના શ્રેષ્ઠ મૂવ્સ કરતા જોયા. પરંતુ, જ્યારે પ્રભુદેવા, ભારતના 'ગોડ ઓફ ડાન્સ' પણ આ પર્ફોર્મન્સ જોઈને આશ્ચર્યમાં પડી ગયા, આ ઉપરાંત તેને વધુ આશ્ચર્ય ત્યારે થયું જ્યારે શોની ટીમએ સામાન્ય રીતે અત્યંત શાંત રહેતા આ અભિનેતા-કોરિયોગ્રાફરની આગામી જન્મદિવસની સેટ પર ઉજવણી કરી!

પ્રભુદેવાના આદરના ભાગરૂપે તેને ડાન્સ ભૂમિમાં 'ગોડ'નું પદ મળ્યું છે, બ્લોકબસ્ટર બચ્ચેએ તેમના માટે એક ખાસ અંજલી આપવાનું આયોજન કર્યું હતું. આ આકર્ષક પર્ફોર્મન્સની સાથે તેના પ્રતિકાત્મક ગીતને ફક્ત પ્રભુદેવાને જ નહીં પરંતુ જજ ચિત્રાંદગા સિંઘ, સિદ્ધાર્થ આનંદ અને મર્ઝી પેસ્તોનજીને પણ એટલા જ અસરકર્યા. અને, આટલાથી અટકતું નથી, આ પ્રસિદ્ધ ડાન્સર ત્યારે સૌથી વધુ આશ્ચર્ય પામ્યા જ્યારે તેના માટે અલવિદા કહેવા બીજી એક મોટી સરપ્રાઈઝ તૈયાર કરી હતી. જેમાં જજ, સ્પર્ધકો અને હોસ્ટએ પ્રભુદેવાને મોટી કેક દ્વારા તેના ૪૫મા જન્મદિવસની ઉજવણી કરવાનું નક્કી કર્યું. સુપ્રસિદ્ધ ડાન્સર પ્રભુદેવાને ડાન્સની શ્રદ્ધાંજલી આપવાની સાથોસાથ ડીઆઈડી લી'લ માસ્ટર્સના બ્લોકબસ્ટર બચ્ચાઓએ કેટલાક પાવર પેક્ડ પર્ફોર્મન્સ પણ આપ્યા હતા. જેમાં અત્યંત સુંદર અને નજાકત ભરેલી સ્પર્ધક બ્રિન્દા દલાલે 'સલામ એ ઈશ્ક' પર કન્ટેમ્પરરી પર તેનો હાથ અજમાવ્યો હતો અને તેના આકર્ષક પર્ફોર્મન્સથી જજ પર પોતાની છાપ છોડી હતી અને સિતારા ડાન્સર સુર્યા શ્રીજીતે જજ અને પ્રભુસરના દિલ જીતી લિધા હતા તેના આશ્ચર્યજનક પર્ફોર્મન્સ 'પ્યારી સખી' પર. શોના સૌથી નાના સ્પર્ધક સ્ટેસી એ તેના પર્ફોર્મન્સ 'અલ્લાહ દુહાઈ હૈં' દ્વારા દરેકના દિલ જીત્યા હતા અને ડાન્સ જોડી મન અને મિતએ તેના 'હમસફર' પરના પર્ફોર્મન્સ પર સ્ટેન્ડિંગ ઓવિએશન મેળવ્યું હતું.

પ્રભુદેવા સરના જન્મદિનની ઉજવણીની સાક્ષી બનવા માટે જોવાનું ચુકતા નહીં, ડીઆઈડી લી'લ માસ્ટર્સ, આ સપ્તાહને અંતે રાત્રે ૯ વાગ્યે ફક્ત ઝી ટીવી પર!

## અમેરિકન પૂર્વ પ્રમુખ : અબ્રાહમ લિંકન

લ્યુસી હેકન્સ નામની એક સ્ત્રી હતી તે સ્વર્ગની અપ્સરા જેવી લાગતી હોવાથી પુરૂષો તેનાથી સંમોહિત થઈને તેની પાછળ પડવા લાગ્યા. પરીણામે તે સમાજમાં કલંકિત થઈ ગઈ તે પવિત્ર હતી છતાં લોકો તેને અપવિત્ર સમજતા ત્યારે તેને કહ્યુ હતુ કે મારા સંતાનો મને કલંક મુક્ત કરશે તેના લગ્ન પછી તેને આઠ સંતાનો થયા સમય જતાં તેના બે પુત્રો પાદરી થયા.

લ્યુસીની એનોરસ પુત્રીનો પુત્ર અમેરિકાનો પ્રમુખ બન્યો અને તે જ અબ્રાહમ લિંકન લિંકનનો જન્મ ઈ.સ.૧૮૦૮ માં થયો હતો. માતા નેન્સી અને પિતા થોમસ લિંકન ૧ વર્ષનો હતો ત્યારે જ તેની માતા નેન્સી મૃત્યુ પામી હતી. જંગલમાંથી ફળ લઈ આવવા શિક્ષકે તે પ્રાંતમાં, શાળા ખોલી લિંકન છ કિ.મી. ચાલીને શાળાએ જતો. તે પુસ્તક ખરીદી શકે તેવી પરિસ્થિતિ ન હતી. તે સમયમાં કાગળ બહુ મોઘા મળતા હોવાથી તે લાકડાના પાટિયા ઉપર લખતો અને તે લખાણથી ભરાઈ જાય ત્યારે તેને લુસીને તેના પર ફરીથી લખતો અદાલતોના સત્ર ચાલુ થયા ત્યારે તે ચુકાદા સાંભળવા જતો રવિવારે તે ચર્ચના પાદરિનુ પ્રવચન સાંભળવા જતો અને તે કામે જતો ત્યારે ઝાડ પર ચઢીને પાદરીના પ્રવચનનુ અનુકરણ કરતો ત્યારે તેને ખબર ન હતી કે તેનામા વકીલ થવાની ક્ષમતા છે. પ્રાંતમા રોગચાળો ફેલાવવાને કારણે લિંકન પરિવાર સ્થાળાંતર કરી બીજા પ્રાંતમાં વસવાટ કરવા લાગ્યો.

લિંકને કાયદાનો અભ્યાસ શરૂ કર્યો અને વકીલાત શરૂ કરી વકીલાતમાં તે કોઈની પાસે વધારે ફી લેતો નહી તેની સ્થિતિ ખુબ દયનીય હોવાથી તેને રાજકારણમાં ઝંપ લાવ્યું પોતાના પ્રાંતમાં ઈ.સ.૧૮૩૬, ૧૮૩૮, અને ૧૮૪૪ માં ચૂંટાઈ આવ્યો આતો નાની જીત હતી. રાષ્ટ્રપતિ સુધીનો સફર સહેલો ન હતો ઘણી વિટંબણા તેના માર્ગમાં રાહ જોતી બેઠી હતી.

મેરી ટાંક નામની એક સ્ત્રી હતી. તે ધનવાન ઘરમાં જન્મી હોવાથી તેને અભિમાન હતુ કે તે પરણશે તો અમેરિકાના પ્રમુખ સાથે જ પરણશે. લિંકન રાષ્ટ્રપ્રમુખનો ઉમેદવાર હતો. મેરી ટાંક ડગ્લાસ સાથે પરણવા ઈચ્છતિ હતી. પરંતુ ડગ્લાસ સાથે મતભેદ થતા તે લિંકન તરફ આકર્ષવા લાગી પરંતુ મેરી અભિમાની હોવાને કારણે લિંકનને તે પસંદ ન હતી. પરંતુ સામાજિક કારણોસર મેરી સાથે તેને લગ્ન કરવા પડ્યા સમય જતા લિંકને પણ કબુલ કરેલુ કે આ લગ્ન તેના પર ઠોકી દેવામાં આવ્યા છે. આ દરમિયાન તે રાષ્ટ્રપ્રમુખનો ઉમેદવાર હોવાથી કોઈ કારણસર લોકો તેને ઉમેદવાર કહેવા લાગ્યા ત્યારે લિંકને કહ્યુ કે "હું ઈલિનાઈ પ્રાંતમાં એક મિત્રહીન, વિહાંણા છોકરા તરીકે આવ્યો હતો. આ વહાણ બનાવવાનુ કામ કરતો હરણના ચામડાનું પેન્ટ હતુ જે ભીનુ થવાને કારણે સંકોચાતુ ગયું. તેથી પાણીના લીલા કોર આજ સુધી તમે મારા પગ પર જોઈ શકશો. છતાં તમે મને ઉમરાવ કહેતા હોય તો હું તમારા આક્ષેપોને સ્વીકારવા તૈયાર છું. લોકો એ ચીચયારી કરી મુકી લિંકન અમેરિકામાં છવાઈ ગયા. તેના લોકમતમાં પણ વધારો થયો. પરંતુ અંતે તે હાર્યો.

લિંકન પાછો વકીલાત તરફ વળ્યો. વકીલાતમા તે કોઈકવાર પૈસા પણ ન લેતો અને જો પૈસા લે તો નક્કી કરેલ રકમ કરતા અડધી જ રકમ લેતો ઘરની આવક વર્ષે ૩૦,૦૦૦/- ડોલર હતી. મેરી ટોકને લિંકન "ગોલાયા ઠરવાજ અવતર્યો હોય તેવુ લાગતું હતું. તેના મનમાં સોનેરી વિચાર આવ્યો. અને તે પાછો રાજકારણમાં આવ્યો. તેને ખબર હતી કે રાષ્ટ્રપતિ બનવુ ઘણુ દુર્ગમ છે. અને રાષ્ટ્રપ્રમુખ બનવુ "લોઢાના ચણા ચાવવાને બરાબર છે." હતા તે રાજકારણમાં આવ્યો ઘણી વખત હાર્યો અનેક મુશ્કેલીઓ મળી પરંતુ "કોશીષ કરને વાલો કી કભી હાર નહી હોતી" અંતે લિંકનની જીત થઈ. લિંકન વ્હાઈટ હાઉસમાં પહોંચ્યો.

લિંકને રાષ્ટ્રપ્રમુખના પદે આવ્યાને માંડ ૨૪ કલાક થયા હતા અને મોટી સમસ્યા સામે આવીને ઉભી થઈ ગઈ અડધુ અમેરિકા ગુલામ અને અડધુ સ્વતંત્ર હોવાને કારણે "આંતવિગ" શરૂ થયો લિંકન પાસે સેના હતી પણ સેનાપતિ ન હતો. ઘણા લોકોને લિંકન સાથે વેર હોવાને કારણે યુધ્ધ દરમિયાન લિંકનને ત્રણ સેનાપતિ બદલવા પડ્યા. લિંકને ઘણી મહેનત કરી અને અંતે માંડ - માંડ આંતરવિગ્રહ બંધ થયો કેટલાક રાજકારણીઓએ લિંકનને કહ્યુ કે "તુ રાજવહિવટ ચલાવવાને બિલકુલ નાલાયક છે" એક વકીલે તેની મજાક ઉડાડતા કહ્યુ કે" "ગોરીલા જોવા આફ્રિકા જવાની જરૂર નથી. વ્હાઈટ હાઉસમાં તે લાંબા પગ કરી બેઠો છે." છતા લિંકન ઉશ્કેરાતા નહી. લિંકન અને તેના પત્નિને એક શો માં આમંત્રણ મળ્યુ હોવાથી તે ત્યાં ગયા પરંતુ લિંકનને ત્યાં ઠાર કરવાની પૂર્વ તૈયારી થઈ હતી. શો દરમિયાન બુથ નામના માણસે લિંકનને પાછળથી માથામા ગોળી મારી ગોળી પાછળથી આંખ પાસે આવી ગઈ. કાચાપોચા તો ત્યાંજ ઠાર થઈ જાય પરંતુ લિંકન ૧૯ કલાક સુધી જીવિત રહ્યા લિંકન ઈ.સ.૧૮૬૫ માં મૃત્યુ પામ્યા . લિંકને જીવનમાં સુખ જોયુ જ નથી.

**આકાશ એચ.વઢેર મુ.ઝીલવાણા**

## સ્ટાઈલિશ યુગલ ઝહીર ખાન અને સાગરિકા ઘાટગે તેમજ પ્લેટિનમ ઈવારા સાથે સ્ટાઈલ સ્પોટિંગ



ઉનાળાની લગ્નસરાની મોસમ આવી ગઈ છે. જો તમને એમ લાગતું હોય કે તમારે વૈશ્વિક ફેશનનું સ્તર ધરાવતાં દાગીના લેવા છે કે જે તમને એકદમ નવો અને આધુનિક લૂક આપે તો અમદાવાદનાં એબી જ્વેલ્સ સ્ટોરમાં પધારો.

નવું પ્લેટિનમ ઈવારા કલેક્શન એકદમ આધુનિક છે. અહીં બનાવવામાં આવેલી ઘરેણાંની ડિઝાઈન કોઈ પણ પ્રકારનાં વસ્ત્રપરિધાન સાથે ભળી જાય તે પ્રકારની છે. પ્લેટિનમ ઈવારા એ તમારું પોતાનું એક સ્ટાઈલ સ્ટેટમેન્ટ છે.

નવપરિણિત યુગલ ઝહીર ખાન અને સાગરિકા ઘાટગેએ આજે પ્લેટિનમ ઈવારાનાં આ નવાં કલેક્શનનું ઉદઘાટન કર્યું હતું. આ કલેક્શનમાંથી તેમણે પોતાનાં મનપસંદ ત્રણ ઘરેણાં લીધાં હતાં. આસુંદર યુગલ સાથે એબી જ્વેલ્સનાં ડિરેક્ટર મનોજ સોની અને ઈન્ડિયા પ્લેટિનમ ગિલ્ડ ઈન્ટરનેશનલનાં મેનેજિંગ ડિરેક્ટર વૈશાલી બેનરજી પણ ઉદઘાટનમાં જોડાયાં હતાં.

પ્લેટિનમનાં દાગીનાની એક ખાસિયત એ છે કે તમે તેને એકદમ સાદાં વસ્ત્રો ઉપર પણ પહેરોતોતમારુંવ્યક્તિત્વ દીપી ઉઠે છે. પ્લેટિનમ ઈવારાનાં નવાં કલેક્શનમાં નવવધૂઓ માટે વૈશ્વિક કક્ષાની મોડર્ન ફેમિનાઈન શૈલીનાં અને વરરાજા માટે બોલ્ડ મિનિમાલિઝમ પ્રકારનાં દાગીનાં છે. આ તમામ દાગીનાં લગ્ન પહેલાંનાં જીવન માટે અને લગ્ન બાદનાં જીવન માટે પણ એટલાંજ સાનુકૂળ છે. જ્યારે પુરુષો માટેનાં દાગીનાં પણ ખૂબ જ સુંદર ડિઝાઈન અને શૈલી ધરાવતાં બનાવવામાં આવ્યાં છે. આજની પેઢીને વ્યક્તિગત ડિઝાઈન અને અનોખી ડિઝાઈન પસંદ છે. આ કલેક્શનને કારણે અમારાં ગ્રાહકોને વૈશ્વિક કક્ષાની ડિઝાઈન પસંદ કરવાની તક આપે છે.

પ્લેટિનમ ઈવારાની રેન્જમાં નવવધૂઓ માટે નેકલેસ, ઈયરિંગ્સ, બ્રેસલેટ્સ અને વરરાજા માટે ચેઈન અને બ્રેસલેટ્સનો સમાવેશ થાય છે. આ કલેક્શનમાંથી નવપરિણિત યુગલને માતા-પિતા, સાસુ-સસરાકે વડીલો ભેટમાં પણ આપી શકે છે.

પ્યોરિટી એશ્યોરન્સ પ્રોગ્રામ પ્લેટિનમ ઘરણાંની શુદ્ધતા અંગે ગ્રાહકોને ખાતરી આપવા માટે પ્લેટિનમ ગિલ્ડ ઈન્ડિયા પ્રા. લિ.એ ટ્રસ્ટ એવર એશ્યારન્સ સર્વિસિઝ એલએલપીની નિમણૂક ક્વોલિટી એશ્યોરન્સ સ્કિમનું ઓડિટ અને તેની દેખરેખ રાખવા માટે કરી છે. આ યોજના અંતર્ગત ભારતમાં રહેલી તમામ અધિકૃત પ્લેટિનમ જ્વેલરી ક્વોલિટી એશ્યોરન્સ કાર્ડ સાથે આવે છે. જેમાં ઘરેણાંની અંદરની બાજુએ પીટી ૯૫૦નો માર્ક આપવામાં આવ્યો હોય છે. તેમાં બાયબેક પ્રોગ્રામની પણ ખાતરી આપવામાં આવે છે.

સિને-સરિતા

# સંજય દત્ત પરની ફિલ્મ સંજુ ૨૯મી જુને રજૂ કરવા તૈયારી



સંજય દત્તની લાઈફ પર બનેલી ફિલ્મ સંજુ ૨૯મી જુનના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આને લઈને તમામ તૈયારી કરવામાં આવી રહી છે. રણબીર કપુરે ફિલ્મમાં તમામ કુશળતા પાત્રને ન્યાય આપવા દર્શાવી છે. ફિલ્મના સાથી કલાકારો પણ ખુબ પ્રભાવિત રણબીરથી રહ્યા છે. ફિલ્મમાં મનિષા કોઈરાલાએ રણબીર કપુરની માતાની ભૂમિકા અદા કરી છે. આ સંબંધમાં લોકપ્રિય અભિનેત્રી અને હાલમાં ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં કુદી પડેલી ખુબસુરત દિયા મિર્ઝાએ કહ્યુ છે કે બોલિવુડના વિતેલા વર્ષોના અભિનેતા સંજય દત્તની બાયોપિક ફિલ્મ સંજુમાં કામ કર્યા બાદ યુવા પેઢીના લોકપ્રિય સ્ટાર રણબીર કપુરની લોકપ્રિયતા અનેક ગણી વધી જશે. દિયા માને છે કે રણબીરની લોકપ્રિયતા દસ ગણી વધી જશે.

અનુસંધાન પાના નં.૬ ઉપર



# પરેશાન પરિન્દા




## નવી ફિલ્મ

આ ફિલ્મના નિર્માતા ડૉ.રાશેલ સીંઘ ડ્રીમ્સ પ્રોડકશન્સ, દિગ્દર્શક દેવેશ પ્રતાપસીંઘ, કલાકારોમાં મિરાજ શાહ, સાક્ષી સીંઘ, પંકજકુમાર, અવતારસીંઘ ભુલ્લર, સંગીતકાર જોની શેઠ, તપેશ્વર કાલીયા, રવિન્દર ભિંદર.

૨૩ માર્ચે રીલીઝ થયેલ આ ફિલ્મનું ટ્રેલર થ્રીલીંગ છે. બે મીનીટ ૧૨ સેકન્ડના ટ્રેલરમાં એક યુવાન નીલ અને તેની પ્રેમીકા રીના દેખાય છે. એકનાઈટ કલબમાં નિલ કોઈ યુવતીને સાથ આપે છે બીજી સવારે બંને એક પથારીમાં હોય છે. બંનેને ખબર નથી આવું શી રીતે થયું. યુવતીનું નામ મીની છે. મીહીર અને એ યુવતીનો સામનો મીહીરની પ્રેમીકા સાથે થઈ જાય છે. પ્રેમીકાની ઓળખાણ કરાવે છે કે આ રીના છે મારી ગર્લફ્રેન્ડ. પેલી યુવતી મીહીરને થપ્પડ મારી દે છે એ શહેરના એક જમાનાના સૌથી મોટા ડોન શંભુ ઠાકુરની પુત્રી છે.મીહીરનો ફ્રેન્ડ તેને જણાવે છે કે તેરે પાસ અબ એક હી રાસ્તા હૈ, યા તો ઉસ લડકી સે શાદી કર લે, યા સ્યુસાઈડ કર લે. એ છોકરીની માતા મિહીરની આવડત પોતાના અન્ડરવર્લ્ડના કારોબારમાં વાપરવા માગે છે. તેથી મિહીરના પોતાની પુત્રી સાથે લગ્ન કરાવવા માંગે છે પરંતુ એ પુત્રીનો એક પ્રેમી પણ છે જે દિલેર છે. હવે શરૂ થાય છે પ્રેમીઓ સામે અન્ડરવર્લ્ડની ટક્કર. વાર્તા રોમાંચક છે ટ્રેલર પણ રોમાંચક લાગે છે પરંતુ આવી ફિલ્મની રજુઆત અને ઝડપ એટલી રોમાંચક હોય છે કે કેમ એની આજે ખબર પડશે. ફિલ્મનું મોટાભાગનું શુટીંગ ઓસ્ટ્રેલિયાના સીડની શહેર આસપાસ થયું છે. મીરાજ શાહ અને સાક્ષી પંડીતનો અભિનય સહજ લાગે છે.

# સંવેદનશીલ અને મૌલિક ફિલ્મકાર બિમલ રોય

## ફિલ્મી સિતારા-કમલેશ કંસારા



હિંદી ફિલ્મોમાં પ્રચલિત યથાર્થવાદી અને વ્યવસાયિક ધારાઓની વચ્ચેના અંતરને ઓળખતા અનેક લોકપ્રિય ફિલ્મો બનાવનાર બિમલ રોય ખુબ જ સંવેદનશીલ અને મૌલિક ફિલ્મકાર હતા. સીનેમાની ભાષા, ટેકનીક અને અભિનયના વ્યાકરણને પુરી રીતે જાણનાર બિમલરોય એવી ફિલ્મો બનાવી હતી કે જેની પ્રાસંગિકતા આજે પણ લોકો વાગોળે છે. ઉદા. રૂપે એમણે બનાવેલ કાલજયી ફિલ્મ છે. દો વીઘા જમીનને લઈએ તો આશરે ૫૫ વર્ષ પહેલાં પ્રદર્શિત આ ફિલ્મમાં ગામમાંથી શહેરમાં આવીને રોજગારીની તલાશ કરતા ખેતમજુરોની પીડાની માર્મિક વર્ણન કરે છે. બલરાજ સહાની અને નિરૂપારોય અભિનીત આ ફિલ્મના એક દ્રશ્યમાં રીક્ષા ખેંચી રહેલા શ્રમિકોને વધુ પૈસા કમાવવાને માટે મોટરકાર સાથે સ્પર્ધા કરવી પડતી હતી. આ મજદુરોની આવી અમાનવીય તસવીર છે જે આજે પણ પ્રાસંગિક છે. ખાસ કરીને એવા સમયે જ્યારે મોટી સંખ્યામાં ખેડૂતો આત્મહત્યા કરે છે. ફિલ્મ જોયા બાદ એવું પ્રતીત થાય કે બિમલરોય બહુ પહેલાથી ભવિષ્યમાં વિકાસ અને ઉદ્યોગના નામ પર સીમાંત ખેડૂતો અને ખેતમજુરો પણ છવાતા સંકટોનો અહેસાસ થઈ ગયો હતો.

બિમલરોયે પોતાની ફિલ્મોમાં સામાજીક સમસ્યાઓના પ્રશ્નનો ઉઠાવ્યો હતો. એના સમાધાનના પ્રયાસો પણ કર્યા હતા અને પર્યાપ્ત સંકેત આપ્યા હતા કે આ પરીસ્થિતિને કેવી રીતે નાથી શકાય ? બંદીની અને સુજાતા ફિલ્મોના માધ્યમથી તેઓ સમાજને એ સંદેશો પાઠવે છે કે સામાજીક સમસ્યાઓનું નિરાકરણ પ્રયાસો દ્વારા થઈ શકે છે. દેશભક્તિ અને સામાજીક ફિલ્મોથી પોતાની સફર શરૂ કરનાર બિમલરોયની કૃતિઓના વિષયનો ફલક ખુબ જ વિશાળ રહ્યો છે. તેઓ ફિલ્મોમાં કોઈ એક ઈમેજમાં બંધાયેલા રહ્યા નથી. એક બાજુ તેઓ સામાજીક બુરાઈઓની સંવેદનાની સાથે ચિત્રણ કરી રહ્યા હતા જ્યારે બીજી બાજુ એમનું ધ્યાન સ્ત્રીઓના સન્માન અને એમની પીડા તરફ પણ હતું. હિંદી ફિલ્મોમાં નાયક કેન્દ્રીત કથાનકોની તરફ જ જોર રહ્યું હતું પરંતુ બિમલદાએ એને પણ ખારીજ કરી દીધું અને નાયિકાઓને કેન્દ્રીત કરીને ખુબ જ કામયાબ ફિલ્મો બનાવી હતી. આવી ફિલ્મોમાં મધુમતી, બંદીની, સુજાતા, પરિણીતા, મધુમતી, બીરાજ બહુ વગેરેનો સમાવેશ થાય છે. સામાજીક સમસ્યાઓથી રૂબરૂ કરાવતી ફિલ્મોમાં બિમલરોયે ભારતીય મુલ્યો અને પરંપરાગત ભંવરોમાં ફસાવું જ આદર્શ ગણાય છે. આ ફિલ્મમાં નાયીકા પારો ભલે દેવદાસ પ્રત્યે બેવફા હતી પણ એની રક્ષાને માટે તે જીવનભર દેવદાસના પ્રભાવથી મુકત નહોતી થઈ. એની સાથે જ ચંદ્રમુખીનું પણ ચરિત્ર છે. જે તમામ વિપરીત સ્થિતિમાં હોવા છતાં મનથી ગંગા જેવી પવિત્ર છે. ૧૨ જુલાઈ, ૧૯૦૯ ના રોજ જન્મેલ બિમલરોયનો માનવીય અનુભૂતીઓને પારખી એમની ફિલ્મોમાં સાદગી બની રહેલી જોવા મળી છે.

તદઉપરાંત એમની ફિલ્મોમાં સીનેમા પરની ટેકનીકની એમની મજબુત પક્કડ હતી. જેના દ્વારા એમની ફિલ્મો દર્શકોને પ્રભાવિત કરતી હતી અને દર્શકોને અંત સુધી ઝકડી રાખવામાં સફળ થતી હતી. કદાચ આ જ કારણોસર એમની ફિલ્મો આવી ત્યારે પ્રતિસ્પર્ધામાં બીજા નિર્દેશકો ટકી શકયા નહોતા. એમને સર્વશ્રેષ્ઠ નિર્દેશનને માટે સાત વાર ફિલ્મફેયર પુરસ્કાર મળ્યો હતો. જેમાં બે વાર તો એમણે હેટ્રીક બનાવી હતી. એમને ૧૯૫૩ માં 'દો બીઘા જમીન' ને માટે પ્રથમ વાર આ પુરસ્કાર મળ્યો હતો. ત્યારબાદ ૧૯૫૪ માં પરિણીતા, ૧૯૫૫ માં બીરાજ બહુ ને માટે આ સન્માન મળ્યું હતું. બે વર્ષ બાદ ૧૯૫૮ માં મધુમતી, ૧૯૫૯ માં સુજાતા અને ૧૯૬૦ માં પરખ માટે આ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

તદઉપરાંત ૧૯૬૪ માં બંદીની ફિલ્મને માટે એમને સર્વશ્રેષ્ઠ નિર્દેશનનો ફિલ્મફેયર પુરસ્કાર મળ્યો હતો. બિમલરોયે ચૈતાલી ફિલ્મ પર કાર્ય કરી રહ્યા હતા પરંતુ ૧૯૬૬ માં ૭ મી જાન્યુઆરીના રોજ તેઓ આ દુનિયા છોડીને પરલોકના પંથે ચાલી નીકળ્યા હતા.

આજે બિમલરોય ભલે આપણી વચ્ચે નથી પરંતુ એમની ફિલ્મોએ જે ભવ્યતાની વિરાસત છોડી છે તે સીનેજગતને માટે હંમેશા અનમોલ બની રહેશે.

**કમલેશ કંસારા**




★પોલી સીરીયલમાં હવે અનુભવી અભિનેત્રી અરૂણા ઈરાની શોમામાં પ્રવેશ કરશે. વીતેલા વર્ષની કોમેડી કવીન, અરૂણા ઈરાની આગામી એપીસોડમાં ઓરેકલ પુરોહીતાનું પાત્ર ભજવશે. પ્રાચીન ગ્રીસમાં ઓરેકલ્સ સામાન્ય રીતે પાદરીઓ હતા. જેમણે પુરૂષ અને દેવતાઓ વચ્ચે સલાહ અને માધ્યમ પ્રદાન કરવા માટે પ્રેરીત માધ્યમ તરીકે કામ કર્યું હતું.

## ન્યુઝ સ્ટ્રીપ્સ

૩૦૦ થી વધુ ફિલ્મો અને અસંખ્ય ટેલી.શોમાં કામ કર્યા બાદ અરૂણા ઈરાની કહે છે કે હું દોઢ બે વર્ષ પછી ટેલી. પર પાછી આવી છું. સિદ્ધાર્થ મારા ખુબ સારા અને જુના મિત્ર છે. તેમણે ઓરેકલ પુરોહીતની આ ભુમિકા ભજવી હતી. મને જે રીતે પત્રનું વર્ણન કર્યું હું વિલંબ કર્યા વગર તરત જ તે કરવા માટે સંમત થઈ. હું ઓરેકલ પુરોહીતના પાત્રને ચિત્રીત કરૂં છું.પ્રાચીન ગ્રીસમાં ઓરેકલ્સ સામાન્ય રીતે પાદરીઓ હતા. જે પુરૂષો અને દેવો વચ્ચે સલાહ અને માપદંડ પુરા પાડવા માટે પ્રેરીત માધ્યમ તરીકે કામ કરતા હતા. મારા પાત્રમાં ઉંડા શાણપણ સાથે રહસ્યવાદી વ્યક્તિત્વ હશે. પાત્રની સંદિગ્ધતા પણ મારા દેખાવ અને વર્તનમાં દેખાશે. મારો દેખાવ પણ સંપૂર્ણપણે અલગ છે અને હું આ માટે ઉત્સાહીત છું.

★ ટીવી અભિનેત્રીઓ અને તેમના છણકાઓ મનોરંજન ઉદ્યોગમાં કોઈ નવી વાત નથી. અભિનેત્રીઓ તેમના શોના સાથી કલાકારો અને ક્રુને ઘણી વખત દોડતા કરી દેતા હોવાના બનાવો બનતા રહેતા હોય છે. જો કે જ્યારે પલ્લવી પ્રધાન જેવી બહુમુખી પ્રતિભાવાળી અભિનેત્રીનું નામ સેટ ઉપર છણકા કરવામાં આવે તો વાત સહેલાઈથી ગળે નથી ઉતરતી.

શો પરના ખાસ સૂત્રે જણાવ્યું કે પલ્લવી જે દજીજીમાદમાં એક અગત્યની ભૂમિકા ભજવે છે. તે આખા યુનિટને દોડાવતી હોય છે આવી શરૂઆત થઈ જ્યારે પલ્લવીએ સેટ ઉપર મોડા પહોંચવાનું શરૂ કર્યું અને ઉપરથી સમયસર નીકળી જવાનો આગ્રહ રાખતી. અંદરના એક જ સુત્રના દાવા પ્રમાણે તે દિવસમાં ચાર દ્રશ્યોથી વધારે શુટીંગ નથી કરતી. વાત આટલેથી જ નથી અટકતી. તાજેતરની જ એક કડીમાં જ્યાં પલ્લવીએ એક મોટરસાયકલની પાછલી સીટ ઉપર બેસવાનું હતું તેણે શુટીંગને લગભગ બે કલાક સુધી રોકી રાખ્યું. પલ્લવીએ તન્વીની પાછળ બેસવાની ના પાડી દીધી અને એક ડમીની માંગણી કરી. શુટીંગ ઘણા સમય સુધી રોકાઈ રહ્યું હતું અને નિર્માણ ટીમને આ ૪૨ વર્ષીય અભિનેત્રીને સમજાવતાં કલાકો લાગ્યાં.

★તું સુરજ મેં સાંજ પિયાજી ની વાર્તા ખુબ જ સારી રીતે આગળ વધી રહી છે જેમાં ઉમા અને કનકની લોકપ્રિયતા દિવસે ને દિવસે વધી રહી છે.શોનું કથાનક ખુબ જ રસપ્રદ છે અને બહુ જલદી તેમાં એક નવો તબક્કો આવી રહ્યો છે. શો આવનારા દિવસોમાં સમયની છલાંગ લગાવવા જઈ રહ્યો છે. હા તું સુરજ મેં સાંજ પિયાજી બે વર્ષની છલાંગ લગાવશે. કંગના શર્માના મીરા મિથલના પાત્રમાં પ્રવેશથી જ દર્શકોને અણસાર આવી ગયો હતો કે કથાનકમાં કંઈક થવા જઈ રહ્યું છે. છલાંગ થકી વાર્તામાં મોટો મોડ આવશે અને કનક અને ઉમા અલગ થઈ જશે. જેનું નિમિત્ત હશે તેમની વચ્ચે આવેલી મીરા હાલની કડી પ્રમાણે મીરા ઉમાના પ્રેમમાં પડી ગઈ છે.

# હવે બેંગ બેંગની સિક્વલમાં રિતિક- કેટરીનાની જોડી હશે



વિતેલા વર્ષોમાં ધુમ મચાવી ચુકાવી ફિલ્મ બેંગ બેંગની સિક્વલ ફિલ્મ બનાવવાનો નિર્ણય કરી લેવામાં આવ્યો છે. આ ફિલ્મમાં પણ બન્નેની જોડી જ જોવા મળનાર છે. રિતિક રોશન અને કેટરીના કેફની જોડીને પહેલાની ફિલ્મને ખુબ પસંદ કરવામાં આવી હતી. હવે સિક્વલમાં પણ બન્નેને સાથે રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાના હેવાલ મળ્યા છે. વર્ષ ૨૦૧૪ની આ ફિલ્મ નાટિ એન્ડ ડેની હિન્દી રિમેક ફિલ્મ હતી. ફિલ્મે બોક્સ ઓફિસ પર ધુમ કમાણી કરી હતી. મિડિયા રિપોર્ટ પર વિશ્વાસ કરવામાં આવે તો સિક્વલ ફિલ્મ પર કામ શરૂ કરવામાં આવ્યુ છે. ફિલ્મના અન્ય કલાકારોની ટુંક સમયમાં જ પસંદગી કરવામાં આવનાર છે. બેંગ બેંગ ફિલ્મની સિક્વલ ફિલ્મનુ નામ બેંગ બેંગ રિલોડેડ રાખવામાં આવનાર છે. ફિલ્મની તૈયારી શરૂ કરવામાં આવી ચુકી છે. આ સપ્તાહમાં જ ફોક્સ સ્ટાર હિન્દીએ પ્રોડયુસર્સ એસોસિએશન સમક્ષ બેંગ બેંગ રિલોડેડ નામ દાખલ કરાયુ છે. ફિલ્મમાં રિતિક અને કેટરીનાને કાસ્ટ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સ્ક્રિપ્ટ પર કામ પૂર્ણ થતાની સાથે જ ફિલ્મના શુટિંગને શરૂ કરવામાં આવનાર છે. જો કે આની સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. હાલમાં રિતિક રોશન પોતાની આગામી ફિલ્મ સુપર-૩૦ના શુટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મ પટણાના મેથ્સ ટિચર આનંદ કુમારના જીવન પર આધારિત છે. બીજી બાજુ કેટરીના કેફ હાલમાં શાહરૂખ ખાનની ફિલ્મ જીરોના શુટિંગમાં વ્યસ્ત છે.

ફિલ્મમાં અનુશ્કા શર્મા પણ કામ કરી રહી છે. રિતિક રોશન અને કેટરીના કેફે બેંગ બેંગની સિક્વલ ફિલ્મના સંબંધમાં હજુ સુધી કોઈ વાત કરી નથી. રિતિક પણ દેશ વિદેશમાં મોટી સંખ્યામાં ચાહકો ધરાવે છે. તે ટોપ સ્ટાર પૈકી એક તરીકે રહ્યો છે.તેની તમામ ફિલ્મો સુપરહિટ સાબિત થઈ છે.

# ઐશ્વર્યા રાય બચ્ચન અને અનિલ કપુરની ફિલ્મ ૧૫ જુને રજૂ



## ઓન ધ સ્ક્રીન

બોલિવુડની બ્યુટીક્વીન એશ્વર્યા રાય બચ્ચન હવે નવી ફિલ્મમાં ફરી એકવાર અનિલ કપુર સાથે તાલ મિલાવવા જઈ રહી છે. અનિલ કપુર અભિનિત મ્યુઝિકલ ડ્રામાં ફિલ્મ ફન્ને ખાનનુ શુટિંગ હાલમાં ચાલી રહ્યુ છે. શુટિંગ પૂર્ણ થવા આરે પહોંચી ગયુ છે. ફિલ્મ ભારત સહિત સમગ્ર દુનિયામાં ૧૫મી જુન ૨૦૧૮ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આ એક મ્યુઝિકલ કોમેડી ફિલ્મ રહેશે. ગયા વર્ષે જુલાઈ માસમાં શુટિંગ શરૂ કરવામાં આવ્યુ હતુ. એશ હાલમાં પોતાની છ વર્ષની પુત્રી આરાધ્યા અને પતિ અભિષેક બચ્ચનની પારિવારિક લાઈફ માણી રહી છે. અનિલ કપુર અને એશ છેલ્લે સતિશ કૌશિકની ફિલ્મ હમારા દિલ આપકે પાસ હૈમાં નજરે પડ્યા હતા. આ ઉપરાંત આ બન્ને સુભાષ ઘાઈની ફિલ્મ તાલમાં પણ નજરે પડ્યા હતા. ગયા વર્ષે ઓગષ્ટના પ્રથમ સપ્તાહથી ફિલ્મનુ નિયમિત શુટિંગ શરૂ કરાયુ હતુ. એશ્વર્યા રાય બચ્ચન નિયમિત રીતે ફિલ્મના શુટિંગમાં બાગ લઈને તેના હિસ્સાના શુટિંગને પૂર્ણ કરી ચુકી છે. રાકેશ ઓમપ્રકાશની સાથે મળીને ફિલ્મના સહ નિર્માતા તરીકે રહેલી પ્રેરણા અરોરાએ કહ્યુ છે કે એશ આ રોલમાં સૌથી ફિટ પાત્ર તરીકે છે. સૌથી પહેલા પ્રિયંકા ચોપડાને આ રોલની ઓફર કરવામાં આવી હતી. જો કે તેને પટકથા પસંદ પડી ન હતી. ત્યારબાદ એશને ઓફર કરવામાં આવી હતી. ફન્ને ખાન ફિલ્મની સાથે જ ડિરેક્ટર તરીકે અતુલ માંજરેકરની એન્ટ્રી થઈ રહી છે. આ ફિલ્મ વર્ષ ૨૦૦૦ની નેધરલેન્ડની ફિલ્મ એવરીબોડી ફેમસની રીમેક છે. અનિલ કપુર પોતે ફિલ્મના બે ગીત રજૂ કરી શકે છે. એશ પણ પોતાનો અવાજ આપે તેવી શક્યતા છે. એશ અનિલ કપુર સાથે વિતેલા વર્ષોમાં ખુબ સારી જોડી જમાવી ચુકી છે.

# સંજયલીલાની નવી ફિલ્મમાં દિપિકા અને અભિષેક રહેશે



પદ્માવતિ ફિલ્મની તૈયારીમાં રહેલા જાણીતા નિર્દેશક સંજય લીલા ભણસાલી હવે નવી ફિલ્મને લઈને તૈયારી કરી રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ નવી ફિલ્મમાં હવે દિપિકા અને અભિષેક બચ્ચનને લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## સીને

આ ફિલ્મ જાણીતી કવિયત્રી અમૃતા પ્રીતમ પર બનાવવામાં આવનાર છે. એમ માનવામાં આવે છે કે આ ફિલ્મમાં લીડ રોલમાં અભિષેક બચ્ચન નજરે પડી શકે છે. અભિષેક ફિલ્મમાં સાહિર લુધિયાનવીના રોલમાં નજરે પડનાર છે. ફિલ્મમાં સાહિર અને અમૃતા પ્રીતમની પ્રેમ કથાને દર્શાવવામાં આવનાર છે. આ ફિલ્મને લઈને કામ પદ્માવતિ ફિલ્મ બાદ હાથ ધરવામાં આવનાર છે. સાહિરને લઈને તેમની શોધ પહેલાથ જ શરૂ કરી દેવામાં આવી છે. અભિષેકના પિતા અને મેગા સ્ટાર અમિતાભ બચ્ચન સાહિરની સાથે કભી કભી અને ત્રિશુલ ફિલ્મમાં કામ કરી ચુક્યા છે. આના કારણે અભિષેકને રોલ કરવામાં મદદ મળશે. આ પહેલા સંજય દ્વારા રોલ માટે શાહરૂખ ખાન સાથે વાત કરી હતી. જો કે શાહરૂખખાનના નામ પર સહમતિ થઈ ન હતી. શાહરૂખને ફિલ્મની પટકથા પસંદ પડી હતી. જો કે વાત આગળ વધી ન હતી. આખરે નવા કલાકારોના નામ પર વિચારણા હાથ ધરવામાં આવી હતી. હવે અભિષેકની પસંદગી કરવામાં આવી છે. દિપિકા મોટા ભાગે સંજયલીલાની ફિલ્મોમાં નજરે પડી છે. સંજય લીલાની ફેવરીટ સ્ટાર તરીકે હવે દિપિકા બની ગઈ છે. આ જોડી જાદુ જગાવશે કે કેમ તે તો સમય જ બતાવશે પરંતુ ફિલ્મ ખુબ મહેનતથી તૈયાર કરવામાં આવનાર છે. આ પણ તેમના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ તરીકે જ રહેશે.

## બીહાઈન્ડ ધ સ્ક્રીન

# રેસ-૩ ફિલ્મમાં ડેઝી શાહ હોટ અવતારમાં જ ચમકશે



સુપરસ્ટાર સલમાન ખાનની નવી ફિલ્મ રેસ-૩ ફિલ્મના કલાકારોને એકપછી એક રીતે રજૂ કરવામાં આવી રહ્યા છે. સલમાને સૌથી પહેલા પોતાને સિકંદર તરીકે રજૂ કર્યા બાદ એક પછી એક કલાકારોને રજૂ કરવાની શરૂઆત કરી હતી. ત્યારબાદ સલમાને જેક્લીનને જેસિકા તરીકે રજૂ કરી હતી. ત્યારબાદ બોબી દેઓલને યશ તરીકે રજૂ કરવામાં આવ્યો હતો. હવે સલમાન ખાને સંજના અટલે કે ડેઝી શાહને રજૂ કરી છે. રેસ-૩ ફિલ્મ ડેઝી શાહની કેરિયરમાં નવો વળાંક લાવી શકે છે. કારણ કે તે સુપરસ્ટાર સલમાન ખાન સાથે કામ કરી રહી છે. સલમાન છાવણીની સ્ટાર તરીકે પણ તેને ગણવામાં આવે છે. આવી સ્થિતીમાં તેને શાનદાર ભૂમિકા ફિલ્મમાં મળી ગઈ છે. ડેઝી શાહે પોતાની બોલિવુડ કેરિયરની

અનુસંધાન પાના નં.૬ ઉપર

# અર્જુન કપુર અને પરિણિતી ચોપડા શુટિંગમાં ખુબ વ્યસ્ત



અર્જુન કપુર અને પરિણિતા ચોપડા હાલમાં એક સાથે બે નવી ફિલ્મમાં કામ કરી રહ્યા છે. વિતેલા વર્ષોમાં બન્નેની જોડી ઈશ્કજાદે ફિલ્મમાં પણ ચમકી હતી. હાલમાં બન્ને નમસ્તે ઈંગ્લેન્ડ નામની ફિલ્મમાં કામ કરી રહ્યા છે. આ ફિલ્મનુ શુટિંગ બન્નેએ પંજાબમાં પૂર્ણ કરી લીધુ છે. બન્ને દ્વારા તમામ પ્રકારની માહિતી હાલમાં સોશિયલ મિડિયા પર જારી કરવામાં આવી છે. ઈન્સાગ્રામ પર વિગત જાહેર કરવામાં આવી છે. વિપુલ અમૃતલાલ શાહ દ્વારા ફિલ્મનુ નિર્દેશન અને નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. શાહના કહેવા મુજબ આ ફિલ્મ નવી પેઢીને ગમી જાય તેવી સ્ટોરી ધરાવે છે. બે વ્યક્તિગત જસમીત અને પરમ નામની વ્યક્તિની આ સ્ટોરી છે. તેમની લવ સ્ટોરી તમામ ચાહક વર્ગને ગમી જશે. કારણ કે આ સ્ટોરી એક અલગ રીતે રજૂ કરવામાં આવી રહી છે. ફિલ્મનુ શુટિંગ પંજાબથી ઢાકા, પેરિસ, બ્રસલ્સ અને લંડનમાં કરવામાં આવનાર છે. સાતમી ડિસેમ્બરના દિવસે રજૂ કરવામાં આવી શકે તે રીતે ફિલ્મનુ શુટિંગ ચાલી રહ્યુ છે. બન્ને પ્રથમ વખત કામ કરી રહ્યા નથી. બન્ને પહેલા પણ ઈસ્કજાદેમાં સાથે કામ કરી ચુક્યા છે. આ ફિલ્મ સુપરહિટ સાબિત થઈ હતી. હાલમાં બન્ને નમસ્તે ઈંગ્લેન્ડ ઉપરાંત સંદીપ ઔર પિન્કી ફરાર નામની ફિલ્મમાં પણ કામ કરી રહ્યા છે.

### ડીસામાં ...

પાના નં.૧ ચાલુ

તરીકે મુકાતા અન્ય શિક્ષકોમાં રોષ વ્યાપી જવા પામ્યો હતો. ગુણોત્સવ કાર્યક્રમ દરમ્યાન દરેક શિક્ષકોને પોતાની શાળામાં ફરજિયાત હાજર રહેવાનું હોય છે. ત્યારે ડીસા તાલુકામાં આ શિક્ષકો કે જેઓ રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ અને બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘમાં જુદા જુદા હોદ્દાઓ પર જવાબદારી નિભાવે છે તેઓને શિક્ષક તરીકે પોતાની શાળામાં હાજર રહેવાનું હોવા છતાં અન્ય શાળામાં નિરીક્ષક તરીકે મૂલ્યાંકન કરવાની જવાબદારી કેવી રીતે સોંપવામાં આવી તેવા સવાલ ઉભા થયા હતા.

આ બાબતનો અહેવાલ નવ ગુજરાત સમયમાં છપાતા હોબાળો થતા જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી એ તમામ ની નિમણુંક રદ કરવાની ફરજ પડી હતી.

ડીસા તાલુકામાં જુનાડીસા, રાજપુર, વેળાવાપુરા, ઈન્દીરાનગર, ચી.હ.દોશી પ્રા.શાળા, નહેરુનગર, માયાનગર અને ચોરા એમ કુલ ૧૬ રૂટ પર કુલ ૧૬ શિક્ષકોની મૂલ્યાંકન કામગીરીના નિરીક્ષક તરીકે શિક્ષક સંઘના હોદ્દેદારોની નિમણૂક કરતા શિક્ષકોમાં ભારે કચવાટ પેદા થવા પામ્યો હતો.જોકે અખબારી અહેવાલને પગલે નિમણુંક રદ થતાં શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા હતા.

### ડીસા કોર્ટમા...

પાના નં.૧ ચાલુ

અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં રાધાનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર ડીસા તાલુકાના આસેડા ગામે ચૂંટણી પ્રચાર સભા સંબોધતા બનાસકાંઠા જીલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજર સામે દારૂબંધીને લઈ ગંભીર આક્ષેપો કર્યા હતા અને ડી.એસ.પી.દારૂવાળા જોડે મહિને રૂ. ૪૨ લાખનો હપ્તો લેતા હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો.

જેથી ડી.એસ.પી.એ ડીસાની બીજા એડિશનલ સિવિલ અને જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ (ફ.ક.) શ્રીમતી એસ.વી.મુદલિયારની કોર્ટમાં અલ્પેશ ઠાકોરને બદનક્ષીકાર જણાવીને ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગઈ છે. હતી ત્યારે હવે આગામી મહિનાની પાંચ તારીખે રાધનપુર ના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર ને કોર્ટ માં હાજર રહેવા સમન્સ પાઠવેલ છે અને ફરિયાદ નોંધવા પોલીસ ને આદેશ કરાયો છે.જોકે કોર્ટ ના આદેશ ને લઈને ફરી જિલ્લા માં રાજકીય ગરમાવો આવી જવા પામ્યું છે.

### બનાસકાંઠામાં...

પાના નં.૧ ચાલુ

પાલનપુર ઉપરાંત વડગામ, ડીસામાં પાંચથી વધુ ખાનગી દૂધ ડેરીઓમાં તપાસ કરવામાં આવી છે. જ્યાંથી દૂધના સેમ્પલ તપાસ અર્થે લઇ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. જો આ સેમ્પલમાં મિલાવટ હોવાનું ફલિત થશે તો દૂધ ડેરીના સંચાલકો ઉપર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### વિવાદોની...

પાના નં.૧ ચાલુ

ભાજપના રાજમાં ભાજપ સમર્થિત લોકોને પણ પોતાના કામ કરાવવા માટે આત્મવિલોપનનું બ્રહ્માસ્ત્ર અજમાવવા મજબૂર બનવું પડે છે. પાલનપુર નગરપાલિકામાં ભાજપ ની બહુમતિ છે. આમ છતાં આજ દિન સુધી યોજાયેલી સાધારણ સભામાં ચર્ચાથી દૂર ભાગતા શાસકપક્ષે બહુમતિના જોરે બોર્ડ ચલાવ્યું છે. જેના પગલે ભાજપ ની છબિ ખરડાઈ રહી હોવાનું ખુદ ભાજપી કાર્યકરોમાં ચર્ચાસ્પદ બન્યું છે. ભાજપના રાજમાં પાલિકાના શાસકો સામે ખુદ નગરસેવકોમાં જ અસંતોષ પ્રવર્તી રહ્યો છે. ત્યારે પ્રભારી મંત્રી ગેરરીતિઓમાં ગળાડૂબ પાલિકા ના વગોવાઈ રહેલા વહીવટ પર અંકુશ મૂકે તેવી માંગ ખુદ ભાજપી કાર્યકરોમાંથી ઉઠી છે.

### ડીસામાં ધો.૧૧...

પાના નં.૧ ચાલુ

ત્યારે બુધવારની સાંજે અચાનક અંગેજી વિષયનું પેપર વોટ્સ એપમાં ફરતું થઈ જતા શિક્ષણ વિભાગમાં દોડધામ મચી ગઇ હતી. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા પેપર ક્યાંથી લિક થયું તેની તાત્કાલિક તપાસ શરૂ કરાઇ હતી.જ્યારે પેપર લીક થવાના પગલે ગુરુવારે ધો.૧૧ ના સામાન્ય પ્રવાહના અંગેજી વિષયની પરિક્ષા રદ કરવામાં આવી હતી.

જેથી પરિક્ષા માટે જીલ્લાના ૭ સંકુલોમાંથી ડીસા તાલુકામાં મહર્ષિ કણાદ શાળા વિદ્યા સંકુલના હાથ નીચે ૫૨ જેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓના ૪૫૦૦ જેટલા વિધાર્થીઓ પરિક્ષા આપ્યા વગર પરત ફર્યા હતા.

જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પેપર ક્યાંથી લીક થયું તેની તપાસ શરૂ કરતા લાઈઝન ઓફિસર સહિત તમામ સ્ટાફ ડીસાની આદર્શ હાઈસ્કૂલ સ્થિત મહર્ષિ કણાદ શાળા વિદ્યા સંકુલ ખાતે દોડી આવ્યા હતા. અને તાલુકાના તમામ સેન્ટરો પરથી અંગ્રેજી વિષયના સીલ બંધ કવરમાં પેપરો મંગાવ્યા હતા.આ દરમ્યાન વરણ ગામના મહાકાળી વિધાયલય સ્કૂલનું કવર સીલ તૂટેલી હાલતમાં મળી આવ્યું હતું.આ મામલે શિક્ષણાંધિકારીએ શાળાના ઇનચાર્જ આચાર્ય ભમરાજી જાટ ની પૂછપરછ કરતા તેઓએ શાળામાં અંગેજી શિક્ષકના હોવાથી પેપરમાં કોઈ ભૂલ હોય તો સુધારો વધારો કરવા આ પેપરનું સીલ ખોલ્યું હોવાનો ખુલાસો કર્યો હતો.

જેથી શિક્ષણ વિભાગે તેમની સામે લેખિત ખુલાસો માગી કાયદેસરની કાર્યવાહી કરી મોડેથી તેઓને સસ્પેન્ડ કર્યા હતા.

### પાલનપુર એસ.બી.આઈ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા આ પ્રયાસોમાં સહભાગી થવા બદલ ગૌરવ અનુભવે છે. રૂા. ૧૦ લાખની રકમમાંથી સંસ્થાની તથા વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ અનેક વસ્તુઓ તેમના લાભાર્થે લેવામાં આવી છે. જેમાં સવિશેષ સોલર વોટર હીટર દલપુરા તથા સણાલી બંને પરિસરમાં કાર્યરત થઈ ચુકેલ છે. તેમજ સરકારની નિતીના અનુમોદન રૂપે સોલર રૂફ ટોપ મારફતે વીજળી મેળવી પર્યાવરણને મદદરૂપ થવાનો સંન્નિષ્ઠ પ્રયાસ કરેલ છે.

### આજથી બનાસકાંઠા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને કૌશલ્યની ચકાસણી કરી ગુણાંકન કરવામાં આવશે. બાળકોના વાચન કૌશલ્યપની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું ઓ.એમ.આર. શીટમાં ગુણાંકન કરવામાં આવશે. આ પ્રસંગે એસ.એમ.સી. ના સભ્યમશ્રીઓ, શિક્ષકો તેમજ વાલીઓ સાથે બેઠકો પણ કરવામાં આવશે. ગુણોત્સકવ કાર્યક્રમ સવારે ૮-૩૦ કલાકથી ૧૩-૪૦ કલાક સુધી યોજાશે.

### આત્મહત્યાના...

પાના નં.૮ ચાલુ

ટોણાં મારતાં દહેજની માગણી કરી શારીરીક માનસીક ત્રાસ આપતાં સંગીતા બા એ લગ્નના અગીયાર માસ બાદ આત્મહત્યા કરેલ. જે અંગે મરનારના સગા સબંધી હરપાલસિંહ અશોકસિંહ રહે.રંગપુર તા.ભીલોડા દ્વારા ફરીયાદ દાખલ કરાયેલ જે અંગે નો કેશ આજરોજ દીઓદર છઠ્ઠી એડીશનલ સેસન્સજજ પી.ટી.પટેલ સાહેબની કોર્ટમાં ચાલી જતાં મરણ પામનાર સંગીતા બાને આત્મહત્યા કરવા માટે મજબુર કરનાર આરોપી વિરૂધ્ધના પુરાવાઓ અને સરકારી વકીલ ડી.વી.ઠાકોરની દલીલોને ધ્યાને લઈ આરોપી પ્રદીપસિંહને સાત વર્ષની સજા અને સાત વર્ષનો દંડ ફટકારેલ છે.તેમજ અન્ય એક આરોપી સરવનસિંહ ઉત્તમસિંહ રહે.નાંદલા તા.ધાનેરા વાળાને નિર્દોષ જાહેર કરેલ છે.

### થરાદના શિવનગરમાંથી ...

પાના નં.૮ ચાલુ

ખેતર પાસે એક યુવક તેમજ યુવતીની મૃતદેહ તરતા હોવાના સમાચાર મળતાં ભારે હૈયે યુવતીના પરિવારજનો તળાવ ઉપર દોડી ગયા હતા. જ્યાં તરવૈયા સુલતાન મીરને બોલાવી મૃતદેહ બહાર કઢાવતાં તે જયશ્રીબેન તથા સુરેશભાઈના હોવાનું જોવા મળ્યું હતું. બંનેના મૃતદેહોને પીએમ અર્થે થરાદના સરકારી દવાખાને લવાયા હતા. જયશ્રીબેન તથા સુરેશભાઇ બંને કોઈપણ કારણસર તળાવમાં પડીને મૃત્યુ પામતા તેની ધોરણસર તપાસ થવા માટે યુવતીના ભાઈ દિપકભાઈ નરસીહભાઈ જેપાલે પોલીસ મથકમાં જાહેરાત આપતાં પોલીસે અકસ્માત મોત રજિસ્ટરે નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી આ બનાવથી થરાદ શહેરમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

## મહિલાઓને સદ્ધર બનાવવા મિશનની ભૂમિકા

# સેનિટેશન કાર્યક્રમ : ગુજરાતને તૃતિય એવોર્ડ એનાયત કરાયો

અમદાવાદ

મહિલાઓ આર્થિક રીતે સદ્ધર થાય તથા સ્વરોજગારી મેળવી શકે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનની રચના કરાઈ છે જે માટે રાજ્ય સરકારે ગુજરાતની મહિલાઓ માટે ગુજરાત શહેરી આજીવિકા મિશનની રચના કરી નોડલ એજન્સી કાર્યરત કરી છે જેના દ્વારા થતી વિવિધ જનજાગૃત્તિ પ્રવૃત્તિઓ તેમજ સ્વ-સહાયને લીધે મહિલાઓ સ્વાવલંબી બની છે. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ રાજ્યોની એરિયા લેવલ ફેડરેશનની સ્વચ્છતા અને સેનીટેશનની કામગીરી માટે ગુજરાતના અમદાવાદ શહેરીની ખોડિયારનગર, બહેરામપુરા વોર્ડના સખી સંઘે ત્રીજો ક્રમ મેળવી સ્વચ્છતા એક્સીલન્સ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે એમ નગરપાલિકા નિયામકની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુ જણાવ્યાનુસાર આ મિશન અંતર્ગત શહેરી ગરીબોને ૧૦ કે તેથી વધુ સભ્યો મળી સ્વ સહાય જૂથ બનાવી બચત કરાવવી, ફરતા ભંડોળની સહાય આપવી તથા લાભાર્થીને ધંધાર્થે વ્યાજની સહાય સાથે લોન આપવામાં આવે છે. એક શહેરના એક જ એરિયાના એક કરતા વધુ જૂથો મળીને એરિયા લેવલ ફેડરેશનની (સખી સંઘ) રચના કરવામાં આવે છે. આ એરિયા લેવલ ફેડરેશનના સભ્યો પોતાનું આર્થિક ધોરણ ઉંચુ લાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેના પરિણામે આ સફળતા મળી છે. ખોડિયારનગર બહેરારામપુરા વોર્ડ સખી સંઘ દ્વારા સ્વચ્છતાની કામગીરીમાં સક્રિય યોગદાન આપવામાં આવ્યું હતું અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પબ્લિક હેલ્થ વિભાગ સાથે સંકલન કરી સુકા અને ભીના કચરાના સેનિટેશનની કામગીરી કરવામાં આવે છે. જાહેર અને ખાનગી શૌચાલયની સાફ સફાઈ અને વ્યક્તિગત શૌચલાય ના હોય તેવા પરિવારોને વ્યક્તિગત શૌચાલય અર્થે સ્થાનિક સત્તા મંડળ સાથે પરામર્શ થકી નિરાકરણ કરાયું છે. ખુલ્લામાં શૌચ કરતા હોય તેવી જગ્યાઓ પર સખી સંઘની મહિલા સભ્યો દ્વારા લોકોને માર્ગદર્શન આપીને ઓપન ડેફીકેશન ફ્રી કરવામાં યોગદાન આપ્યું છે. જાહેર જગ્યાની સફાઈ-કચરા નિકાલમાં પણ આગવું પ્રદાન આપ્યું છે.

# અબ્બાસ મસ્તાન સંજય દત્તને લઈને નવી ફિલ્મ બનાવશે

અભિનેતા સંજય દત્તને લઈને અબ્બાસ મસ્તાન નવી ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. આ ફિલ્મ એક્શન અને સસ્પેન્સથી ભરપુર રહેશે. ફિલ્મના અન્ય કલાકારોના સંબંધમાં ટુંક સમયમાં જ નિર્ણય કરવામાં આવનાર છે. સંજય દત્ત હાલના દિવસોમાં પોતાની આવનાર ફિલ્મ સાહેબ બીબી ઔર ગૈંગસ્ટર્સમાં કામ કરી રહ્યો છે. તેની પાસે અન્ય કેટલાક મોટા પ્રોજેક્ટ પણ રહેલા છે. બીજી બાજુ એવા અહેવાલ આવ્યા છે કે અબ્બાસ મસ્તાનની નવી ફિલ્મને લઈને તમામ તૈયારી કરવામાં આવી ચુકી છે. ફિલ્મના બાકીના કલાકારોના સંબંધમા ટુંક સમયમાં જ નિર્ણય કરવામાં આવનાર છે. ટુંક સમયમાં જ અન્ય કલાકારોની પસંદગી કરી લેવામાં આવ્યા બાદ ફિલ્મના શુટિંગના સંબંધમાં નિર્ણય લેવામાં આવનાર છે. જો કે સંજય દત્તની પસંદગી તો પહેલાથી જ કરી લેવામાં આવી છે. એમ માનવામાં આવે છે કે ફિલ્મ આગામી વર્ષે ફલોર પર જશે. જો નિર્ધારિત કાર્યક્રમ મુજબ ફિલ્મ આગળ વધશે તો પ્રથમ વખત થશે જ્યારે સંજય દત્ત અબ્બાસ મસ્તાની સાથે ફિલ્મમાં રહેશે. અબ્બાસ મસ્તાન મોટા ભાગે સસ્પેન્સ અને થ્રીલર ફિલ્મ બનાવવા માટે જાણીતા રહ્યા છે. અબ્બાસ મસ્તાનની વિતેલા વર્ષોની મોટા ભાગની સસ્પેન્સ ફિલ્મ સફળ સાબિત થઈ ચુકી છે. તેમના ચાહક વર્ગમાં એક્શન ફિલ્મના શોખીન લોકો રહે છે. અબ્બાસ મસ્તાન મોટા ભાગે અક્ષય કુમાર, બોબી દેઓલ, સેફ અલી ખાન સાથે ફિલ્મ બનાવતા રહ્યા છે. સંજય દત્તની લોકપ્રિયતા હજુ સુધી અકબંધ રહી છે. તે મોટા ભાગે કોમેડી ફિલ્મમાં વધારે છવાયો છે. છતાં તેની જોરદાર એક્શન ફિલ્મો પણ આવી ચુકી છે. તે હજુ પણ આટલી વયમાં મુખ્ય અભિનેતા તરીકેની ફિલ્મો મેળવી રહ્યો છે. તેની છેલ્લે ભૂમિ ફિલ્મ આવી હતી. જેમાં તે અદિતી રાવના પિતાની ભૂમિકામાં હતો.

# મોની રોયની ફિલ્મ ગોલ્ડનુ શુટિંગ હવે પરિપૂર્ણ કરાયુ

ટીવી અભિનેત્રી મૌની રોય ગોલ્ડ ફિલ્મ મારફતે બોલિવુડમાં એન્ટ્રી કરી રહી છે. તેની ફિલ્મ હવે ૧૫મી ઓગષ્ટના દિવસે રજૂ કારશે. પ્રથમ જ ફિલ્મ તેને અક્ષય કુમારની સાથે મળી ગઈ છે. મૌનીએ પોતાની આવનારી ફિલ્મ ગોલ્ડના શૂટિંગને પૂર્ણ કરી લીધું છે. હાલમાં પટિયાલા ખાતે આ ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું હતું. અભિનેત્રી શહેરના લોકોને મળીને ખુબ જ ખુશ થઈ હતી. બીજી બાજુ અક્ષય કુમારનું કહેવું છે કે, પંજાબના લોકો અને ખાસ કરીને પટિયાલાના લોકોથી તે ખુબ જ પ્રભાવિત થયો છે. અક્ષય કુમારે સોશિયલ મિડિયા ઉપર ફોટાઓ પણ મુક્યા છે જેમાં અક્ષય કુમાર ચાહકોની સાથે નજરે પડી રહ્યો છે. ફોટાઓ રજૂ કરતા અક્ષય કુમારે કહ્યું છે કે, ગોલ્ડ એક શાનદાર ફિલ્મ છે. આ ફિલ્મની પટકથા તમામ લોકોને ગમશે. પટિયાલામાં શૂટિંગ કરતી વેળા લોકો સાથે રહેવાની ખુબ મજા પડી હતી. રિમા કાગતી દ્વારા નિર્દેશિત આ ફિલ્મ ગોલ્ડ આગામી વર્ષે ૧૫મી ઓગસ્ટના દિવસે રજૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. ગોલ્ડની પટકથા સ્વતંત્રતા બાદ વર્ષ ૧૯૪૮માં ૧૪મી ઓલિમ્પિક રમતો ઉપર આધારિત છે જેમાં ભારત દ્વારા જીતવામાં આવેલા પ્રથમ ચંદ્રકને લઈને ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પહેલા ફિલ્મનું શૂટિંગ લંડનમાં કરવામાં આવ્યું હતું. લંડન ઓલિમ્પિકને લઈને તમામ માહિતી એકત્રિત કરવામાં આવી હતી. ત્યારબાદ આ ફિલ્મનું શૂટિંગ લંડન અને આસપાસના વિસ્તારોમાં કરવામાં આવ્યું હતું. ટીવી સિરિયલોમાં ધૂમ મચાવી રહેલી મોની રોય આ ફિલ્મમાં અભિનેત્રી તરીકેની ભૂમિકા અદા કરી રહી છે. ફિલ્મ રિતેશ સિધવાની અને ફરહાન અખ્તરના બેનર હેઠળ બનાવવામાં આવી છે. એક્સેલ એન્ટરટેઈનમેન્ટના બેનર હેઠળ આ ફિલ્મ બનાવવામાં આવી રહી છે.

### ડેઝી શાહ

અનુસંધાન ૫ નું ચાલુ

શરૂઆત સલમાન ખાન સાથે જ કરી હતી. જય હો તેની કેરિયરની પ્રથમ ફિલ્મ હતી. જો કે આ ફિલ્મ સલમાન ખાનની અન્ય ફિલ્મોની જેમ રેકોર્ડ તોડી શકી ન હતી. જેથી ડેઝી શાહની વધારે નોંધ લેવાઈ ન હતી. સલમાને હાલમાં કહ્યુ હતુ કે તે રેસ-૩ ફિલ્મના કલાકારોને એક પછી એક રીતે રજૂ કરશે. તેના વચન મુજબ સલમાન આ દિશામનાં વધી રહ્યો હતો. જેક્લીન અને બોબી દેઓલને રજૂ કર્યા બાદ હવે ડેઝી શાહને રજૂ કરવામાં આવી છે. સલમાન ખાને પોસ્ટર શેયર કરતા કહ્યુ છે કે સિજિલિંગ સંજના જોરદાર ધડાકો કરવા માટે તૈયાર છે. ડેઝી શાહે સલમાનના ટ્વીટને રિટ્વીટ કરીને કહ્યુ છે કે આ ખતરનાક થઈ જવાનો સમય છે. શુ તમે આને સંભાળી શકશો. ફિલ્મમાં સલમાનના સહ સ્ટાર બોબીએ પોસ્ટર શેયર કરીને કહ્યુ છે કે તાકાત અને સુન્દરતામાં પરફેક્ટ કોમ્બિનેશનની સ્થિતી ડેઝીમાં જોવા મળી રહી છે. બોલ્ડ એન્ડ બ્યુટિફુલ ડેઝી દેખાઈ રહી છે. આ ફિલ્મના પોસ્ટર ઉપરાંત જેકલીન અને ડેઝી શાહ દ્વારા પોતાના સ્કવોશ સેસનમાં અનેક ફોટો પોતાના ચાહકો માટે રજૂ કર્યા છે. બન્ને અભિનેત્રી ફિલ્મને જોરદાર અને આકર્ષક બનાવવા માટે તમામ પ્રયાસ કરી રહી છે. હાલમાં આ ફિલ્મનુ શુટિંગ અબુ ધાબીમાં ચાલુ રહ્યુ છે. રેસ-૩ ફિલ્મમાં અનિલ કપુર અને સાકિબ સલીમ પણ મુખ્ય રોલમાં દેખાશે. આ ફિલ્મનુ નિર્દેશન રેમો ડિસુઝા દ્વારા કરવામાં આવી રહ્યુ છે. ફિલ્મ વર્ષ ૨૦૧૮માં જ રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મ વર્ષ ૨૦૧૮માં ઈદના પ્રસંગ પર રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં તમામ મશાલા ઉમેરવામાં આવી રહ્યા છે. આઈટમ સોંગમાં સોનાક્ષીને પણ લેવામાં આવી રહી છે. પ્રાપ્ત હેવાલ મુજબ રેસ-૩ અંગે વાત કરતા જાણકાર સુત્રોએ કહ્યુ છે કે સોનાક્ષી પોતાના હિસ્સાનુ શુટિંગ ટુંકમાં પૂર્ણ કરનાર છે. જેમાં સલમાન ખાન પણ તેની સાથે રહેશે. નિર્દેશક રેમો ડિસોઝાની ફિલ્મ સાથે જોડાયેલા સુત્રોએ કહ્યુ છે કે સોનાક્ષીના હિસ્સાનુ શુટિંગ આગામી મહિના સુધી હાથ ધરવામાં આવનાર છે. રેસની અગાઉની ફિલ્મો બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ છે. અગાઉના બન્ને ભાગમાં મુખ્ય રોલ સેફ અલી ખાને અદા કર્યો છે.સેફ પણ રોલમાં છવાયેલો રહ્યો હતો. ડેઝી શાહ પોતે માને છે કે સલમાન ખાન સાથે ફિલ્મ મળ્યા બાદ હવે તેની કેરિયરમાં નવો વળાંક આવી શકે છે..

### સંજય દત્ત

અનુસંધાન ૫ નું ચાલુ

રાજકુમાર હિરાની દ્વારા હાલમાં સંજય દત્તની બાયોપિક ફિલ્મ બનાવવામાં આવી રહી છે. આ ફિલ્મમાં સંજય દત્તની ભૂમિકા રણબીર કપુર દ્વારા અદા કરવામાં આવી રહી છે. ફિલ્મમાં બે ત્રણ અભિનેત્રી કામ કરી રહી છે. જેમાં દિયા મિર્જા, સોનમ કપુર અને અનુષ્કા શર્માનો સમાવેશ થાય છે. ફિલ્મ હાલના કાર્યક્રમ મુજબ ૨૯મી જુનના દિવસે રજૂ કરવાની યોજના છે.

દિયા પોતે ફિલ્મને લઈને આશાવાદી છે. તે સંજયદત્તની પત્નિ માન્યતાની ભૂમિકામાં નજરે પડનાર છે. દિયાએ રણબીરની પ્રશંસા કરતા કહ્યુ છે કે તે શાનદાર અભિનેતા તરીકે છે. તે કોઈ પણ એક્ટિંગ કરી શકે છે. તેને લઈને કોઈ બે મત નથી. તેની સાથે કામ કરવાથી ઘણુ જાણવા મળ્યુ છે. તે ખુબ કુશળ અને શાનદાર અભિનેતા છે. ફિલ્મમાં સંજય દત્તની પત્નિ માન્યતાની ભૂમિકા અદા કરી રહેલી દિયા મિર્જાએ કહ્યુ છે કે ફિલ્મ ખુબ શાનદાર રહેનાર છે.

# પ્રભાસ તેમજ શ્રદ્ધા કપુરની ફિલ્મ એપ્રિલમાં રજૂ કરાશે

શ્રદ્ધા કપુર અને બાહુબલી ફિલ્મના અભિનેતા પ્રભાસની જોડી હવે નવી ફિલ્મ સાહોમાં નજરે પડનાર છે. આ ફિલ્મનુ શુટિંગ હવે પૂર્ણ થવા આવ્યુ છે. ફિલ્મને હાલના કાર્યક્રમ મુજબ ૨૦મી એપ્રિલના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મનુ શુટિંગ હાલમાં ચાલી રહ્યુ છે. પ્રભાસ અને શ્રદ્ધા ફિલ્મમાં સાથે દેખાશે તેવા હેવાલ આવ્યા બાદ ચાહકોમાં ઉત્સુકતા વધી ગઇ છે.આ ફિલ્મ ત્રણ ભાષામાં બની રહી છે. જેથી ઉત્સુકતા વધી ગઈછે. હવે મળેલી માહિતી મુજબ ફિલ્મમાં અનેક હિન્દી ફિલ્મોના ટોપ સ્ટાર કામ કરવા જઈ રહ્યા છે. જેમાં જેકી શ્રોફ, ચંકી પાન્ડે અને મહેશ માંજરેકર કામ કરી રહ્યા છે. ટીનુ આનંદ પણ કામ કરી રહ્યા છે. ફિલ્મમાં વિજય કુમારના પુત્ર અને પ્લે બેક સિંગર અરૂણ વિજય પણ કામ કરનાર છે. ફિલ્મમાં મલયાલમ સ્ટાર મિસ્ટર લાલ પણ કામ કરી રહ્યો છે. ઉપરાંત નીલ નિતિન મુકેશની પણ ભૂમિકા છે. આફિલ્મ હાઈટેક એક્શન ડ્રામાં ફિલ્મ છે. ફિલ્મ હિન્દી, તમિળ અને તેલુગુ ભાષામાં બની રહી છે. ફિલ્મમાં હાઈટેક એક્શન સીન રાખવામાં આવ્યા છે. ફિલ્મની પટકથા સુજીતે લખી છે. નિર્દેશનની જવાબદારી પણ તે પોતે અદા કરી રહ્યા છે. આ ફિલ્મ એપ્રિલમાં રજૂ કરવામાં આવનાર છે. દેશભરમાં બાહુબલી નામથી પ્રભાસ વધારે ઓળખાય છે. તે ફિલ્મ જગતના સૌથી મોટા સ્ટાર તરીકે ઉભરી ચુક્યો છે.શ્રદ્ધા કપુરને પણ મોટી ફિલ્મ હાથ લાગી ગઈ છે.

ફિલ્મ શ્રદ્ધા કપુર માટે ઉપયોગી છે. પ્રભાસ સાથે ફિલ્મ આવ્યા બાદ શ્રદ્ધા કપુરની કેરિયરમાં તેજી આવી શકે છે. સાથે સાથે તેને દક્ષિણ ભારતની કેટલીક અન્ય મોટી ફિલ્મો હાથ લાગી શકે છે. બીજી બાજુ પ્રભાસ હવે હિન્દી ફિલ્મોમાં પણ એન્ટ્રી કરવાની તૈયારીમાં છે. કેટલાક નિર્માતા તરફથી તેને ઓફર કરવામાં આવી ચુકી છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૨૦૦-૩૯૪૦૦**
રૂપુ કાચું ૩૯૨૦૦-૩૯૪૦૦
સોનુ તોલો ૩૧૩૫૦-૩૧૪૫૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૯૦**
પામોલીન ૧૧૯૦
સોયા રીફાઈન ૧૪૨૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૮૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦**
સીંગતેલ ૧૫ લી.૧૪૭૦
**સીગતેલ ૫ લી. ૪૫૫**
તિરૂપતી કપા. ૧૩૮૦
૫ લીટર ૪૫૫
વનસ્પતિ ઘી ૧૩૬૫
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૨૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફલાય ૧૩૦૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૦૦
૨ લી. ૧૬૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૦૦-૩૪૫૦**
**ખાંડ એમ. ૩૫૦૦-૩૪૫૦**
ખાંડએલ. ૩૫૦૦-૩૬૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૧૪૦૦-૧૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૦૦-૮૪૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
**ભીંડા ૭૦૦-૮૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૫૦૦-૧૦૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૮૦૦-૧૬૦૦
બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**
તુવેર ૬૦૦-૮૦૦

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :.......................... પતિ/પિતા :..........................
માતા : ..........................જ.તા. ..................ઉ.વ.
પરિચય: ..........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ..............................................

## બહુચરાજીમાં વોટર એ.ટી.એમ.નો પ્રારંભ

ચાણસ્મા

મારૂતિ સુઝુકી ઈન્ડીયાલી દ્વારા કમ્યુનિટી ફોર ડ્રીકીંગ વોટર પ્રોજેક્ટ અંતર્ગત બહુચરાજી ગ્રામ પંચાયતમાં રૂા.૨૦ લાખના ખર્ચે વોટર એટીએમ શરૂ કરાયું છે. જેનું ઉદઘાટન જિલ્લા કલેકટર એચ.કે પટેલના હસ્તે રિબીન કાપીને કરાયું હતું. સરપંચ દેવાંગ પંડ્યા ધારાસભ્ય ભરતજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય રજનીભાઈ પટેલ, મારૂતિ સુઝુકી કંપનીના રાજેશ યાદવ રામ મહાદેવીયા, મંદિર ટ્રસ્ટના ટ્રષ્ટીઓ વગેરે હાજર રહ્યા હતા.

## રાધનપુરમાં ધો.૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

રાધનપુર

શ્રી હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજયોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એમ.એમ.ઝોટા પ્રા.શાળામાં ધો.૮ ના બાળકોનો વિદાય સમારોહ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કરના હસ્તે યોજવામાં આવ્યો. શાળાના આચાર્ય રેખાબેન ઠક્કરે આ પ્રસંગે બાળકોની જોડે આટલા વર્ષોના સ્મરણોની યાદ અપાવી હતી. આ પ્રસંગે ધો.૮ ના વિદ્યાર્થીઓ તન્ના વિધિ, પટેલ ક્રિના તથા ઠક્કર ભાવિકે પોતાના આટલા વર્ષોના મંતવ્યો રજુ કર્યા હતા તથા બાળકોએ વિદાયગીત ગાયા હતાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સુપરવાઈઝર દિપાબેન ઠક્કરે તથા નયનાબેન ઠક્કરે કર્યુ હતું. ટ્રસ્ટના પ્રમુખ ડૉ.મહેશભાઈ મુલાણી, ઓનેરી સેક્રેટરી ડૉ.નવિનભાઈ ઠક્કર તથા કોષાધ્યક્ષ ધીરૂભાઈ પી.ઠક્કર (પંપવાળા) એ સર્વે બાળકોને શુભકામના પાઠવી હતી.

## હિંમતનગરમાં તસ્કરો દરવાજાનું તાળું તોડી રૂ.પ લાખની મત્તા ચોરી પલાયન

હિંમતનગર

હિંમતનગરની મહાવીરનગરની શાંતિનગર સોસાયટીમાં ઘરના મોભીનું અવસાન થતાં પરિવાર છેલ્લા ૧૩ દિવસથી વતનમાં ગયેલ હતો. દરમિયાન ઘરનું પાછળનો દરવાજો તોડી તસ્કરો રૂ.પ લાખથી વધુની મત્તાની ચોરી કરીને લઇ જતાં એડિવિઝન પોલીસે બુધવારે સાંજે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. શહેરના મહાવીરનગરની શાંતિનગર સોસાયટીમાં હિંમત હાઈસ્કૂલ -૨ નજીક રહેતા રાહૂલભાઇ હરેશભાઇ પંડ્યાના પિતાનું અવસાન થતાં મરણોપરાંત વિધિ માટે ૧૩ દિવસથી બાયડના ડેમઈ ખાતેના વતનમાં ગયા હતા. રાહૂલભાઇના જણાવ્યાનુસાર, બુધવારે ઘરનું કામકાજ કરતી મહિલાએ ફોન કરીને જણાવ્યુ હતુ કે, ઘરના પાછળનો દરવાજો તૂટેલો છે અને ઘરના કબાટ તિજોરીઓનો સામાન ડાયનીંગ ટેબલ સહિત વેર વિખેર પડ્યો છે.

## ઉનાળામાં અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરીત અસરોથી બચવા માર્ગદર્શિકા

પાટણ

પાટણ જિલ્લાના આરોગ્ય ખાતા દ્વારા હીટવેવ અને અસહ્ય ગરમીથી બચવા માર્ગદર્શન આપ્યુ છે. એક યાદીમાં જણાવ્યા અનુસાર વધુ પડતી ગરમી મનુષ્યના આરોગ્યને હાનિકર્તા છે. ચાલુ વર્ષની શરૂઆતમાં જ દિવસના તાપમાનમાં વધારો થઇ રહ્યો છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટ્રોક)ના કેસો નોંધાતા હોય છે. જેમાં સમયસરની સારવાર લેવામાં ના આવે તો તે જીવલેણ સાબિત થઇ શકે છે. લુ લાગવા (સન સ્ટ્રોક) ના કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન ખુબ વધી જાય છે. વાતાવરણનું તાપમાન ઉંચુ હોવાથી પરસેવો ખુબ વધારે થાય છે. અને જેના કારણે શરીરનું તાપમાન ઘટી શકતું નથી. જે વ્યક્તિના આરોગ્ય ઉપર વિપરીત અસરો કરે છે. આ અસરોમાં શરીર અને હાથ પગમાં અસહ્ય દુ:ખાવો થવો, ખુબ તરસ લાગવી, ગભરામણ થવી, ચક્કર આવવા, શ્વાસ ચઢવો, હ્યદયના ધબકારા વધી જવા જેવી સમસ્યાઓ ઉભી થાય છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મજુરી કરીને જીવન ગુજારતા મજુરોમાં સન સ્ટ્રોકની વધુ અસર થાય છે. અને કયારેક તે જીવલેણ પણ સાબીત થાય છે. ગત વર્ષોમાં રાજયના અમુક જિલ્લાઓમાં સન સ્ટ્રોકના કારણે મૃત્યુ નોંધાયા હતા. સન સ્ટ્રોક (લુ) થી બચવા જાહેર જનતાને આ મુજબની સુચનાઓ આપવામાં આવે છે કે ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું, ઉનાળાની ઋતુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઇએ, નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશકત વ્યક્તિઓએ તડકામાં ફરવું નહી, દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં પણી પીવું. શકત હોય તો લીબુનું શરબત બનાવીને પીવું જોઇએ, ભીના કપડાથી માથું ઢાકી રાખવું અને જરૂર જણાયે અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછવું, ગરમીની ઋતુ દરમ્યાન બને ત્યાં સુધી ભુખ્યા ન રહેવું, માથાનો દુ:ખાવો, બેચેની, ચક્કર, ઉબકાં કે તાવ આવે તો તુર્ત જ નજીકના દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોકટરની સલાહ અને સારવાર લેવી તેમ અધિક નિયામક(આરોગ્ય), ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ધાનેરા** | બાજરી | ૨૬૦-૩૨૫ |
| એરંડા | ૭૧૫-૭૭૭ | | **થરા** |
| રાયડો | ૬૫૦-૭૪૧ | જીરૂ | ૨૪૫૦-૩૧૫૦ |
| ઘઉં | ૨૯૧-૩૫૦ | એરંડા | ૭૭૫-૭૯૦ |
| બાજરી | ૨૪૦-૨૮૫ | રાયડો | ૬૯૦-૭૧૦ |
| જવ | ૨૭૬-૪૪૧ | ઘઉં | ૨૯૩-૩૮૦ |
| રાજગરો | ૮૧૧-૯૫૧ | ગવાર | ૭૧૮-૭૨૦ |
| જીરૂ | ૨૫૦૦-૨૮૩૫ | બાજરી | ૨૪૦-૨૪૯ |
| વરી. | ૯૦૦-૧૨૫૦ | | **સિદ્ધપુર** |
| ઈસ. | ૧૦૦૦-૧૪૧૦ | જીરૂ | ૧૧૦૦-૨૬૦૧ |
| સુવા | ૬૫૦-૮૫૧ | વરી. | ૧૧૨૨-૧૨૫૫ |
| અન્ય | ૭૪૯-૧૨૩૮ | ઘઉં | ૨૯૦-૪૮૬ |
| તલ | ૧૩૨૧-૧૪૦૫ | એરંડા | ૭૫૦-૭૮૭ |
| સરસવ | ૭૦૦-૮૨૨ | રાયડો | ૬૨૦-૭૪૦ |
| ગવાર | ૭૧૯-૭૫૩ | મેથી | ૪૬૮ |
| મેથી | ૫૫૦-૬૪૧ | બાજરી | ૧૮૫-૨૭૨ |
| | **થરાદ** | જુવાર | ૯૫૯-૧૦૦૫ |
| રાયડો | ૬૯૦-૭૩૪ | જવ | ૨૭૩-૨૯૬ |
| એરંડા | ૭૭૦-૭૮૨ | સવા | ૭૪૫-૯૦૦ |
| જીરુ | ૨૫૦૦-૩૦૫૦ | | **પાટણ** |
| મેથી | ૬૦૦-૧૨૪૬ | જીરૂ | ૨૩૦૦-૨૭૯૨ |
| ગવાર | ૭૩૧-૭૫૩ | વરી. | ૧૦૩૦-૧૯૭૦ |
| ઈસબગુલ | ૧૩૦૦-૧૬૨૫ | મેથી | ૪૪૦-૬૫૦ |
| ધાણા | ૭૦૦-૮૮૦ | સુવા | ૭૫૦-૮૭૦ |
| વરિયાળી | ૯૦૦-૧૩૫૦ | રાયડો | ૬૨૦-૭૩૪ |
| સુવા | ૬૫૧-૮૫૦ | એરંડા | ૭૭૦-૭૮૫ |
| | **રાહ** | અજમો | ૫૦૦-૯૭૧ |
| રાયડો -૬૯૦-૭૧૧ | | ઘઉં | ૨૯૫-૩૯૩ |
| એરંડા | ૭૭૫-૭૮૬ | બાજરી | ૧૯૦-૨૪૩ |
| ચિકુડી | ૧૦૫૦-૧૧૮૦ | રાજગરો | ૭૩૦-૮૮૯ |
| વરિયાળી | ૧૧૫૦-૧૩૬૦ | જુવાર | ૭૪૫ |
| સોવા | ૭૮૦-૮૫૦ | કપાસ | ૭૩૦-૧૦૪૭ |

# બહુચરાજી એસ.ટી.ડેપોને ચૈત્રી મેળાની ૯.૫૮ લાખની આવક

### ડેપોને પ્રથમવાર માતબર આવક થઈ

પ્રતિ. ચાણસ્મા

યાત્રાધામ બહુચરાજી એસ.ટી. ડેપો દ્વારા ચૈત્ર માસના લોકમેળા દરમ્યાન રૂા.૯.૫૮ લાખની માતબર આવક મેળવી દર વર્ષ કરતાં પણ ચાલુ વર્ષે સૌથી વધુ આવક મેળવવામાં આ ડેપોએ મોખરાનુ સ્થાન મેળવ્યુ છે.

ચાલુ વર્ષે તા.૨૯/થી તા.૩૧/માર્ચના ત્રણ દિવસીય લોકમેળો માં બહુચરના ધામ બહુચરાજી ખાતે યોજવામાં આવ્યો હતો. જે મેળો એસ.ટી.તંત્ર માટે ટંકશાળ સાબીત થયો છે. આ લોકમેળામાં ઉત્તર ગુજરાત સહિત રાજયમાંથી મોટી સંખ્યામાં વાહનો તેમજ પગપાળા દ્વારા ભક્તોનું ઘોડાપુર ઉમટી પડે છે. આ ડેપોમાં મુસાફરોના આવન જાવન માટે મહેસાણા એસ.ટી. વિભાગીય અધિકારી યોગેશ પટેલના માર્ગદર્શન નીચે ૬૪ બસો દ્વારા કુલ ૫૦૪ ટ્રીપો દોડાવવામાં આવી હતી. જેમાં ૨૮,૮૫૯ કિંમીનુ સંચાલન કરવામાં આવ્યું હતું. જેનો ૩૨,૭૬૮ યાત્રીકોએ લાભ લીધો હતો. જે પેટે એસ.ટી.તંત્રાને રૂા.૯,૫૮,૪૯૬ની આવક થઈ હતી. મેળા દરમ્યાન તમામ વહીવટી સ્ટાફ તેમજ ડ્રાઈવર/ કંડક્ટરની મહેનતથી આજદિન સુધીના બહુચરાજી ખાતે ભરાતા મેળામાં સૌથી વધુ આવક થઈ હોવાનું બહુચરાજી ડેપો મેનેજર ભાવેશ વૈધે જણાવ્યું હતું. મહેસાણા એસ.ટી. વિભાગીય અન્ય ડેપોની ૧૮ બસ ફાળવવામાં આવી હતી.

અમદાવાદ, કડી બહુચરાજી, રણુંજ, રેલ્વેલાઈન ને મીટરગેજમાંથી બ્રોડગેજમાં રૂપાંતર કરવાની મંજુરી મળવાને કારણે હાલમાં આ રેલ્વે સેવા સદંતર બંધ કરવામાં આવી છે. જેના કારણે પુનમ નિમિત્તે સ્પેશ્યલ રેલ્વે ટ્રેન સેવા શરૂ કરવાનું શક્ય બન્યુ ન હતુ. જેના કારણે એસ.ટી. સત્તાવાળાઓએ અગાઉથી જ મુસાફરોના ઘસારાને પહોંચી વળવા માસ્ટર પ્લાન બનાવ્યો હતો. જેતી ચાલુ વર્ષે ચૈત્રી પુનમના મેળાના ઈતિહાસમાં સૌથી વધુ આવક ચાલુ વર્ષે થવા પામી હતી.

## ચાણસ્મા નર્મદા યોજનાના કાર્યપાલક ઈજનેરને વિદાયમાન અપાયું



પાટણ

ચાણસ્મા ખાતે કાર્યપાલક ઈજનેર નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ-૩ ના ઈજનેર સન્મુખભાઈ એન. રાવલનો વયનિવૃત વિદાય સમારંભ યોજાઈ ગયો. આ પ્રસંગે તેમની જગ્યાએ નવીન આવેલ ઈજનેર જે.કે. વૈદ્યનો સન્માન સ્વાગત કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદાય લઈ રહેલ એસ.એન.રાવલને સ્ટાફમિત્રો દ્વારા સ્વાગત તથા સાલ તથા મોમેન્ટો આપી વિદાયમાન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્ટાફના રજનીભાઈ પટેલ, આર.જી. પટેલ, ડી.એચ. જોષી, અરવિંદભાઈ પટેલ, જયંતિ ભાઈ પટેલ તથા કિશનભાઈ પટણી વગેરે સ્ટાફ ખાસ હાજર રહ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન સ્ટાફના નરેશભાઈ મોદીએ કર્યુ હતુ અને આ સુંદર કાર્યક્રમ ચાણસ્મા ફુલબાઈ મંદિર પરિસર ખાતે રાખવામાં આવ્યો હતો.

## પાટણ જિલ્લામાં એપ્રિલ-૨૦૧૮ દરમ્યાન રોજગાર કચેરી, પાટણ દ્વારા નામ નોંધણી કેમ્પનું આયોજન

પાટણ

પાટણ જિલ્લામાં વિવિધ તાલુકા મથકોએ નામ નોંધણી, રીન્યુઅલ અને વ્યવસાય માર્ગદર્શન કેમ્પનું આયોજન કરાયું છે. રોજગાર વાચ્છું ઉમેદવારોની નામ નોંધણી, રીન્યુઅલ અને વ્યવસાય માર્ગદર્શન આપવા માટે તા.૦૬/૦૪/૨૦૧૮ ના રોજ તાલુકા પંચાયત કચેરી-હારીજ, તા.૦૯/૦૪/૨૦૧૮ ના રોજ ગ્રામ પંચાયત કચેરી, સમી, તા.૧૨/૦૪/૨૦૧૮ ના રોજ તાલુકા પંચાયત કચેરી-સિધ્ધપુર, તા.૧૪/૦૪/૨૦૧૮ ના રોજ તાલુકા પંચાયત કચેરી-ચાણસ્મા, તા.૧૭/૦૪/૨૦૧૮ ના રોજ ગ્રામ પંચાયત કચેરી-સાંતલપુ, તા.૨૨/૦૪/૨૦૧૮ ના રોજ તાલુકા પંચાયત કચેરી-રાધનપુર અને તા.૨૯/૦૪/૨૦૧૮ ના રોજ ગ્રામ પંચાયત કચેરી-વારાહી ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

નામ નોંધણી માટે આવનાર ઉમેદવારોએ એલ.સી. તથા જો અનામત જાતિમાં આવતા હોય તો સક્ષમ અધિકારીનો જાતિનો દાખલો, શૈક્ષણિક લાયકાતના તમામ અસલ પ્રમાણપત્રો અને પ્રમાણિત કરેલ તમામ પ્રમાણ પત્રોની ઝેરોક્ષ નકલ, ઇ-મેઇલ આઇડી તથા પાસપોર્ટ સાઇઝના બે ફોટોગ્રાફ સાથે લાવવા તેમજ જિલ્લા રોજગાર અધિકારી, પાટણની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## રાધનપુરમાં ભાજપના જન્મદિનની ધૂમધામથી ઉજવણી થશે


કમલ ચક્રવર્તી

રાધનપુર

ભાજપનો જન્મદિન તા.૬ એપ્રિલે હોવાથી જન્મદિનની ઉજવણી ધૂમધામથી કરવા માટે તેના આયોજન માટે યુવા ભાજપની એક બેઠક માર્કેટ યાર્ડના સભાખંડમાં યોજવામાં આવી હતી. પ્રદેશ પ્રતિનિધિ ભરતભાઈ રાજગોર, જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી, જિલ્લા ભાજપ યુવા પ્રમુખ નિલેશભાઈ રાજગોર, તાલુકા યુવા પ્રમુખ લાખાભાઈ રબારી, શહેર યુવા પ્રમુખ ચીકાભાઈ રબારી તેમજ તાલુકા અને શહેરના યુવા કાર્યકરોની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં રાધનપુર શહેરમાં મીરા દરવાજા પાસે સમગ્ર વિસ્તારને શણગારીને અલગ-અલગ કાર્યક્રમો યોજીને ભાજપના જન્મદિનની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.અને યુવા કાર્યકરોને આ માટે કામગીરી સોંપવામાં આવી હતી. શહેર યુવા પ્રમુખ ચીકાભાઈ રબારીના જણાવ્યા મુજબ શહેરમાં અલગ-અલગ વોર્ડમાં કાર્યક્રમો રાખીને ઉજવણી કરવામાં આવનાર છે. આ કાર્યક્રમોમાં પક્ષના પદાધિકારીઓ ઉપસ્થિત રહીને માર્ગદર્શન પૂરું પડશે.

### બહુચરાજી ગ્રામ પંચાયતને ટ્રેકટર અર્પણ

ચાણસ્મા

બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા સ્વચ્છ ભારત સ્વચ્છ ગામ અંતર્ગત સ્થાનિક ગ્રામ પંચાયતને ટ્રેકટર સહિત સ્વચ્છતાના સાધનો ભેટ આપવામાં આવે છે જે મુજબ જિલ્લા કલેક્ટર એચ.કે પટેલના હસ્તે સરપંચ દેવાંગ પંડ્યાને ટ્રેક્ટરની ચાવી અર્પણ કરાઈ હતી. આ પ્રસંગે ધારાસભ્ય ભરતજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ રણજીતજી ઠાકોર પૂર્વ ધારાસભ્ય રજનીભાઈ પટેલ ટ્રસ્ટીઓ વગેરે હાજર રહ્યા હતા.

# સરકારી પોલિટેકનિક કોલેજ, હિંમતનગર ખાતે રોજગાર ભરતીમેળો યોજાયો


સતીષ ભટ્ટ

હિંમતનગર

જિલ્લા રોજગાર કચેરી, હિંમતનગર અને પોલિટેકનિક કોલેજના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાનો રોજગાર ભરતીમેળો તા. ૦૫/૦૪/૨૦૧૮ ના પોલિટેકનિક કોલેજ,મોતીપુરા-હિંમતનગર ખાતે યોજાયેલ હતો. જેમા ૯૧૫ ઉમેદવારો અને ૨૫ નોકરીદાતાઓ હાજર રહી કુલ ૬૮૫ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરી થાળે પાડવાના પ્રયત્નો કરવામાં આવેલ. આ ભરતીમેળામાં હાજર રહેલ મહાનુભાવો પૈકી શ્યામસુંદર સલુજા, પ્રમુખ GIDC અસોશીએશન, હિંમતનગર, પિન્સિપાલ સરકારી પોલિટેકનિક કોલેજ, હિંમતનગર, પ્રિન્સિપાલ આઈ.ટી.આઈ, હિંમતનગર, એન.એ.પટેલ, પ્રિન્સિપાલ, આઈ.ટી.આઈ એ એપ્રેન્ટીસ યોજનાની વિગતવાર માહિતી આપતાં હાજર રહેલ આઈ.ટી.આઈ પાસ ઉમેદવારોને એપ્રેન્ટીસ યોજના અન્વયે સરકાર દ્વારા આપવામાં આવતા લાભોની જાણકારી આપી એપ્રેન્ટીસ તરીકે જોડાવા જણાવ્યુ. તેમજ જિલ્લા રોજગાર કચેરીના કેરિયર કાઉન્સેલર સંદિપ જે જોષી એ ઉમેદવારોને ભારત સરકારના મોડેલ કેરિયર સેન્ટર અંગે વિસ્તૃત માહિતી આપી હતી અને ઉમેદવારોનું કાઉન્સેલિંગ કરી સાંપ્રત સમયને ધ્યાનમાં રાખીને સ્કીલ,કેરિયર પસંદગી જેવા વિષયો પર ચર્ચા કરી ઉમેદવારોને માહિતગાર કર્યા હતા. તેમજ ઉમેદવારોએ પણ ખૂબ રસ પૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત જિલ્લા રોજગાર અધિકારી આઈ. આર.મલેક દ્વારા ઉમેદવારોને પ્રવર્તમાન સમયમાં ખાનગી ક્ષેત્રે ઝંપલાવી પોતાની કારકિર્દી ઉજ્જવળ બનાવવા પર ભાર મુક્યો. તેમજ જાહેરક્ષેત્રે રોજગારીની ઘટતી તકો સામે નવા ઉભા થનાર ખાનગી ક્ષેત્રોના એકમોમાં વિપુલ પ્રમાણમાં કુશળ-બિનકુશળ કામદારોની ઘટ સામે પોતાને જોડી એક અગ્રેસર કુશળ ગુજરાતનું નિર્માણ કરવા આહવાન કરલું હતું. જયારે અન્ય હાજર રહેલ જુદા- જુદા ક્ષેત્રના નોકરીદાતાઓએ આ રોજગાર ભરતીમેળાના કાર્યક્રમને આવકારતા સરકારના શ્રમ અને રોજગાર વિભાગના આ ભગીરથ પ્રયાસોની પ્રસંશા કરી હતી. ઉમેદવારોને ખાનગીક્ષેત્રે હાલમાં અને ભવિષ્યમાં વિપુલ પ્રમાણમાં ઉભા થનાર માનવ બળની જરૂરીયાતની જાણકારી આપી હતી.

આ ઉપરાંત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના આસી. પ્રોજેક્ટ મેનેજર ગોહિલે યુવાનોને પ્રોત્સાહિત કરતાં તેમના દ્વારા આપવામાં આવતી તાલીમોની માહિતી આપી ઉમેદવારોને સ્વરોજગાર કરી પગભર થવા સૂચવ્યું હતું.

## દ્વિ-દિવસીય ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની ૧૩૨૦ શાળાઓના બાળકોનું મૂલ્યાંકન કરશે

હિંમતનગર

સમગ્ર રાજયમાં આજથી દ્વિ-દિવસીય ગુણોત્સવ કાર્યક્રમનો પ્રારંભ થનાર છે જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના આઠ તાલુકાની ૧૩૨૦ શાળાના બાળકોનું મુલ્યાંકન કરશે.

તારીખ ૬ અને ૭ એપ્રિલ ૨૦૧૮ દરમિયાન હિંમતનગર તાલુકાની ૨૫૩ પ્રાથમિક શાળાઓ, પ્રાંતિજની ૧૨૪, તલોદની ૧૬૪, ઈડરની ૨૩૧, વડાલીની ૧૦૯, ખેડબ્રહમાની ૧૭૮, પોશીનાની ૧૨૩ અને વિજયનગર તાલુકાનાની ૧૩૮ પ્રાથમિક શાળાઓના બાળકોનું વાંચન, લેખન અને ગણનનું મુલ્યાકંન કરાશે જેમાં સિંચાઇ અને પાણી પુરવઠા મંત્રી પરબતભાઇ પટેલ હિંમતનગર શહેરની મહેતાપુરા પ્રાથમિક શાળાના બાળકોનું મુલ્યાંકન કરશે, અને ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોશનના અધ્યક્ષશ્રી, શ્રીમતી રમીલાબેન બારા વિજયનગર તાલુકાના અંદ્રોખા પ્રાથમિક શાળાના બાળકોનું મુલ્યાંકન કરશે. હિંમતનગર તાલુકાના હડિયોલ અને મોટી ડેમાઇ ખાતે અશ્વિનીકુમાર એસ. સેક્રેટરીશ્રી ઓફ ચીફ મિનિસ્ટર બાળકોનું વાંચન, લેખન અને ગણનનું મુલ્યાકંન કરશે.

## રાધનપુર તાલુકાની કોલાપુર શાળાના ભુલકાંઓએ દાડમની ખેતીની જાણકારી મેળવી


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના કોલાપુર ગામની પ્રાથમિક શાળાના ભુલકાંઓએ ગામમાં જ આવેલા દાડમના ફાર્મની મુલાકાત લઈને બાગાયતી ખેતીમાં દાડમની ખેતી કેવી રીતે થાય છે,આ ખેતીમાં ક્યારે પાણી આપવું જોઈએ અને કેટલા સમયે દવા નાખવી અને વર્ષેદહાડે કેટલો પાક મળે અને તેમાંથી કેટલી આવક થઇ શકે તેની વિસ્તૃત જાણકારી પ્રગતિશીલ ખેડૂત લાખાભાઇ રબારી દ્વારા ભુલકાઓને આપવામાં આવી હતી.આ પ્રસંગે શાળાના શિક્ષકો અનિલભાઈ ઠાકોર,કનુભાઈ પંડયા સહીત સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો,અને જાણકારી મેળવી હતી.

## ઊંઝામાં રહેણાંક મકાનમાંથી રૂા. ૨.૮૫ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ઊંઝા

ઊંઝા શહેરમાં ડાભીયાના ખાંચામાં આવેલ એક રહેણાંક મકાનમાં મહેસાણા એલ.સી.બી. પોલીસે દરોડો પાડી પરપ્રાંતની બનાવટની ઈંગ્લીશ દારૂની બાટલીઓનો જથ્થો તથા બિયરના ટીન મળી કુલ ૨,૮૫,૩૦૦ ની કિંમતની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી આ સંદર્ભે સ્થાનિક બે શખ્સો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

વિગત એવી છે કે, ઊંઝા ખાતે ડાભીયાના ખાંચામાં આવેલ એક રહેણાંક મકાનમાં ગેરકાયદેસર દારૂનો જથ્થો રાખેલ હોવાની બાતમીના આધારે મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાંચે સાંજના સમયે અચાનક દરોડો પાડ્યો હતો. જયાં મકાનની અંદરથી પરપ્રાંતની બનાવટની ઈંગ્લીશ દારૂની ૧૨૭૩ નંગ બાટલીઓ તથા બિયરના ટીન નંગ - ૬૦૦ મળી આવતા પોલીસે કુલ રૂપિયા ૨,૮૫,૩૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ સમયે એક આરોપી ફરાર થઈ ગયો હતો. જયારે બીજો આરોપી ગેરહાજર મળી આવ્યો ન હતો.

આ અંગે મહેસાણા એલ.સી.બી. પોલીસે ઊંઝા પોલીસ મથકે બે શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે પટેલ પિયુષ ઉર્ફે બાબુભાઈ જયંતિભાઈ તથા પટેલ નરેશ બાબુલાલ બંને રહે. ઊંઝા સામે, પ્રોહિબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. જયારે આજે સવારે મહેસાણા એલ.સી.બી.એ શહેરમાં સટ્ટા હોલની બાજુમાં ભેમાતપોળ મહોલ્લાની બાજુમાં રહેતા પટેલ નિલેશ મણીલાલ નારણદાસના રહેણાંક મકાનમાં પવન ઈન્દ્રમલ મારવાડી રહે. ઊંઝાએ દારૂ અને બિયરનો જથ્થો ઉતારી તેનું વેચાણ કરી રહેલ છે. તેવી હકીકતના આધારે સદર મકાનમાં દરોડો પાડી મકાનની અંદર બેડરૂમની દિવાલે મોટા કબાટની અંદર છુપાવેલ દારૂની ૯૬ નંગ બાટલીઓ તથા બિયરના ટીન નંગ-૨૦૭ કિંમત રૂપિયા ૬૩,૯૦૦ નો મુદ્દામાલ કબજે કરી સ્થળ પરથી પટેલ નિલેશ મણીલાલને ઝડપી લીધો હતો. આ અંગે પોલીસે દારૂના ધંધાર્થી પવન ઈન્દ્રમલ મારવાડી અને નિલેષ પટેલ વિરૂધ્ધ પ્રોહિ.એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઊંઝા અને ઉનાવા પોલીસ મથકોની હદમાં છેલ્લા ઘણા વખતથી દેશી વિદેશી દારૂ, જુગારના અડ્ડાઓ, નશીલા પદાર્થોનું વેચાણ તેમજ અન્ય સમાજ વિરોધી બદીઓ અનિયંત્રિતપણે ફુલીફાલી હોઈ લોકો ત્રાસ પોકારી ઉઠ્યા છે.